પીંરઝાદા બાવામીંયાં

ઇલમ પાછળ કુરબાન થએલો શહીદ!

II

1930

Reg IV

ગ્રંથ પ્રસિધ્ધ કરનારઃ—

મુનશી ઉમરજી મોહંમદભાઇ કારેલીઆવાળા.

ઇ. સ. ૧૯૩૦ ફેબ્રુઆરી. હી. સ. ૧૩૪૮ શવ્વાલ.

પ્રત ૧૦૦૦

સુરત બરહાનપુરી ભાગળ બાજરાવાળી પોળમાં આવેલા શ્રી ''અંબિકા વિજય.'' પ્રી પ્રેસમાં હરગોવનદાસ ભુરકીશનદાસે છાપ્યું.

આ પુસ્તક મળવાનું ઠેકાણું.

મનસુરી મુહંમદ રસુલભાઇ માસ્તર.

ઠે. પીંજારવાડામાં મુ. કડી. ઉત્તર ગુજરાત.

પીરજાદા બાવામીયાં સાહેબ

ચિશ્તીયા બગીચાનું એક કવખત કરમાઇ ગએલું ફુલ

ઈલમ પાછળ કુરબાન થએલો શહીદ !

માંગરોળની ગાદીવાળા નામદાર મૌલાના પીર મોટામીયાં સાહેબના ભાણેજ અને પીર હુસેનમીયાં સાહેબના એકના એક દિકરા પીરજાદા બાવામીયાં સાહેબ અઢાર વરસની ઉમરે મુંબાઇ યુનીવરસીટીની મેટ્રીકની પરિક્ષા પાસ કરી ઘેરથી લગભગ એક હજાર માઇલ દુર અલીગઢ મુસલિમ યુનીવરસીટીની કોલેજમાં વધુ અભ્યાસ માટે ગયા હતા ત્યાં સારી રીતે આગળ વધતા હતા તેવામાં સખત તાવની બીમારી લાગુ પડવાથી તા૦ ૧૩ નવેમ્બર ૧૯૨૯ના રોજ ત્યાંજ ઓગણીસ વરસની ભર જુવાન ઉમરે પરદેશમાં ગુજરી ગયા અને તેમની લાશને ત્યાંથી કડી લાવી સરકારી ઇસ્પીતાલ પાસે બાલાપીરવાળી જગામાં દફનાવવામાં આવી. તેમનો જન્મ તા૦ ૬-૯-૧૯૧૧ના રોજ માંગરોળમાં થયો હતો પણ નાનપણથીજ તેઓ પોતાના વડીલોના વતન કડીમાં રહી ઇ.ભ્યાસ કરી મેટ્રીકમાં પાસ થયા હતા.

તેઓ અજમેર શરીફવાળા મહાન ખ્વાજા સાહેબના ચિશ્તીયા સિલસિલાના મહાન ઔલીયા હજરત બાબા ફરીદ સાહેબની ઓલાદના હતા અને ઇલમના સાચા ખાહેશમંદ હોઇ ખરા વિદ્યાવિલાસી હતા. આ જમાનો ઈલમ—વિદ્યાનો છે તેથી તેમની હકીકત યુવકોમાં વિદ્યાનો શોખ તાજો રાખે એ હેતુથી આ નાનકડું પુસ્તક લખવામાં આવ્યું છે. તો આશા છે કે દરેક વિદ્યાવિલાસી યુવક તેને બરાબર વાંચશે અને મરહુમનો દાખલો નજર સામે રાખી ઇલમ-વિદ્યા માટે કોશીશ કરશે અને તેમના નિર્દોષ આત્મા માટે પ્રભુ આગળ દુવા ગુજારશે.

તા૦ ૧-૩ ૩૦ લી૦ ઉ૦ મ૦ મુન્શી.

બિસ્મીલ્લાહિ ર્રહમાનિર્રહીમ

ખુત્બો.

અલ્હમ્દો લિલ્લાહે નહમ્દોહુ વ નસ્તઈનોહુ વ નસ્તગફેરોહુ વ નોઅમેનો બેહી વ નશહદો અન્લાએલાહા ઇલ્લલ્લાહો વહદહુ લા શરીકલહુ વ અશહદો અન્ના મોહમ્મદન અબ્દોહુ વ રસુલોહુ સલ્લલ્લાહો અલયહે વ અલા આલેહી વ અસ્હાબેહી મેનલ ખુલફાઇ ર્રાશદીન વલ અન્સારે વલ મોહાજેરીન વ અલા જમીઇલ અમ્બેયાએ વલ મુરસલીન વ અલલ મલાએકતિલ મોકર્રબીના વ અલા એબાદિલ્લા હિસ્સાલેહીન વ રહમના મઅહુમ યા અરહમર રાહેમીન...............કાલલ્લાહો તઆલા ફિલ

કુર્આનિલ મજીદ..........................

અલા ઇન્ના અવલેયા અલ્લાહે લા ખવ્ફુન અલયહીમ વલાહુમ યહઝનુન.......(સિપારા-૧૧, રૂકુઅ ૭)

—એટલે કે—

બેશક, ઓલીયાઓ—અલ્લાહના દોસ્તોને (કોઇ જાતનો) ડર કે અફસોસ નથી.

ઔલીયા અલ્લાહનો મરતબો.

અલ્લાહ પાકની આરાધના બાદ તેના હબીબે પાક ઉપર દુરૂદ પઢતાં શરૂ કરૂં છું કે પયગંબરો પછીનો મહાન દરજ્જો અવલેયા અલ્લાહનો છે. એક લાખ ને કેટલાએ હઝાર પયગંબરો ઉતર્યા છે, જેમની ખરી ગણત્રી અલ્લાહપાક સિવાય, કોઇ જાણતું નથી, પણ આપણા આકાએ નામદાર હઝરત મોહમ્મદ મુસ્તફા (સ૦ અ૦ વ૦) સાહેબ ઉપર, પયગંબરી ખતમ થતાં, દુન્યાને સીધે રસ્તે દોરવા, અલ્લાહ પાકે અવલીયા અલ્લાહ મોકલ્યા છે: જેમને માટે ફર્માવ્યું છે, કે તેમને કોઈ જાતનો ડર, કે અફસોસ નથી. વળી ઔલીઆ અલ્લાહની સંગત રાખવા માટે, અલ્લાહ પાક હુકમ કરે છે, કે હે ઇમાન—વાળાઓ* ! અલ્લાહથી ડરો. અને સાચા લોકો (ઔલીઆ અલ્લાહ)નો સંગ કરો.

મૌલાના રૂમ (રેહ૦) ફરમાવે છે કે:—

અવલેયા રા હસ્ત કુદ્રત અઝ એલાહ;
તીર જસ્તા બાઝ ગરદાનંદ ઝ રાહ.

એટલે અવલેયા અલ્લાહને ખુદા તરફથી એટલી બધી તાકત મળેલી હોય છે, કે કમાનમાંથી છૂટેલું તીર, પણ પાછું વાળી શકે છે. આવા નેક લોકોનું બયાન કરવામાં એટલી બધી નેકી સમા-

---

* યા અય્યોહલ લઝીના આમનૂત્તકુલ્લાહ વ કુનૂ મઅસ્સાદેકીન. (સિપારા ૧૧ રૂકુઅ. ૪)

એવી છે, કે હદીસ શરીફ ફરમાવે છે કે નેક લોકોનું બયાન—વર્ણન કરવાથી ખુદાની મહેર—રેહમત ઉતરે છે.

અવલેયા અલ્લાહ એ પયગંબરોના વારસો છે. તેઓનું જીવન પવિત્ર છે. અલ્લાહ× પાક તેઓ માટે ફરમાવે છે કેઃ—જે સ્ત્રી, પુરુષ મુસલમાન હોય અને તે નેક કામ કરશે, તો અમો તેમને (દુન્યામાં પણ) પવિત્ર જીવન આપીશું. આ લોકોનો એટલે અવલેયા અલ્લાહનો વસીલો મેળવવા, અલ્લાહપાક કુર્આન શરીફમાં આપણને હુકમ કરે છે, કે મુસલમાનો! અલ્લાહથી ડરો અને વસીલાની તલાશ કરો.+

આ બધા ફરમાનો ઉપરથી અવલેયા અલ્લાહનો મર્તબો જાણી શકાય છે. અવલેયા અલ્લાહની સંગત, તેમનો વસીલો, તેમનાં ગુણગાન, અને તેમની મહોબ્બત, એ બધું આખેરતના ભાથા રૂપ છે.

માંગરોલની મહાન ગાદી.

મુંબઈ ઇલાકામાં, જાણીતા પીરો મુરશીદ માંગરોલવાળા મૌલાના પીર મોટામીયાં સાહેબ ઉર્ફે ખ્વાજા મતાઉદ્દીન સાહેબના મુબારક નામ અને તેમની મહાન ચીસ્તીયા ગાદીથી ભાગ્યેજ કોઇ અંજાણ હશે. મુંબાઇ ઇલાકામાં, ચિસ્તીયા ખાનદાનની માંગરોલની ગાદી સઉથી

× મન અમેલ સાલેહમ્મ મીન ઝકરીન અવ ઉન્સા વ હોવ મોઅમેનુન ફલ નુહયેયન્નાહુ હયાતન તૈયેબહ (સિપારા. ૧૪. સુરત. નહલ. રૂકુઅ. ૧૩.)

+ યા અય્યોહલ લઝીના આમનૂત્તકુલ્લાહ વબતગુ એલયહીલ વસીલતા. (સિપારા ૬. રૂકુઅ.)

મોટી ગણાય છે. ચિસ્તીયા ખાનદાનના સ્થાપક[1] હઝરત ખ્વાજા ગરીબ નવાઝ, અતાયે રસુલ, હસન સંજરી, ચીસ્તી અજમેરી (રેહ૦) છે. આપણા મહાન પયગંબર (સ૦ અ૦ વ૦) સાહેબ તરફથી, હિંદલ-વલીનો મહાન દરજ્જો લઇ, હઝરત ખ્વાજા ગરીબ નવાઝ (રેહ૦) હિંદમાં પધાર્યા હતા. તે વખતે હિંદુસ્તાનમાં ચોમેર અંધારૂં હતું. સાચા માલિકથી હિંદુસ્તાન દૂર પડ્યું હતું. ઠેરે ઠેરે ખોટા માલિકની બંદગી થતી હતી. એ તો અતાએ રસુલ, ખ્વાજા ગરીબ નવાઝની કરામતનોજ પ્રતાપ છે, કે હિંદુસ્તાનમાં અલ્લાહને ઓળખતા સાત કરોડ મુસલમાનોની આજે ગણત્રી થાય છે. માંગરોલની ચિસ્તીયા ગાદીનો સંબંધ, આ હિંદલવલી ખ્વાજા* ગરીબ નવાઝ અજમેરી (રહ૦) સાથે હોવાથી, આ ગાદીનો મહાન મહિમા સારી પેઠે જણાઇ આવે છે.

માંગરોલની મહાન ગાદી સાથે ફકીરીનો સબંધ.

નામદાર પીરો મુર્શીદ ખાનકાહે માંગરોલ મૌલાના વ સૈયદના જનાબ પીર મોટામીયાં સાહેબના એક વડીલ હઝરત ઇબ્રાહિમ અદહમ (રેહ૦) હતા. તે પોતે બલખ બુખારાના બાદશાહ હતા, છતાં મોટું રાજ છોડી ફકીરી ધારણ કીધી હતી. આ ઉપરથી પણ પીરો

---

૧ ખ્વાજા સાહેબની હકીકત વાંચવી હોય તો નામદાર પીરો મુરશીદ મોટામીયાં સાહેબે લખેલું પુસ્તક "ખ્વાજા ગરીબનવાઝ" વાંચો. કીં ૦-૨-૦

* આ બાબતની પૂરી હકીકત જાણવા માટે માંગરોલના મહાન ચીસ્તી અકલીયા નામે પુસ્તક વાંચો. કિં૦ રૂા૦ ૦-૬-૦ મળવાનું ઠેકાણું સુરત ગુલ્દિકાર ઓફિસ.

મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબની ગાદીની બાદશાહી ખ્યાતી જણાઇ આવે છે. વળી આ ગાદીના વડીલ હઝરત ઇબ્રાહિમ અદહમ (રહ૦) એવા તો મોટા દરજ્જાના બુઝુર્ગ હતા, કે દુન્યાના ચુંવાલીસ કરોડ મુસલમાનોના ઇમામ આઝમ અબુ હનીફા (રેહ૦), તેમને (એટલે હઝરત ઇબ્રાહિમ અદહમને).........."સૈયદના વ સનદના ઇબ્રાહિમ" એવા લકબથી યાદ કરતા હતા. વળી હઝરત જુનેદ બુગદાદી (રેહ૦) તેમનો મફાતેહુલ ઉલુમ (ઇલ્મનો ભંડાર) કહેતા હતા.

હઝરત ઇબ્રાહિમ અદહમ (રેહ૦)નો તવક્કલ ઘણો જબરો હતો. અલ્લાહના નામ પર મોટું રાજપાટ છોડી દેવું, એ સાધારણ માણસનું કામ નથી. એ જીગર તો અલ્લાહના ખાસ આશીકોનુંજ હોય છે! એક દિવસે, કોઇ ફકીરને હઝરત ઇબ્રાહિમ અદહમ (રેહ૦) સાહેબે પૂછ્યું, કે તું શું ખાય છે? ફકીરે કહ્યું, કે જો કદી મળી જાય છે, તો ખાઉં છું, નહિં તો સબર કરૂં છું. આપે ફર્માવ્યું કે એવું તો કુતરાં પણ કરે છે, કે મળે તો ખાવું, અને ન મળે તો ચુંમાઇને બેસી રહેવું; પણ ન મળે તો સબર કરવી, અને મળે તો ખેરાત કરવી, એ ફકીરનું કામ છે.

સુબ્હાનલ્લાહ! જેમનો આવો તવક્કલ હોય, તે અલ્લાહના નામપર રાજપાટ છોડી, ફકીર બને, એમાં નવાઇ નથી. આ ઉપરથી માંગરોલની મહાન ચીસ્તીયા ગાદી ફકીરી ગાદી તરીકે ઓળખાય છે. વળી આ મહાન ગાદીનો મહિમા, આટલેથી ચોખ્ખો જણાઇ આવશે, કે જયારે આ ગાદીના વડીલ, હઝરત ઇબ્રાહિમ

અદહમ (રહે૦) દુન્યાથી ઉઠયા, ત્યારે આકાશ વાણી થઇ હતી, કે અલ્લા ઈન્ના ઈમામુલ અર્દા કદમાત........એટલે (બેશક, દુન્યાના ઈમામ-સરદાર ઉઠયા.)

હિંદના ઘણા મોટા પીરો, આ ખાનદાનના મુરીદ.

નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીઆં સાહેબના એક વડીલ, હઝરત સૈયદના * બાવા ફરીદુ-દ્-દીન શકરગંજ ચીસ્તી (રેહ૦) છે, જેમની કરામતો અને ખ્યાતિ, હિંદથી માંડી, અરબસ્તાન, તુર્કસ્તાન સુધી મશહુર છે. આ બાવા ફરીદ શકરગંજ (ર૦ અ૦)ના મુરીદ, દીલ્લીવાળા હઝરત મહબૂબે ઈલાહી અને પીરાન કલીયરવાળા સૈયદ અલીઅહમદ સાબીર (ર૦ અ૦) જેવા મહાન ઓલીયા હતા. આવા મોટા દરજ્જાના ઓલીઆ જેમના મુરીદ હોય, તે હઝરત બાવા ફરીદ શકરગંજ (ર૦ અ૦)નો મહિમા, અને દરજ્જો કેટલો મોટો હશે, તે સહેજે સમજાશે. આવા મહાન બુઝુર્ગ માંગરોળની ચીસ્તીયા ગાદીના વડીલ હોવાથી, આ ગાદીનો મોભો કેટલો બધો છે તે પણ જણાઇ આવે છે.

અવલેઆ અલ્લાહ એ નબીઓના વારસ છે. તેની ખુલ્લી દલીલ કિતાબ "મોનાકેબુલ મહબુબીન" માં ખ્વાજા ગુલામ મહમદ આ પ્રમાણે જણાવે છે. જેમ મહાન પયગંબર (સ૦અ૦વ)ના મુબારક બદનનો પડછાયો પડતો ન હતો, તેમ હઝરત બાવા ફરીદ શકરગંજ (ર૦ અ૦)ના મુબારક બદનનો પડછાયો પણ આખર

---

* બાવા ફરીદની હકીકત વાંચવી હોય તો મહાન ચીસ્તી પીરો નામે પુસ્તક મંગાવો.

ઉંમરમાં પડતો ન હતો. તેથી હઝરત બાવા ફરીદ શકરગંજ (રહ૦ અ૦) સાહેબે પગમાં દર્દ થયાનું જાહેર કરી, બહાર જવા આવવાનું બંધ કર્યું હતું. આ દલીલ ઉપરથી હઝરત સૈયદના બાવા ફરીદ (રહ૦ અ૦) સાહેબ, પોતે મહાન પેગંબર (સ૦ અ૦ વ૦)ના ખરા વારસ હોવાનું સાબીત થાય છે.

હિંદુ મુસ્લીમ એકતા અને માંગરોળની ગાદી.

આ ઉપરાંત નામદાર પીરો મુર્શીદ મોટામીયાં સાહેબના એક વડીલ હઝરત બદરૂદ્-દીન મસ્તાન (રહ૦ અ૦) હતા, જેમનો પવિત્ર મઝાર કડી કસ્બામાં છે. હઝરત બદરૂદ્-દીન (રહ૦ અ૦) સાહેબ ઘણો વખત ઝીક્રે ઇલાહીમાં ગાળતા હતા. આ બાવા બદરૂદ્-દીન (રહ૦ અ૦)ના ફરઝંદ એકલબારાવાળા હઝરત કાયમુદ્દીન ચીસ્તી (રહ૦) છે. મુંબાઈ ઇલાકામાં હઝરત કાયમુદ્દીન ચીસ્તી (રહ૦ અ૦)નું નામ રોશન છે, અને જેમનો ફૈઝ આજે પણ દુન્યાને પહોંચી રહ્યો છે. તેમની લખેલી કિતાબ "નૂરેરોશન"* ઉત્તર હિંદુસ્તાન સુધી પહોંચી છે. આ કિતાબની રોશનીના પ્રતાપે, લાખો માણસને આખેરતનો ફૈઝ પહોંચ્યો છે. હઝરત કાયમૂદ્-દીન ચીસ્તી (રહ૦ અ૦)નો પવિત્ર મઝાર, વડોદરા પ્રાંતના પાદરા તાલુકાના એકલબારા ગામે છે, જ્યાં હજારો માણસો દરરોજ ફૈઝ પામે છે. મુંબાઈ ઇલાકામાં હિંદુ-મુસ્લીમ એકતાના પિતા રૂપ હઝરત કાયમૂદ્દીન ચીસ્તી (રહ૦ અ૦) ગણાય છે, જેથી આજે પણ મુંબાઈ ઇલાકાના

---

* નૂરેરોશન કિતાબ વાંચવાથી માણસને ખુદાની ઓળખ થાય છે. હિંદુ, મુસલમાન બંનેને ફાયદાકારક છે. કિં. રૂ૦ ૩-૦-૦

હિંદુ, મુસલમાનો તેમના પવિત્ર ધામના આશરામાં માલીકનાં ગુણ-ગાન કરી રહ્યા છે. માંગરોલની મહાન ચિશ્તી ગાદીનો હિંદુ-મૂસ્લીમ એકતા સાથે કેટલો બધો ગાઢો અને જુનો સંબંધ છે, તે હઝરત દાદા કાયમૂદ્-દીન ચીશ્તી (ર● ઙ●)ની "નૂરેરોશન" કિતાબ ઉપરથી જણાઈ આવે છે.

માંગરોલની ગાદી અને સાદો ખોરાક.

ફકીરી પંથવાળા હમેશાં સાદો ખોરાક ખાય છે. આપણા મહાન પેગંબર (સ૦ અ● વ૦) સાહેબ પણ ઘણો સાદો ખોરાક ખાતા હતા. જવની રોટલી બેર ઝીંદગી ગુજારતા હતા. અવલેઆ અલ્લાહ એ નબીઓના વારસ છે તેથી તેમનો ખોરાક પણ ઘણે ભાગે નબીઓ જેવોજ હોય છે. દીલ નરમ કરવા માટે સાદા ખોરાકની જરૂર છે. માલ તાલ ખાવાથી, નફસ તાજો થાય છે. માંગરોલના મહાન ઓલીયા હમેશાં સાદોજ ખોરાક લેતા હતા, અને આજે પણ તે પરહેઝગારી ચાલુ છે. આ ગાદીના એક વડીલ હઝરત બડા સાહેબ નામે મોટા વલી થઇ ગયા છે. તેઓ સાહેબ ઘણો વખત રોટલો અને ભાજીજ ખાતા હતા. આ ઓલીયા બડાસાહેબ (રહ૦ અ૦) હી૦ ૧૩૩૩માં, અગીયારમી શરીફના મહીનામાં, સવારમાં બોલતાં બોલતાં, દુન્યાથી પર્દે થયા છે. હઝરત બડાસાહેબ (રહ૦)નું ચલણ તદ્દન ફકીરાની હતું. સાઠ વરસ તેમનો વઝીફો ખંડક થયો નહોતો. છોટાઉદેપુર જિલ્લો, રેવાકાંઠા, માંગરોલ તાલુકો, અંકલેશ્વર તાલુકો, માંડવી, ઓલપાડ અને કામરેજ તથા ચોરાસી

વગેરે તાલુકાના અનેક લોકોને તેમના મુબારક ઉપદેશથી ફેઝ પહોંચ્યો છે.

હાલના પીર મોટા મીયાં સાહેબ.

હાલમાં માંગરોલની ગાદિ ઉપર, નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબ બિરાજે છે, જેઓ ઘણી ઉંચી કેળવણી પામેલા છે. પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબનો* તવક્કલ, સબ્ર, પરહેઝગારી, ઇબાદત, દુખી—નિરાધારોને મદદ, ઇલ્મ, સમજ, સાદાઇ, જાતભાતનો ભેદભાવ ન રાખવો, તકલીફ વેઠી લોકોને ફેઝ પહોંચાડવો, વગેરે વગેરે તેમના નેક કામોનો ડંકો આખા હિંદુસ્તાન અને આફ્રિકા સુધી ચોમેર વાગી રહ્યો છે, જેના પ્રતાપે હિંદુસ્તાનના મોટા મોટા લોકો નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબને "**જીવતા વલી**" તરીકે માને છે. બેશક તેમજ છે.

અઝ્મ બિલ્મઆરૂફ.

હજારો બીલ, દુબળા, કોળી, દેડા, વગેરે તાડી, દારૂ વગેરે દુર્ગુણો તજી દઇ, સાલીકના ખરા રસ્તાની ઓળખ, જે મુર્શીદના પ્રતાપે કરી લે, તે એક મહાન કરામત છે. બુરાઇ તરફથી નેકી તરફ દોરવામાં દિલનો મેલ દૂર થવાની જરૂર છે. દિલ એ એવી અજબ ચીજ છે, કે જો તેમાં અંધારૂં હોય તો બધુંજ અંધારૂં

---

* "ચીશ્તીયા શોઆબ" નામે ઉર્દુ કિતાબમાં નામદાર પીરો મુર્શીદ મોટામીયાં સાહેબના આદર્શ જીવનનો ચિતાર વાંચવા લાયક છે.

છે. આખી દુન્યાને રોશન કરનાર સુરજ કે ચંદ્ર, તે પણ દીલની કાળાશ દૂર કરવાને શકિતમાન નથી. તેવા દીલનો મેલ તો ખરા પીરો મુર્શીદની તાકતના પ્રતાપેજ દુર થાય છે.

હાલના જડવાદના જમાનામાં લોકો તાર, વીજળીના ચમત્કાર ઉપર મોહી પડે છે. ચૈતન્યવાદ તરફ નજીવું ધ્યાન આપે છે. સાયન્સ અને પ્રયોગકળાની ખીલવણીમાં નાસ્તિક વાદ વધતો જાય છે. તેથી આવી આઝાદીના કટોકટ મેદાનમાં ઉતરી, સમાજને ધર્મ તરફ દોરવાનું કામ રૂહાની–આત્મિક અસર સિવાય પાર પડતું નથી. નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબની કમાલ રૂહાની તાકત વડે ચાલુ સમયની ફેશનમાં રંગાએલા, ઇંગ્લીશ કેળવણી પામેલા સેંકડો માણસ ધર્મ તરફ દોરાએલા છે. આ નામદાર પીરો મુર્શીદની ખુલ્લી શાન બુઝુર્ગીની દલીલ છે.

આ પીર સાહેબથી દરેક કોમને ફૈઝ *

આજ કાલ પારસી અને હિંદુ ભાઇઓ, ઇંગ્લીશ કેળવણીમાં આગળ પડતો ભાગ લે છે જેઓ સાયન્સ વગેરે બાબતોમાં ઘણા જાણકાર છે. આવા સુધરેલા લોકો નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબ પાસેથી આત્મિક શિક્ષણ લઇ, માલિકના સાચા રસ્તા તરફ દોરાયા છે. મુબાઇ, નવસારી, ભરૂચ, સુરત, દખ્ખણ, ખાનદેશ, કાઠીયાવાડ, પાલણપુર, વગેરે ભાગોમાં પારસી, હિંદુ, મુસલમાન, કે જેઓ હાલની કેળવણી પામ્યા છે, તેઓ તસવ્વુફના ખુદાઇ રંગમા

* હિંદુ મુસલમાનોને બોધ એ નામનું પુસ્તક ઘણુંજ મનન કરવા જોગ છે.

રંગાઈ, હઝરત કાયમુદ્દીન ચીસ્તી (રહ૦અ)ની તસવ્વુફના ભંડાર રૂપ કિતાબ "નુરે રૈશનથી" રૂહાની—આત્મિક ફેઝ મેળવી રહ્યા છે. આ બધું નામદાર પીરોમુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબની રૂહાની અસરનુંજ પરિણામ છે, જે રૂહાની તાકતની ખુલ્લી દલીલ છે.

કરામતનું સ્વરૂપ.

કેટલાક ભાઇઓ અવલેયા અલ્લાહની કરામત જાહેર થવાની દલીલ માંગે છે. ફલાણા બુઝુર્ગને અમો વલી કયારે માનીએ, કે જયારે તેમની કરામત જાહેર થાય ! આવું બોલનારા લોકો પણ કેટલાક છે. ખરૂં પૂછો તો આ ભાઈઓ કરામતના રૂપને ઓળખતા નથી, તેથીજ એવું કહે છે; પણ જેઓ ઇલ્મવાળા અને જાણકાર લોકો છે તે શું કહે છે તે તરફ આ ભાઇઓનું ધ્યાન ખેંચવા માંગુ છું. દેવબંદ મદ્રસાના આલીમ મૌલાના એઝાઝઅલી સાહેબ, કરામાતે અવલીઆ સંબંધીના લેખમાં "ઇર્શાદ" નામના હિ—૧૩૩૮ના માસિકમાં લખે છે, કે **કરામતવાળા સાહેબે કરામત મશહુર કરવાની જરૂર નથી, બલ્કે બનતાં સુધી છુપી રાખવી જોઇએ.**

આ દાખલો જોતાં દરેક વલી પાસે કરામત જાહેર કરવાની માગણી ન કરવી જોઇએ. નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટા-મીયાં સાહેબની ઉપર મેં જે બાબત જણાવી છે, તે ખરેખર ખુલ્લો-જ ચમત્કાર છે. અમુક ઓલીયાઓની દુઆ વડે ચોર જેવા ગુનેહગાર લોકો સુધરી ગયાની બીના કિતાબોમાં જોવામાં આવે છે, એ તે ઓલીયાઓની કરામત છે. ચોર લોકો ઘણે ભાગે અભણ હોય છે અને તેમને બીજું જ્ઞાન હોતું નથી, પણ હાલના જમા-

નાના જડવાદની કેળવણીવાળા લોકો ઘણા સુધરેલા અને સામે દલીલ આપી શકે તેવા હોય છે, આવા લોકોને માલિકના રસ્તા તરફ વાળવા, એ ઘણું કઠણ કામ છે. જેમ ચોર લોકોને સુધારવા એ કરામત ગણાય છે તેમ હાલની રોશનીમાં નાસ્તિકવાદ અને જડવાદ તરફ વળેલા લોકોને માલિકના રસ્તા તરફ વાળવા એ શું ખુલ્લી કરામત ન કહેવાય ?[૧]

પીર સાહેબની સમાજ સેવા.

ખીલાફતના સમયમાં નામદાર પીરો મુર્શીદે ખીલાફતની પણ ઘણી સેવા બજાવી હતી. આ ગાદી[૨] ખાસ કરી વહોરા–પટેલ લોકોની વસ્તીવાળા ભાગમાં આવેલી છે જેથી કાનમ, અને તાપી નદિની આજુ બાજુ આવેલા વહોરા પટેલ ભાઇઓના હકમાં, આ ગાદી શરૂથી આજ દીન સુધી ભલી દુઆઓ માગે છે. જયારે જયારે અણીનો વખત આવે છે, ત્યારે આ ગાદી તરફથી પુરતી દિલસોજી મળતી રહે છે.[૩] છેલ્લા જળ પ્રલય વખતે નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબે ગામે ગામ ફરી, આફતમાં આવી પડેલા ભાઇઓને દિલાસો આપી, મદદ કરી હતી. નામદાર ગાયકવાડ

---

૧ આ પ્રકારના ઉપદેશનું અમૂલ્ય પુસ્તક વાંચવું હોયતો નામદાર પીરો મુર્શીદ મોટામીયાં સાહેબે લખેલું "અમીરો અને માલદારોને સુલેહનો પયગામ" નામનું પુસ્તક વાંચો.

૨ "માંગરોલની ગાદી અને વહોરા ભાઇઓ" નામે પુસ્તક વાંચવાથી આ બાબતનો જુનો ઇતિહાસ મળી આવે છે.

૩ આ હકીકત સ. ૧૯૨૯ના ડીસેમ્બર માસના મુફિદકારમાં પ્રગટ થઈ છે.

સરકાર પાસેથી પુરતી મદદ અપાવી હતી, અને જળસંકટ વીતી ગયા બાદ એ વર્ષે ફરીથી દુ:ખી લોકોને શોધી કાઢી નામદાર પીરો મુર્શીદે પાંચ હજાર રૂપીઆની મોટી મદદ અપાવી હતી.[૧]

નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબ ઉપદેશ આપવા આખો વખત મુસાફરીમાં ગાળે છે, પણ જ્યારે દેશમાં જઘડા પેદા થાય છે ત્યારે શાંતિનો પયગામ આપવા અથાગ પગ-દોડી કરે છે. નામદાર પીરો મુર્શીદના ઉપદેશમાં રૂહાની તાકત હોય છે, જેથી હરેક જઘડાનો જલદી અંત આવી જાય છે. તેમના બોધથી ભારે નુકશાનમાંથી લોકો બચી જાય છે. કેટલોક વખત તો ગાંઠનો ખર્ચ કરી બોધદાયક પુસ્તકો છપાવી શાંતિ ફેલાવે છે.[૨] આ કારણથી સરકાર અને રઇયત બંનેને નામદાર પીરો મુર્શીદની સેવા ઉપયોગી થઇ પડે છે. અંગ્રેજ સરકાર તથા ગાયકવાડ સરકાર નામદાર પીરો મુર્શીદની લાગણી ભરી સેવાથી રાજી થઇ સારૂં આદરમાન આપે છે.[૩]

ઇસ્લામી સમાજની સેવા માટે તો નામદાર પીરો મુરશીદ

---

૧ બવન ગાઝની વહોરા જમાતમાં ભાગલા પડયા હતા, ત્યારે નામદાર પીર મોટામીયાં સાહેબનું દીલ ઘણું દુ:ખાયું હતું અને આખરે બન્ને ભાઇઓને એકાચાર કીધા હતા.

૨ "શું હિંદુઓ મુસલમાન ધર્મગુરૂ પાસેથી જ્ઞાન ન લઇ શકે?" એ પુસ્તક ઘણું ઉપયોગી થઇ પડયું છે. મળવાનું ઠેકાણું સુરત ઝુલ્ફિકાર ઓફિસ.

૩ નામદાર મુંબાઇ સરકારે નામદાર પીરો મુરશીદ મોટામીયાં સાહેબને પ્રાઇવેટ એન્ટ્રીનો હક આપ્યો છે. તથા નામદાર ગાયકવાડ સરકાર તરફથી ઈસ્લામી લકબ અને પરોણા તરીકેનો હક મળ્યો છે.

મઉલાના મોટામીયાં સાહેબે સુખ, વૈભવ તજી દીધાં છે.[1] સચીન રાજ્યનું દિવાનપદ છોડી ફકીરી ધારણ કીધી છે. કોમના બંધારણ માટે વરસમાં પાંચ, છ કોન્ફરન્સો–ઉરસો ભરે છે. આવા જમાવ માટે ઉરસોની ગોઠવણ ઘણી સવડતા ભરેલી થઇ પડે છે કે જ્યાં વગર ખર્ચે ભાઇઓનો સારો જમાવ થાય છે. દીનનું કામ થાય, તેમજ દુન્યાનું પણ કામ થાય, તેટલા માટે નામદાર પીરો મુરશીદ આ બાબતમાં ઘણીજ મહેનત ઉઠાવે છે.

આવા બંધારણમાં હિંદુભાઇઓનો પણ સારો ખ્યાલ રાખે છે, જેથી ઉરસોની ગોઠવણમાં આખા દેશનું કલ્યાણ થાય છે. દેશની આબાદીનો આધાર ખેતી ઉપર છે અને ખેતીનો આધાર ગાય, બળદ ઉપર છે; માટે તે જાનવરો ઉછેરવા પણ નામદાર પીરો મુરશીદ ઘણો ભાર દે છે.

પીરઝાદા નીઝામુદ્દીન સાહેબ.

નામદાર પીરો મુરશીદ મઉલાના મોટામીયાં સાહેબના મોટા સાહબઝાદા મઉલાના નિઝામુદ્-દીન સાહેબ છે જેઓ આશરે પચીસ વર્ષની ઉંમરના છે આટલી નાની ઉંમરમાં અંગ્રેજીનો જોઇતો અભ્યાસ કરી, ઉત્તર હિંદુસ્તાનમાં જઇ, દીની ઇલ્મ હાંસીલ કરી આલીમની પદવી મેળવી છે. ગુજરાતી ભાષાનું પુરતું જ્ઞાન ધરાવે

---

૧ ઈસ્લામી સમાજને જાગ્રત કરનાર પુસ્તકોમાં નામદાર પીરો મુરશીદ મોટામીયાં સાહેબે લખેલી કિતાબ "રસૂલે અરબી" અને "ઇસ્લામી નીતિશાસ્ત્ર" એ પુસ્તકો એવા તો અજોડ છે કે છેલ્લી બે સદીમાં આવું એકે પુસ્તક પ્રગટ થયું નથી.

છે. જનાબ મઉલાના નિઝામુદ્-દીન સાહેબનું દીલ, ઝોહદ-રિયાઝત તરફ ઘણું વળેલું છે. ઇબાદત, વઝીફા, છીલ્લા કશી, એકાંતવાસ, અને નિફલ રોઝા વગેરેમાં ઘણી કોશીશ ઉઠાવે છે. વઝીફો તો એટલા પ્રેમથી પઢે છે, કે એકાદ દિવસ પણ ખંડક થવા દેતા નથી. કેટલાક મોટા લોકોને સવારમાં ચહા, નાસ્તા વીના ચેન પડતું નથી, ત્યારે આ ફકીરી ખાનદાનની ખૂબી તો જુઓ કે નાની ઉમરથીજ સવારના વઝીફા-યાદે ઇલાહી સિવાય ચેન પડતું નથી. જનાબ મઉલાના નિઝામુદ્-દીન સાહેબે આટલી નાની વયમાં દિલ ઉપર એવો જબરો કાબુ પેદા કર્યો છે કે આગળ જતાં તેમની રૂહાની તજલ્લીનો પ્રકાશ ચોખૂટ ધરતી ઉપર દીપી નીકળશે. *

મરહુમ પીરઝાદા બાવામીયાં સાહેબ.

નામદાર પીરો મુરશીદ મઉલાના મોટામીયાં સાહેબના લાડવા ભાણેજ બાવામીયાં સાહેબ તે જનાબ પીર હુસેનબાવા× સાહેબના

---

* જનાબ મઉલાના નિઝામુદ્-દીન સાહેબનાં લગ્ન, ગુજરાતમાં મશહુર થઈ ગએલા બારમાનવાળા શાહ પીરની ગાદીના વંશજ જનાબ દાદામીયાં સાહેબની દીકરી સાથે થયાં છે. આ જનાબ દાદામીયાં સાહેબ મશાયખોમાં ઘણા પ્રખ્યાત અને અલ્લાહુવાળા તરીકે ઓળખાઈ ગયા છે.

× જનાબ પીર હુસેનબાવા સાહેબ એક તરફથી નામદાર પીરો મુરશીદ મઉલાના મોટામીયાં સાહેબના કાકાના દીકરા થાય છે. પીર હુસેન બાવા સાહેબ ઘણા અનુભવી અને આનંદી સ્વભાવના છે. તેમની તંદુરસ્તીના વખતમાં એવા બુદ્ધિશાળી જણાતા કે તેઓ સાહેબની દલીલને કોઈ તોડી શકતું ન હતુ.

એકના એક વહાલા સાહબઝાદા હતા. જનાબ બાવામીયાં સાહેબ (નવ્વરલ્લાહો મર્કદહુ)નું વય આશરે ઓગણીસ વર્ષનું હતું. શરીરનો રંગ ઘઉં વર્ણો હતો. કદે ઉંચા હતા. બદન મજબૂત અને ભરાવાદાર હતું. મુખાકૃતિ ભરાવાદાર અને સુંદર હતી. નાક ઉભરતા ઘાટે ચમકદાર હતું. કમળ માફક આંખો ખીલેલી અને આછી રતાશ પડતી હતી. પેશાની વિશાળ અને ચમકદાર હતી. ગાલ ભરાવાદાર અને ગુલાબી રંગે ખીલતા હતા. હોઠ પાતળા જેવા લાલ ધુમ હતા. એકંદર મુખાકૃતિ ઘણી મનહર હતી. ગરદન લાંબી અને સુશોભિત હતી. છાતી પહોળી અને ઘટ હતી. છાતી ઉપર સોનેરી રંગના આછા આછા બાલ હતા. પેટ ઉપર બાલની આછી લીટી હતી. શરીરની ચામડી પાતળી અને સુંવાળી હતી. સામાન્ય માણસોથી હાથ લાંબા જણાતા હતા. લગભગ ઉભેલી હાલતમાં ઘુંટણે પહોંચે તેટલા લાંબા હાથ હતા. હાથના સ્નાયુઓ ભરાવાદાર અને એક સરખા ગોળાકાર હતા. કાંડાં સાધારણ જાડાશ ઉપર હતાં. આંગળીઓ એક સરખા કદની અને લાંબી હતી. ટચલી આંગળી પ્રમાણમાં વધુ પાતળી હતી. પગ મજબુત બાંધાના ગોળાકાર અને ભરાવાદાર હતા. જાંગો સડોળ અને પીંડીઓના સ્નાયુ ઉપસેલા હતા. ચાલ સાધારણ ઉતાવળા વેગની હતી. ચાલની વખતે ધરતી ઉપર પડકાર જણાતો ન હતો. દબે પગે ચાલવાની ટેવ હતી. માથા ઉપર એક સરખા મોટા બાલ રખાવતા હતા. બાલ સાધારણ કરકરા અને પાતળા હતા. ગરદનના પાછલા ભાગ ઉપર બોચીના સાંધણથી ઉપર બીલકુલ બાલ ઉગેલા ન હતા. બોચીના સાંધણથી લઇ, ગરદનની શરૂઆત થતાં બંને બાજુ સહેજ આગળ સુધી

આછા બાલની લીટી વધેલી હતી. માથા ઉપર ઘણે વખત ઉંચી તુર્કી ટોપી પહેરતા હતા. કદિ, કદિ બદામી રંગનો ફેંટો બાંધતા હતા, અને જેમ આપણા નબી સાહેબ છેડો લટકતો રાખતા હતા તેમ ફેંટાનો છેડો લટકતો રાખતા. કદિ લાંબો કોટ, તો કદિ ટુંકો પહેરતા હતા. પણ ઘણે ભાગે આસમાની રંગના ગરમ કપડા ઉપર ઘણો મોહ રાખતા હતા. ઇજાર ઘુંટીથી સહેજ ઉંચી પહેરતા હતા. ખમીસ સફેદ રંગનું પહેરતા હતા. ખમીસે ઘણે ભાગે કાચનાં બટન લગાડતા હતા. બુટ કાળા રંગના સાદા પહેરતા હતા. અવાજ સાધારણ રીતે ઉંચો હતો પણ ધીમાશથી બોલતા હતા.

પીરઝાદાની નરમાશ.

નામદાર પીરો મુરશીદ મઉલાના મોટામીયાં સાહેબના આ ભાણેજ જનાબ બાવામીયાં સાહેબ સાદાઇને પસંદ કરનારા હતા. જનાબ બાવામીયાં સાહેબ, હઝરત બાવા ફરીદની પાક ઓલાદમાં હતા, અને હઝરત પીરો મુરશીદ મઉલાના મોટામીયાં સાહેબના ભાણેજ થતા હતા, છતાં તેમનામાં મોટાઇનો છાંટો સરખો ન હતો. તેમનો હસતો ચહેરો જોઈ, અજાણ્યો માણસ પણ તેમની મજલીસમાં પ્રેમથી શામેલ થઈ જતો હતો.

જનાબ બાવામીયાં સાહેબના સ્વભાવમાં અજબ નરમાશ હતી. તેમની નરમાશ જોઇ, દરેક માણસનું દિલ પ્રેમથી તેઓ સાહેબ તરફ ખેંચાતું હતું. ખરેખર નરમાશ એ પરહેઝગારોનો પોશાક-શણગાર છે. એક અરબી કવિ કહે છે કેઃ—

ઇન્નત તવાદેઅ મિન એસાલીલ મુત્તકી,
વબે હિત તકેયો એલલ મઆલી યરતકી.

એટલે, કે નરમાશ એ ખુદાના પરહેઝગાર બંદાનો ગુણ છે. અને તેનાજ પ્રતાપે પરહેઝગાર લોકો બુલંદ દરજ્જે પહોંચી શકે છે. હઝરત શેખ સાદી (રહ૦ અ૦) ફરમાવે છે, કેઃ—

તવાઝુઅ કુનદ હોશમંદે ગુઝીં
નહદ શાખ પુર મેવા સર બર ઝમીં.
તવાઝુઅ બુવદ હુરમત અફઝાએ તુ
કુનદ દર બેહીશ્તે બરીં જાયે તુ.
તવાઝુઅ કિલીદે દરે જન્નતસ્ત
સર અફરાઝીયો જાહરા ઝીનતસ્ત.

એટલે, કે ઉંચા દીલના માણસો નરમાશ નમ્રતા પસંદ કરે છે, અથવા ધારણ કરે છે. (જુઓ કે) ફળવાળી ડાળી જમીન ઉપર ઝુકે છે. હે આદમી ! તારી આબરૂ વધારનારી વસ્તુ નરમાશ છે. તેમજ જન્નતમાં તારી ઉંચી જગા કરનાર પણ નરમાશ છે. વળી જન્નતનાં દરવાજાની કુંચી નરમાશ છે. મોટી પદવી અને મોટાઇ ભરેલી શોભા નરમાશ વડે જ છે.

જનાબ બાવામીયાં સાહેબના મિજાઝમાં નરમાશ કુટી કુટીને ભરેલી હતી. હઝરત શેખ સઆદી (રહે૦) ના કહેવા મુજબ આવી નરમાશ વાળા જનાબ હઝરત બાવામીયાં સાહેબ ખરેખર જન્નતી છે. જ્યારે નરમાશ એ ઘણો ઉંચો દરજ્જો અપાવનાર ગુણ છે તો તે

હિસાબે હઝરત શેખ સઆદી (રહે૦) ના કહેવા મુજબ જનાબ બાવામીયાં સાહેબ જન્નતના ઉંચા દરજ્જાના હકદાર છે.

પીરઝાદાનો ઇલ્મ.

જનાબ બાવામીયાં સાહેબનો જન્મ હિંદલવલી ખ્વાજા ગરીબ નવાઝ (રેહ૦)ના ચિશ્તી ઘરેણામાં અને હઝરત ફરીદુ–દ્દ–દીન શકરગંજ (રેહ૦)ની પાક ઓલાદમાં થયો છે. આ ખાનદાન વિલાયત અને ઇલ્મમાં ઉંચો દરજ્જો ભોગવે છે, જેથી જનાબ બાવામીયાં સાહેબ નાની ઉંમરમાં અરબી, ફારસી, ઉર્દુ વગેરે ભાષાઓ શીખી, દીની ઇલ્મથી સારા પ્રમાણમાં જાણકાર હતા. આ ઉપરાંત ચાલુ જમાનાની કેળવણીથી પણ ઘણા જાણકાર હતા. કડી (ઉત્તર–ગુજરાત) ની હાઇસ્કૂલમાં અંગ્રેજી કેળવણી લઇ, વડોદરા સેન્ટરમાં મેટ્રિકની પરીક્ષા પાસ કરી, ટુંક મુદ્દતથી અલીગઢ મુસ્લીમ યુનીવર્સિટિમાં ઇસ્લામી પધ્ધતી મુજબની ચાલુ સમયની ઉંચી કેળવણી લેવા જોડાયા હતા. ટુંક મુદ્દતમાં તેમના મીલનસાર સ્વભાવને લીધે પાંચ હજાર સ્કોલરોની સંસ્થામાં મુલકે મુલકના, જુદા જુદા મીજાઝના, મુસ્લીમ સ્કોલરોને મન ભાવતા થઇ પડયા હતા. જનાબ બાવામીયાં સાહેબનુ લક્ષ દીની બાબતો તરફ ઘણું વળેલું હતું એ તેમના ધાર્મિક ખાનદાનની અસરનું કારણ હતું, પણ તેમની દીની લાગણીના પ્રભાવે યુનીવર્સિટીમાં ઘણી સારી છાપ પડી હતી. અલીગઢ કોલેજના ઉંચી પદ્દવીવાળા શિક્ષકોથી લઇ, મહેરબાન વાઇસ ચેન્સલર સુધી, દરેકે દરેક જણ જનાબ બાવા મીયાં સાહેબને માંગરોલની ગાદીના નામને લીધે ઘણી લાગણી ભરી નજરે જોતા હતા.

પીરઝાદાની સાહાય.

એક વખત જનાબ બાવામીયાં સાહેબ જંબુસર પધાર્યા હતા. સારોદ ગામના વતની મહમદભાઇ સરકલ ઇન્સ્પેકટરના લડકા અને બાવામીયાં સાહેબ વચ્ચે માધ્યમિક શાળાના વિદ્યાર્થી જીવનની મિત્રાચારી હતી જેથી જનાબ બાવામીયાં જંબુસર પધાર્યા હતા. મારે જંબુસર કોર્ટમાં કામ હતું, તેથી હું પણ જંબુસર ગયો હતો. અમારી બંનેની મુલાકાત રસ્તામાં થઇ. ઉનાળાની ઋતુ હતી, તેથી અમો બરફ શરબતને ઇન્સાફ આપવા એક જગ્યાએ બેઠા હતા. તેવામાં જનાબ બાવામીયાં સાહેબના ઓળખીતા એક સૈયદ સાહેબ આવ્યા. હું પણ તે સૈયદ સાહેબ માટે બરફ શરબત લેવા ચાલ્યો. પણ આવનાર સૈયદ સાહેબે મને રોકયો, કે બાવામીયાં સાહેબના ગ્લાસમાંથી હું પી લઇશ. જનાબ બાવામીયાં સાહેબે કહ્યું, કે આપ મોટા છો, મુરબ્બી છો, તેથી પીધેલું જામ આપને આપવું, તે બેઅદબી કહેવાય. ફરી હું બીજું ગ્લાસ લાવ્યો, ત્યાં સુધી આપ ઉભા રહ્યા. આ વિવેક જોઇ પેલા સૈયદ સાહેબ તો છક થઇ ગયા, અને જનાબ બાવામીયાં સાહેબના સદ્‌ગુણનાં વખાણ કરવા લાગ્યા.

અલીગઢ કોલેજના ગયા વેકેશન દરમ્યાન જનાબ બાવામીયાં સાહેબ પોતાને વતન પધાર્યા હતા. તે અરસામાં એક દિવસ સાંજે આશરે સાડા સાત વાગે ભરૂચથી ઉપડતી ટ્રેનમાં હું તેમની સાથે હતો. આ વખતે હું ભરૂચ જીલ્લાના નબીપુર સ્ટેશને નોકરી કરતો હતો. જનાબ બાવામીયાં સાહેબથી હું પાછલા ડબ્બામાં બેઠેલો હતો તેથી ટ્રેનમાં તેમની મુલાકાતથી હું બેનસીબ રહ્યો હતો. નબીપુર

સ્ટેશન આવતાં, હું ઉતરી પડયો, તે વખતે આગલા ડબ્બામાંથી જનાબ બાવામીયાં સાહેબ નબીપુર સ્ટેશને ઉતરી પ્લેટફોર્મ ઉપર જાણે મને આગમચથી મુલાકાતથી ભાગ્યશાળી કરવા બોલાવ્યો હોય તેમ મારી શોધ કરતા હતા. હું મારી ધૂનમાં પ્લેટફોર્મ વટાવી ચાલ્યો જતો હતો, ત્યાં પાછળથી મારો કોટ પકડી, જનાબ બાવા-મીયાં સાહેબે હસતે ચહેરે સલામો અયવકુમના અતી ઝીણુ પોકાર સાથે હસ્ત ધુનનથી દર્શનનો લાભ આપ્યો. મેં અત્રે થોભી જવા આજીજી કરી. પણ તેઓ સાહેબ પોતાના મિત્રો સાથે વડોદરા જવાની ટિકિટ લઇ ચૂકયા હતા, જેથી થોભી શકયા નહિ. યા અલ્લાહ ! મને શું ખબર ! કે અમારી આ છેલ્લી મુલાકાત હશે ! મારો અને તેમનો રણુાર બંધ હશે, કે છેલ્લે છેલ્લે આટલી મુલા-કાત થઇ! ઉપડતી ટ્રેનમાં આવજો આવજોના તેમના મીઠા ઓડકાર યાદ આવે છે અને આજે તેઓ અદ્દશ્ય થયા છે એ વિચારો પેદા થતાં જીગર ચીરાઇને તેમાંથી આંસુ ચોમાસાની હેલી માફક વહી જાય છે ! જે માનવંતા મુરબ્બી મુસાફરીમાં દર્શન આપવાનો ઉમ-ળકો રાખે તે આગળ ઉપર મારા જેવા નાચીઝ ઉપર સ્નેહનાં કેટલાં ઓવારણાં ઓવારતે તેનું પ્રમાણુ તો નબીપુર સ્ટેશનની છેલ્લી મુલાકાત વખતના ઉપડતી ટ્રેનના આવજો આવજોના પોકાર વચ્ચે સદાને માટે અદ્દશ્ય થઈ ગયું !! અરે શું આ સ્વપ્ન હતું ? સ્વપ્ન તો નહિ જ! પણ ખરેખર સ્વપ્ના જેવું જ બન્યું !!

જનાબ બાવામીયાં સાહેબ કોલેજના છેલ્લા વેકેશન દરમ્યાન કાનમ અને વાકળ પ્રદેશમાં પોતાના સેવક મંડળમાં દર્શનનો લાભ આપવા પધાર્યા હતા. તેમની સાદાઇ નરમાશ અને પ્રેમ તથા વિદ્વ-

તાની લોકોના દીલમાં ઉંડી અસર ઘર કરી ગઇ હતી, જનાબ બાવામીયાં સાહેબના મળતાવડા અને ગરીબ શેવકોની લાગણી સાચવનારા સ્વભાવનો એક દાખલો રજુ કરૂં છું. વાકળની પધરામણી વખતે તેઓ સાહેબ દુધવાડા ગામે પધાર્યા હતા. ગામમાં એક સેવકને ઘેર ઉતર્યા તેવામાં મ્હારા બહેન ફુલબાઇને પીરની પધરામણીની ખબર થતાં, હરખ ભેર પીરના દીદાર માટે દોડી ગયાં, અને આજીજી પૂર્વક કહેવા લાગ્યાં, કે બાવા! આપ મારે ઘેર પધાર્યાં નહિ, તેથી મારૂં દીલ દુખાય છે. આટલું બોલતાં બોલતાં બહેન ફુલબાઇ ગળગળાં થઇ ગયાં. જનાબ બાવામીયાં સાહેબ કહેવા લાગ્યા કે બાઇ! ઓછું ન લગાડો. બધા સેવકોના ઘર મારે મન તો મારાં પોતાનાં જ છે! ચાલો હું હમણાં જ તમારે ઘેર આવું છું! પછી તરત જ બહેન ફુલબાઇને ઘેર પધારી સર્વે બાલ બચ્ચાંઓને દુઆ આપવા લાગ્યા! યા અલ્લાહ! આવી ભલી દુઆઓની ખેરાત કરનાર પીરઝાદા કેમ યાદ ન આવે! વાંક અમારા ટુંકા કિસ્મતનો, કે રહેમતનો પ્રવાહ વહેતાં વહેતાં બંધ થયો!!

મામા ઉપર ભાણેજની બિમારીના તાર.

વેકેશન પુરૂં થતાં બાવામીયાં સાહેબ ઇલ્મ હાંસીલ કરવા અલીગઢ યુનીવર્સિટિમાં ફરી દાખલ થાય છે! ખુદાની કુદ્રત ન્યારી છે! લગભગ બે માસના અરસામાં જનાબ બાવામીયાં સાહેબની તબીયત ઘણી લથડી ગઇ! અચાનક તારીખ છઠ્ઠી નવેમ્બરે નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબને મુંબઇ બંદરે તાર મળે છે કે "આપના ભાણેજ બાવામીયાં સાહેબ ભયંકર રીતે બિમાર

છે." નામદર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબ મુંબઇનાં સેવક મંડળને ઉપદેશનો લાભ આપી સુરત પધારવાની તૈયારીમાં હતા, પણ ભાણેજની અચાનક બિમારીના સમાચારે ચેન પડવા દીધું નહિં! જેથી પોતાના નાના બાળક પીર બાવા ફરીદ કે જેમની ઉમર આશરે ૭ વરસની છે, તેમને મુંબઇથી સુરત જેટલા લાંબા અંતરે અમુક માણુસોનો સંઘાત કરી આપી, પોતાની સાથે સૈયદ ફૈઝહુસેનને લઇ, જી. આઇ. પી. રેલ્વેને રસ્તે અલીગઢ તરફ સિધાવ્યા. ભાણેજની મહોબ્બતનો ખ્યાલ તો કરો, કે ૭ વરસના નાના પીર બાવા ફરીદ અજાણ્યા માણુસો સાથે, બસો માઇલની મુસાફરી કેવી રીતે કરશે, તેનો જરાએ વિચાર કર્યો નહીં!!!

નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબ અલીગઢ યુનીવર્સિટિની હોસ્પિટલમાં જઇ પોતાના ભાણેજ જનાબે બાવામીયાં સાહેબને ગંભીર હાલતમાં જુએ છે! ભાણેજ ઇલ્મ પઢવા ખાતર ઘરબાર મૂકી પરદેશમાં આવ્યો છે! અને ઘેરથી એક હજાર માઇલ જેટલે છેટે હોસ્પિટલની એક કોટડીમાં દરદી તરીકે બેહાલ પડયો છે! ચાદર ઓઢાડેલી છે! શરીર તદ્દન લેવાઇ ગયું છે! બધે સુનસાન જણાય છે! આ ચિતાર જોઇ મામાનું હૈયું ભરાઇ આવે છે! પણ ગુમો સમાવી રાખે છે! ડાક્ટર આવે છે અને બિમારીની હકીકત સમજાવે છે! પરદેશનો મામલો હોવાથી મામા હિંમત પકડે છે. ડાક્ટર હાંક મારી બાવામીયાંને જગાડે છે અને મામા આવ્યાની ખુશખબરી આપે છે! બાવામીયાં એકદમ આંખ ઉઘાડે છે! મામાને જોઇ હર્ષ ઘેલા થયા હોય, એમ એકદમ પથારીમાંથી ઉઠવા જાય છે! પણ મામા તેમને રોકે છે અને પથારીમાં જ સુતેલા રાખે છે. તો

પણ ભાણેજ સુતા સુતા મામાનો હાથ પોતાના હાથમાં લે છે અને પ્રેમથી ચુંબન કરે છે! મામાને જોઇ ભાણેજમાં નવું ચૈતન્ય આવેલું દેખાય છે! મામા ભાણેજ બંનેના મનમાં પ્રેમના ઉભરા છોળો મારી રહ્યા છે! મામા તબીયત પૂછે છે, તો ભાણેજ આનંદથી જવાબ આપે છે કે સારૂં છે! પ્રેમાળ મામાના દર્શન કરી શરમથી કહો કે બિમારીની વેદનાથી કહો, ગમે તેમ પણ બાવામીયાં આંખો મીંચી જાય છે! ભાણેજ આંખ બંધ કરે છે, અને સીવીલ સરજનના બોલાવવાથી મામા કોટડીના દરવાજા આગળ જાય છે. તેટલામાં ફરી જેરી આંખ ખોલે છે તેવી જ નજર મામા સાથે આવેલા સૈયદ ફૈઝ હુસેન ઉપર પડે છે! તેમને સંબોધી જનાબ બાવામીયાં સ.હેબ બિમારીના વાદળોને ચીરી ઝીણા અવાજે કહે છે. કે "બહોત તકલીફ ઉઠાઇ!" જેના જવાબમાં સૈયદ ફૈઝહુસેને કહ્યું, કે "જનાબ! આપને માટે સર્વ કાંઇ હાજર છે. ગભરાશો નહિ. વતનથી એક હજાર માઇલ દુર હોવા છતાં, પીરો મુર્શીદના પ્રતાપે અહીંઆં આપણા ગુજરાતના ઘણા ભાઇઓ આપની સેવા માટે હાજર છે! આપના મુરબ્બી મામા સાહેબ પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબ તેમજ હું, તથા આપના ભાઇ જનાબ નિઝામુદ-દીન સાહેબ પણ પળેપળ આપની સેવા માટે અહીં તૈયાર છે! તેમજ બીજા અહીંના લોકોને પણ આપની તેટલી જ કાળજી છે!"

ખરેખર આ વખતનો દેખાવ ઘણો જ દિલ પીગળાવનારો હતો! મામા ભાણેજ હાથ મિલાપ કરે છે તે પહેલો કે છેવટનો મિલાપ હશે, તે ખુદા સિવાય કોઇ જાણતું નથી! જનાબ બાવામીયાં

સાહેબ, જેવા નરમ સ્વભાવના હતા, તેવા જ શરમાળ પણ હતા. જેમ તંદુરસ્તીમાં તેમની આંખ ઉપર શરમનો પડદો હતો, તેમ બિમારીમાં પણ શરમ હઠી ન હતી. હઝરત પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબ, પોતાના ભાણેજ બાવામીયાં સાહેબને હમેશાં ઘણી પ્રેમાળ નજરથી જોતા હતા, છતાં જનાબ બાવામીયાં સાહેબ પોતાના મુરબ્બી મામા સાહેબ સાથે, સામી નજરે કદી વાત કરી શકતા ન હતા, એ શરમાળ સ્વભાવનું કારણ હતું. ખરેખર, શરમ એ માણસનો શણગાર ઉંચામાં ઉંચો સદ્ગુણ અને ખાનદાનીનું લક્ષણ છે. મહાન હઝરત પયગંબરે ખુદા (સ૦ અ૦ વ૦) સાહેબ ફરમાવે છે, કેઃ—

ઇન્ના લીકુલ્લે દીનિન ખોલ્કન વ ખોલ્કુલ્ઇસ્લા મિલ્હયાઓ

એટલે

દરેક દીન માટે એકેક સદ્ગુણ છે અને ઇસ્લામનો સદ્ગુણ શરમ—હયા છે. આ સદ્ગુણ જનાબ બાવામીયાં સાહેબના સ્વભાવમાં છલાછલ ભર્યો હતો, જેથી તેઓ એક મહાન સદ્ગુણી હોવાનું સાબીત થાય છે. વળી જે સદ્ગુણને અલ્લાહ, રસુલ વખાણે, તે સદ્ગુણ ઘણાજ ઉંચા પ્રકારનો હોય છે. આ ખુબી દરેક માણસમાં હોતી નથી. એ શણગાર તો અલ્લાહ પાકના ખાસ બંદા ઓલીયા અલ્લાહનોજ હોય છે. ઝાલેક ફઝ્લુલ્લાહે યુતીહે મૈંયશા (આ અલ્લાહનો ફઝલ છે, અને તે જેને ચાહે તેને આપે છે.)

અલીગઢ કોલેજમાં મીટીંગ.

અલીગઢ યુનીવર્સિટિમાં ગુજરાતના સ્કોલરોએ હઝરત પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબના માનમાં એક મીટીંગ ભરી મોટો મેળાવડો કર્યો હતો. નામદાર પીરો મુર્શીદની લોક સેવાનાં વખાણ કરી સારૂં આદરમાન આપ્યું હતું. આ વખતે નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબે ગુજરાતના સ્કોલરોને ધન્યવાદ આપી, દીની કેળવણી તરફ વિશેષ લક્ષ આપવાની સુચના કરી શુભ આશિષ આપી હતી.

અલીગઢ યુનીવર્સિટીના વાઇસ ચેન્સલર નવાબ રાસ મસઉદ સાહેબે, નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબને પોતાને બંગલે આમંત્રણ આપી દોઢ કલાક મુલાકાત લીધી હતી. વળી તેમને યુનીવર્સિટીના સ્ટાફના કેટલાક લોકોએ જાહેર વ્યાખ્યાન આપવાને નિવેદન કર્યું હતું. અલીગઢ યુનીવર્સિટીના એક સાયન્સના પ્રોફેસર મોહમ્મદ ઉઝૈર એમ. એસ. સી૦ થોડી મુદત ઉપર ખોલવડ ગામે આવ્યા હતા. તે અરસામાં નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબનો મુકામ પણ ત્યાં હતો. તે પ્રસંગે નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબે સાયન્સ અને રૂહાનીયત ઉપર છટાદાર વ્યાખ્યાન આપ્યું હતું તે વખતે આ યુનીવર્સિટીના પ્રોફેસર મી૦ મોહમ્મદ ઉઝૈર એમ. એસ. સી. હાજર હતા, જેથી તેમણે યુનીવર્સિટીમાં બધેબધ નામદાર પીરો મુર્શીદના ઇલમનાં પહેલેથી વખાણ કીધાં હતાં, આથી યુનીવર્સિટીના પ્રોફેસરો નામદાર પીરો મુર્શીદના એકાદ લેકચરના ઉત્સુક બની રહ્યા હતા.

નવેમ્બર માસની દશમી, અગીયારમી તારીખ વીતી ગઇ હતી. ચૌદમી તારીખે એકલબારે દર્ગાહ શરીફમાં ઉરસને લીધે હાજર થવાની ખબરો, જ્યાં ત્યાં પહોંચી ચુકી હતી. ઓછામાં ઓછા બે દિવસની મુસાફરી બાદ એકલબારે હાજર થવાય તેમ હતું. સોળમીએ ઉરસ હતો. આ બધાં કારણોને લઇ, નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબથી અલીગઢ વિશેષ થોભાય તેમ ન હતું, તેથી યુનીવર્સિટીના સ્ટાફને વ્યાખ્યાનની પ્રસાદી આપવાનું ભવિષ્ય ઉપર મુલતવી રાખવું પડયું.

જનાબ બાવામીયાં સાહેબની તબીયત પ્રથમ કરતાં સુધારા ઉપર આવી હતી. પથારીમાં પાસાં બદલવા લાગ્યા હતા. કોલેજના ડોકટરો પુરતી કાળજી રાખતા હતા. સરકારી સીવીલ સર્જન દિવસમાં બે વખત તપાસતા હતા. મી૦ અતાઉલ્લાહ બટ નામના એક ઇસ્લામી ડોકટર, કે જેઓ જર્મનીમાં જઇ એમ. ડી. ની ડીગ્રી મેળવી આવ્યા છે, તે તો ખાસ કાળજી રાખતા હતા. આ બધા ડોકટર સાહેબોએ સલાહ આપી કે ગઇ રાતથી તબીયતમાં એક આની સુધારો દેખાય છે. બિમારી ભયંકર છે, ન્યુમોનીયા લાગુ પડયો છે, છતાં આજના જેવી સ્થિતિ ચાલુ રહેશે, તો ઇન્શા—અલ્લાહ આરામ થવાનો સંભવ છે. નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબે જનાબ બાવામીયાં સાહેબને પોતાની સાથે ઘેર લઇ જવા ડોકટરોની સલાહ માગી, તો તેમણે સાફ ના પાડી, અને કહ્યું કે હઝરત ! ખુદાને મંજુર હશે તો સઉ સારૂં થશે, પણ આવી સ્થિતિમાં ત્રણ દિવસની લાંબી મુસાફરી કરી, ડોકટરોની ગેરહાજરીમાં બાવામીયાં સાહેબને લઇ જવા, એ ઠીક નથી. અત્રે હાલમાં તબી

યતમાં સહેજ સુધારો છે, આપ સુખેથી પધારો. અમારો બનતો ઇલાજ અમે કરીશું, પછી તો માલકની મરજી.

જો ડોકટર સાહેબોએ જનાબ બાવામીયાં સાહેબને હઝરત પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબ સાથે લઇ જવાની સલાહ આપી હોત તો નામદાર પીરો મુર્શીદ ગમે તેટલા ખર્ચે ભાણેજને પોતાની સાથે લાવત, પણ આવા નાજુક વખતમાં ડોકટરોની સલાહથી વિરૂધ્ધ જઇ પગલું ભરવું પસંદ પડયું નહિં. ખુદા સર્વ જગ્યાએ વ્યાપી રહયો છે તે સૂત્ર નજર સામે રાખી લીધું. વળી દેખીતી રીતે તબીયતમાં સુધારો માલુમ પડતો હતો, તેથી હઝરત પીરો મુરશીદ મઉલાના મોટામીયાં સાહેબ એકલબારા ઉરસ શરીફમાં સામેલ થવાની પોતાની નેક ફરજ અદા કરવા વિદાય થયા. જનાબ નિઝામુદ્-દીન સાહેબ તથા મી૦ આજમખાન મલેકને નાણાંની પુરતી રકમ આપી, નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબ દાદા કાયમુદ્દીન ચીસ્તી (૨૦ અ૦)ના ઉર્સ શરીફમાં હાજરી આપવા ત્યાંથી નીકળ્યા.

લખ્યા લેખ મટતા નથી !

જનાબ બાવામીયાં સાહેબની સારવાર માટે જનાબ મૌલાના નિઝામુદ્દીન-દીન સાહેબ પ્રથમથીજ અલીગઢ જઇ પહોંચ્યા હતા. તેમણેજ પોતાના માનવંતા પિતા નામદાર મૌલાના પીર મોટા-મીયાં સાહેબને તાર કરી અલીગઢ બોલાવ્યા હતા. જનાબ મૌલાના નિઝામુદ્-દીન સાહેબ નાજુક તબીયતના છે, છતાં તેમણે પોતાની ફોઇના દિકરાની બિમારીમાં સારવાર કરવામાં જરાએ કચાશ રાખી ન હતી. ડોકટરોની સુચના મુજબ ખોરાકની ચીજો હાજર કરતા

હતા. જનાબ બાવા મીયાં સાહેબને ખોરાકમાં સંતરા આપવાનાં હતાં. અલીગઢમાં સંતરાં મળે નહિં, તો એક રૂપીઓ ૭ આનાની ટિકિટ ખર્ચી દિલ્લી જઇ, ૭ આનાનાં તાજાં સંતરાં જનાબ નિઝામુદ્-દીન સાહેબ લઇ આવતા હતા. મતલબ કે અહરનિશ સારવાર માટે ઉભે પગે હાજર રહેતા હતા.

તા૦ ૧૩મી નવેમ્બરનો દિવસ હતો! સુરજ આસમાનમાં છુપાતો હતો! બધે સુનસાન દેખાતું હતું! એક કોટડીમાં જનાબ બાવામીયાં સાહેબ, જિંદગીની છેલ્લી ઘડીઓ વીતાવતા હતા! ઉપરા છાપરી બે ત્રણ ડુસકાં આવ્યાં! છેલ્લે ડુસકે સદાને માટે આખેરત તરફ સિધાવી ગયા! જનાબ નિઝામુદ્-દીન સાહેબના નાજુક દિલ ઉપર કારી જખમ થયો! ચક્કર આવવા લાગ્યાં! હવે હું કોઇને શું મોઢું બતાવીશ! કોઈ પુછશે કે મારા બાવામીયાં કયાં છે તો આ સવાલનો હું શું જવાબ આપીશ! કોઇને શું ખબર કે મેં બાવામીયાં માટે શું શું મેહનત કરી! હવે ઘેર શી રીતે જવાય! અહીંઆં મારૂં અંતરનું સગું કોણ! મારા સ્નેહિ તો ઘણા છે, પણ તે ભાઇઓને મારાથી કેમ કહેવાય કે મને તથા મારા ભાઇ બાવામીયાંની લાશને મારી કોઈ પાસે લઇ ચાલો! શું મને જોઇ કોઇ રાજી થશે! અરે, કલ્પાંત કરતાં બાવામીયાંની બિમારીના સમાચાર પુછશે, તો હું શું કહીશ? વગેરે વગેરે તરંગો જનાબ નિઝામુદ્-દીન સાહેબના દિલમાં ઉછાળા મારવા લાગ્યા! અને તુટેલા દિલથી નીચલી કડીઓ તેમને યાદ આવી!

રેહ ગઇ અકલ હવસ કારે પરેશાં હોકર
એક માયુસે તમન્નાકી નીગેહબાં હોકર !
અલ્લાહ અલ્લાહ મેરે શિરાઝએ હસ્તીકા નીઝામ
કોઇ બેગાના હે અબ મુઝસે મેરીજાં હોકર !
હાય યે કીસસે કહેં, કશમ કશે બીમો ઉમીદ
મીટ ગયે મહફીલે હસ્તીમેં પુર અર્માં હોકર !
હાય આસાં નહિં, અબ ખૂન કે આંસુ રોના
ક્યાં કરેં ગમ કદએ દહરમે ખંદાં હોકર !

લાશ કડી આવે છે !

અલીગઢ યુનીવર્સિટીમાં ઠેરે ઠેર અફસોસ છવાઇ ગયો ! દરેક દરેક જણ દિલાસો આપવા લાગ્યા ! જેમ જેમ ખબર પડતી ગઈ તેમ વિદ્યાર્થીઓ ભેગા થતા ગયા અને પાંચ હજાર માણસોએ જનાઝામાં ભાગ લીધો !

તા૦ ૧૪-૧૧-૨૯ ને રોજે એકલબારા મુકામે આવતાં અચાનક તાર મળ્યો કે બાવામીયાં ગુજરી ગયા છે અને તેમની લાશ ટ્રેનમાં કડી આવે છે ! આ સમાચાર જાણી નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબ ઠંડાગાર થઇ ગયા ! પણ કોઇને જાણ કર્યા વગર રાતોરાત એકલબારેથી વડોદરે મોટરમાં રવાના થયા. ત્યાંથી રાત્રે બેની ટ્રેનમાં સવાર થઈ બપોરે કડી પહોંચ્યા. અને કડી માટે સાંજ સુધી બીજી ટ્રેન નહીં હોવાથી ઘણા માણસોને બાવામીયાં સાહેબની લાશ મોટરમાં કડી લાવવા માટે કલોલ રાખ્યા.

જનાબ મૌલાના નિઝામુદ્દ–દીન સાહેબ, મલેક આજમખાન બી૦ એ૦, મી૦ રસુલભાઇ મન્સુરી, તથા અલીગઢ કૉલેજના બે સ્કોલરો મી૦ અલીભાઇ દેસાઇ તથા મી૦ ગોલંદાઝભાઇ લાંબી મુસાફરી કરી જનાબ બાવામીયાં સાહેબની લાશ મુબારક લઇને કલોલ સ્ટેશને બપોરે ઉતર્યા ! અને ત્યાંથી બપોરે એક વાગે મોટરમાં લાશ કડી આવી ! આ વખતનો દેખાવ ઘણોજ કરૂણાજનક હતો. આખા કડી શહેરમાં અફસોસ છવાઇ ગયો હતો ! એ દિવસથી હડતાળ પડી હતી ! હિંદુ, પારસી, મુંસલમાન જેના તેના મ્હોં ઉપર ઉદાસી છાઇ રહી હતી ! જનાબ બાવામીયાં સાહેબની લાશનાં દિદાર કરવા ટોળાંનાં ટોળાં તલસી રહયાં હતાં ! ઘર આગળ સંદુક ઉતારી, ફરી જનાઝામાં સુવાડવામાં આવ્યા ! સગાંવહાલાંએ મ્હોડું જોયું ! લોકોમાં રડારોડ ચાલી ! એક શાદી કરવા જોગ જુવાનના લગનના સરઘસને બદલે જનાઝાનું સરઘસ નીકળ્યું ! મા અને બહેનોનાં કલ્પાંત જોઇ શકાતાં નહોતાં ! ચો તરફ આંસુઓની ધારાઓ હતી ! મામાનું કાળજું ફાટી ગયું હતું ! પણ છાતી ઉપર પત્થર મૂકયો હતો ! આખા ગામમાં હાહાકાર થઇ રહયો હતો ! બચ્ચું, બચ્ચું રડતું હતું ! માણુસોનો તો કાંઇ પાર નહતો. તેમ દુઃખનો પણ કાંઈ પાર નહોતો ! જનાઝા ઉપર ફુલનો સેરો એઢાડયો હતો. જે જોઇ લોકોનાં કાળજાં ફાટી જતાં હતાં ! હજારો લોકો આ દેખાવ જોતા હતા, અને તેમની જુવાનીને યાદ કરી રડતા હતા ! બાપના મગજની સ્થિતિ સારી નહિં હોવાથી, જુદા મકાનમાં બેઠા બેઠા, મસ્તીની હાલતમાં તેઓ તો એમજ કહેતા કે લોકો નાહક રડે છે, બાવામીયાં તો પઢવા ગયા છે, અને મજેમાં છે ! આથી લોકોનાં જીગરને એક

જુદોજ ધા લાગતો હતો ! જનાઝો હજારો આંસુઓ વચ્ચે ચાલ્યો. અને સાથે સાથે પઇસા ટકા તથા અનાજનું પુનદાન પણ થતું ચાલ્યું. મુરીદોએ સેંકડો રૂપીઆ આ પ્રમાણે ગરીબોને આપ્યા અને તેમના નિર્દોષ આત્માને સવાબ પહોંચાડયો. આજ સુધી કડીમાં આવો કોઈ જનાઝો નીકળ્યો નથી ! ગામમાં જે જે ભાગમાં જનાઝો જતો ત્યાં દુઃખનો ડુંગર અને શોકનો સાગર ફરી વળતો હતો ! આખરે જનાઝો શહેરના મુખ્ય લત્તાઓમાં ફરતો ફરતો સરકારી હસ્પીતાલ પાસે ખાકચોકના મેદાનમાં આવી પહોંચ્યો ! જનાઝાની નમાઝની તૈયારી થઇ ! એકેક સફમાં લગભગ બસો બસો માણસ ગોઠવાયા અને એવી અનેક સફો ઉભી થઇ ! "અલ્લાહો અકબર" ના અવાજથી પેશ ઇમામે નમાઝની શરૂઆત કરી ! આ વખતની અપુર્વ ગંભીરતા બાજુ ઉપર ઉભેલા સેંકડો બીજા કોમના ભાઇઓ જોઈ રહયા હતા અને હજારો માણસો મહુંમ માટે નમાઝમાં દુવા માગે છે છતાં એક ચકલી જેટલો પણ અવાજ થતો નથી એવી પરમ શાંતિનો પ્રભાવ બધે છવાઇ રહ્યો હતો ! હજારો માણસોએ નમાઝ આ પ્રમાણે પુરી કરી અને મહુંમના નિર્દોષ આત્માની શાંતિ માટે વિશુદ્ધ અંતઃકરણથી દુવા માંગી! તે પછી જનાઝો પાસેની બાલાપીરવાળી જગામાં તેમને હંમેશને માટે જમીનને સોંપવા લાવવામાં આવ્યો! કબર સુચના પ્રમાણે પ્રથમથી ખોદાઈ ચૂકી હતી અને બાવામીયાંને લેવા આતુર હતી તેવામાં કબર આગળ જનાઝો આવી પહોંચ્યો મહુંમને અંદર ઉતારવા તૈયારીઓ થઈ અને જોત જોતામાં બાવામીયાં માટીનો ઢગલો થઈ ગયા ! લોકોની નજરોથી હંમેશને માટે

અદ્રશ્ય થયા ! દુઃખી અંતઃકરણે પ્રથમ મામાએ અદ્રશ્ય થએલા ભાણેજની કબર ઉપર ફુલ ચઢાવ્યાં ! અને પછી તમામ લોકોએ મર્હુમ તરફ પોતાની એ છેલ્લી ફરજ અદા કરી ! ફાતેહા પઢી સ્વર્ગવાસીને છેલ્લી સલામ કરી લોકો ઘર તરફ વિદાય થયા ! અને રિવાજ પ્રમાણે કબરથી ચાલીસ કદમ ઉપર આવી ફરી ફાતેહા માટે ઉભા રહ્યા ! બાવામીયાં ગયા ! હમેશને માટે ગયા ! નજરથી ગાયબ થયા ! હવે ફરી મળવાના નથી ! કરોડો ઉપાયે પણ હવે ફરી આવવા નથી ! હવે હમેશને માટે અહીં રહ્યા ! ઘર તરફ કદી મ્હોડું કરવાના નથી ! ગામની શેરીઓમાં હવે કદી દેખાવાના નથી ! તેમની શીકલ હવે નજરે પડવાની નથી ! કયામત સુધીનું છેટું થઇ ગયું ! વગેરે ચીતાર આવી ઉભો થયો ! પણ વળેશું ? ફરી ફાતેહા પઢાયા. અને લોકો આગળ વધ્યા ! જમીન પકડી રાખતી હતી ! ડગલાં ભરાતાં નહોતાં ! તેવી હાલતમાં તમામ લોકો મર્હુમના ઘર આગળ આવી પહોંચ્યા. ઘર જોતાં જ ફરી નવા તરંગો ઉઠવા લાગ્યા ! મર્હુમ અહીં રહેતાં હતા ! અમુક જગાએ બેસતા હતા ! અમુક જગ્યાએ અભ્યાસ કરતા હતા ! અમુક જગાએ આમ કરતા અમુક જગાએ તેમ કરતા હતા ! એવા ચિતાર ફરી ઉભા થવા લાગ્યા ! પેશ ઇમામે ફાતેહાની શરૂઆત કરી અને ફરી ગંભીરતાએ પોતાનો અમલ શરૂ કર્યો ! ફાતેહા પુરા થયા અને લોકો વિયોગી મામાને દિલાસો આપી રજા માગવા લાગ્યા ! ઘણા વિદાય થયા અને થોડા રહ્યા તેટલામાં એકલબારાનું સ્મરણ મામાના મનમાં આવી ઉભું થયું ! એક ફરજ અદા થઇ ! હજુ બીજી બાકી છે ! બેચેની થવા

લાગી ! ત્યાં જવું કે ન જવું ! જવાથી દુઃખી બહેનને સંતાપ થશે ! અને નહી જવાથી ત્યાં ભેગા થએલા હજારો લોકો દુઃખી થશે ! આનો નિર્ણય શી રીતે કરવો ! નિર્ણય કોણ કરી શકે ! એક તરફ ભાણેજના તાજો ઘા, બહેનની દુખી હાલત, ભાઇની નાદુરસ્ત તબીયત, એ વસ્તુઓ તેમને પકડવા લાગી ! બીજી તરફ વડીલ દાદાના વાર્ષિક ફાતેહા, હજારો લોકોની હાજરી, ગરીબોએ કરેલો ખર્ચ, મેમાનોની હાલહવાલી, એ વસ્તુઓ તેમને બેચેન કરવા લાગી ! બહેનને કયા મોહડે કહેવું કે હું જાઉં છું ! તેને કેવું લાગશે ! તે શું કહેશે ! લોકો શું વિચાર કરશે ! લોહી ભર્યું મ્હોડું લઇને કયાં જવું ! ઘરમાં મોત મંડાઇ છે ! કલ્પાંત જારી છે! બહેને આઠ દહાડાથી અન્નનો દાણો લીધો નથી ! તે જીવતી મરી ગઇ છે ! તેને કયા મ્હોડે કહેવું કે હું જાઉં છું ! આવતી કાલે દાદાનું સંદલ છે ! ત્યાં હાજર થવા વગર છુટકો નથી ! ત્યાં લોકો જાણતા નથી કે હું આવામીયાને દફનાવી ચૂકયો છું ! મારા હાથ લોહી ભર્યા છે એવા ત્યાં કોઇને ખબર નથી ! હું તો ચૂપચાપ આવ્યો છું ! અમારી ઉપર જે ગુજરી છે તે ત્યાં કોઇ જાણતું નથી ! તેઓ તો ત્યાં હમેશ પ્રમાણે સવાબ મેળવવા આતુર બની રહ્યા હશે ! એમને બિચારાઓને શું ખબર કે મારી છાતી ઉપર કેવો પથરો મૂકાયો છે ! અને મારી શી દશા થઇ છે ! હે પાક પરવર દીગાર ! આનો તોડ તુંજ પાડ ! આનો નિર્ણય તુંજ કર ! આનો રસ્તો તુંજ દેખાડ ! બીજા કોને કહું ! કોનામાં એ શક્તિ છે ! મારી હાલત દુઃખી છે તેના કરતાં મારી બહેનની હાલત વધારે દુઃખી છે ! એ દુઃખ હું કોને કહું ! તેના તો મ્હોં સામે પણ જોવાતુ નથી ! મારે શી રીતે જવું ! કયો

રસ્તો લેવો ! હે દયાળુ માલીક ! તું પોતેજ બતાવ કે મારે શું કરવું ! આ પ્રમાણે દુઃખી અંતઃકરણમાં દુઃખી વિચારોના મોજાં દુઃખ દઇ રહયાં છે ! ખુદા ઉપર વિશ્વાસ પાકો છે ! ખુદા જે કરે તે ખરૂં ! એની મરજી હતી તે થયું અને થશે ! એની વાતમાં કોને અધિકાર છે ! એ શું ભેદથી આ કરી રહ્યો છે તે કોણ જાણી શકે છે ?

મામા અસરની નમાઝ પઢી, ખુદા આગળ દુઆ માગી, છાતી ઉપર પથર મૂકી, દુખી અંતઃકરણે અને દુખી ચહેરે બ્હેનને મેળાવા ઘરમાં જાય છે ! બહારથી મૈયતમાં આવેલી સ્ત્રીઓ ઘણે ભાગે વિદાય થઇ ગઇ છે ! માત્ર ખાસ ખાસ બાકી રહી છે ! ઘરમાં શાંતિ જેવું કાંઇક જણાય છે ! બહેન અને ભાઇની નજર એક થતાં ફરી વિલાપનો જોશ ઉભરી આવે છે ! ભાઇ ઘરમાં જઇ બહેનની પાસે, ખુદા ઉપર ભરોસો રાખી, હૈયું કઠણ કરી બેસી જાય છે ! બહેન વિલાપ કરે છે! ભાઇના જીગરના અંદરથી ટુકડે ટુકડા થઇ રહયા છે, પણ ભાઇ ઉપરથી ગંભીરતા ધારણ કરી ચુપ ચાપ સાંભળે છે ! આ વખતનું બહેનનું રૂદન રૂંવેરૂવાંને રોવડાવે છે, પણ ભાઇ ચુપચાપ છે ! બહેનના દુઃખી ઉદ્દગાર નીકળી રહ્યા છે કે હાય ખુદા, આ શુ થયું ! હાય ! મારી કીસ્મતના લેખ ! દીકરા બાવા-મીયાં ! તેં આ શું કર્યું ! મને દગો દઇને તું કયાં ગયો ! તારી દુઃખણી માનું મોત કેમ ન આવ્યું ! હાય ! હું હવે તારા વગર શા રીતે જીવી શકીશ ? તું મારી આંધળીની આંખ હતો ! તારી આશાએ હું જીવતી હતી ! તારી ઉપર મારૂં ભવિષ્ય હતું ! વ્હાલા દીકરા ! તેં આ શું કર્યું ! તને મેં જીગરનું ખુન પીવાડીને મોટો કર્યો હતો ! તેં મારા એ ખુન તરફ પણ ન જોયું ! તું હુરીવાર થયો !

તું ભણ્યો ! તું પાસ થયો ! અને હાય ! આજે આ શું થયું ! તને મોટી આશાએ અલીગઢ મોકલ્યો હતો ! પણ મને શું ખબર હતી કે મારી કીસ્મત ફુટેલી છે ! વહાલા દીકરા ! તું સઉ અરમાન પેટમાં લઇને ગયો છે ! અને મારા અરમાનોનું પણ સત્યાનાશ વળી ગયું છે ! મારી તમામ આશાઓ ધુળમાં મળી ગઇ છે ! તારો વિયોગ મારે માટે મોતથી પણ અધિક છે ! હું હીણભાગી મરી ગઇ હોત તો આ આંખે આજે તારા જનાઝાનો શેરો જોવાનો વખત ન આવત ! હાય ખુદા ! શું મારી કિસ્મત ! અને શું મારા લેખ ! હવે ક્યાં જાઉં ! અને શું કરૂં ?

પોતાથી ઉમરમાં નાની બહેનનું આ રૂદન સાંભળી ભાઇના જીગરના કટકેકટકા થઇ રહ્યા છે ! રગેરગ તુટી રહી છે ! કાળજું વિંધાઇ રહ્યું છે ! પણ છાતી ઉપર પત્થર મુકી ગયું સાંભળી જાય છે ! આંખોના અંતરપટમાં આંસુઓનો દરીઓ ઉભરાઇ રહ્યો છે ! પણ દ્રઢતા તેને બહાર આવવા દેતી નથી ! દુઃખી બહેનને દિલાસો દેવાનો છે ! તેના મનને શાંત કરવાનું છે ! તેને ધીરજ આપવાની છે ! તેનાં આંસુ લુંછવાનાં છે ! રેલનો ટેમ નીકળી ગયો છે, હવે ગાડી પકડવા આઠ ગાઉ કલોલ સ્ટેશને જવાનું છે ! દહાડો આથમવાને થોડોજ વખત છે ! વખત જશે તો કલોલ પણ ગાડી હાથ આવશે નહિં, અને એકલબારે જવાનું રઝળી જશે ! આવી સ્થિતિ થઇ રહી છે ! હવે ભાઇને બોલ્યા વગર છુટકો નથી ! બોલવા જતાં હૃદય નબળું ન પડે તેની ખાસ કાળજી રાખવાની હતી ! બહેનનો વિલાપ ચાલુ છે ! તેમની નાની દીકરીઓ પાસે બેસી

છાતી ફાટ રડી રહી છે ! બીજી સ્ત્રીઓ પણ તેમાં શામીલ છે ! દરેક જણ રૂવે છે અને આંસુ પાડે છે ! પણ એક માત્ર ભાઇજ છે જે ઓસુંનું એક ટીપું પણ બહાર આવવા દેતા નથી ! શરીર બરફ જેવું થઇ ગયું છે ! રગો સુન મારી ગઇ છે ! તે સાથે હૈયું પણ બહેર મારી ગયું છે ! આ પ્રમાણે કરુણતાના બોજમાં ભાઇએ ધીમેથી બોલવું શરૂ કર્યું ! !

બહેન ! બાવામીયાંના શોકમાં તમે તો શું પણ પાંદડું પાંદડું રડી રહયું છે ! આ ઘા એવો છે કે કદી રૂઝાવાનો નથી ! જુવાન મોત છે, એનો ગમ કોને ન હોય ! તમારા આ દુઃખી ભાઇનું હૈયું આજે એક અઠવાડીયાથી લોહીનાં આંસુ પાડી રહયું છે ! પણ ખુદાની મરજી આગળ તે પણ હવે લાચાર થઇ ગયું છે ! બાવા મીયાં ખુદાનો માલ હતો, ખુદાએ આપ્યો હતો, અને ખુદાએ લઇ લીધો ! એની ઉમર એટલીજ હતી ! જો બીજાની ઉમરથી એની ઉમરમાં વધારો થઇ શકે એવું હોત તો હું કોઇને પણ પુછ્યા ગાછ્યા વગર મારી અને તમારી બેઉની ઉંમર તેને આપી દેત ! પણ તેમ બની શકતું નથી ! તમે અને હું બેઉ રડીને મરી જઇશું તોપણ દીકરો પાછો આવવાનો નથી ! જેની આપણને ખપ હતી તેનીજ ખુદાને ખપ હતી ! અને તે તેનો માલ હતો !

તમારા આ ભાઇએ તેની પાછળ ઘણી પગ દોડી કરી અને જેટલું બની શકયું તેટલું કર્યું ! પણ ખુદાના હુકમ આગળ કોઇનું કાંઇ વળી શકયું નહિં ! બાવામીયાં ગયો છે તેમ આપણે પણ જવાનું છે ! તે આપણા દાદાઓ સાથે જઇ મળયો છે ! અને ત્યાં ખુશીમાં હશે ! તે ઓલીયાઓના શરણમાં ગયો છે એટલે તેનું તો

ભલુંજ થવાનું છે ! દુઃખી માત્ર આપણે છીએ ! પણ આપણે પણ ખુદાની મરજી ઉપર રાજી રહેવું જોઇએ ! અને બાવામીયાં માટે દુવા કરવી જોઇએ ! ખુદાથી નાઉમેદ થવાનું નથી ! તે આપણો માલિક છે ! તેની મરજી ઉપર રાજી રહેવામાંજ આપણું ભલુ સમાએલું છે ! તમે સમજુ છો ! વધારે શું કહું ! કાલે એકલબારામાં દાદાનું સંદલ છે અને ફાતેહા દેવાડવાના છે ! બાવામીયાંના ફાતેહા પણ ત્યાં દેવાડીશું તો ઘણા લોકો તેમાં શામેલ થઇ શકશે અને તેની રૂહ—આત્માને ઘણો સવાબ મળશે ! બધાજ લોકો ત્યાં રાહ જોઇને બેઠા હશે, માટે તમો કહો તો હું જાઉં ! અને ત્યાં ફાતેહા દેવાડું ! ભાઇનાં આવાં વચનોથી બહેનના મનને કાંઈક શાંતી થએલી જણાઇ અને એકલબારે જવા રજા આપી.

ભાઈ ઉઠયાં અને બહાર આવ્યા ! ઘણા લોકો રાહ જોતા બેઠા હતા ! તેમની રૂબરૂ જઇ અલીગઢથી બાવામીયાંની લાશ લાવવા વગેરેનું જે બીલ આવ્યું હતું તે તમામ ચુકવ્યું ! અને અલીગઢથી લાશ સાથે આવેલાઓનો ઉપકાર માની મોટર મંગાવી કલોલ જવા તૈયારી કરી !

બાવામીયાં સાહેબના અમ્મા સાહેબના કલ્પાંતનું વર્ણન મારી કલમની બહાર છે ! ગમે તેવા કઠણ દિલના માણસનું હૈયું ઉભરાઇ આવે, તેવો દેખાવ થઇ રહ્યો હતો ! લગભગ ત્રણ દિવસથી આસમાન વાદળાંથી ઘેરાઈ રહ્યું હતું ! પૃથ્વી ઉપર ખેદ જનક બનાવ બનવાની નિશાની રૂપ વાદળાં ઘનઘોર થઈ રહ્યાં હતાં ! અલ્લાહના દોસ્તો દુન્યા ઉપરથી ઉઠે છે, ત્યારે પૃથ્વી રડી ઉઠે છે. તેવો ખરેખર આબેહુબ ચિતાર રજુ થયો હતો ! ધરતી ખાવા ધાય, તેવો દેખાવ નજરે પડતો હતો ! આ બનાવ કડી શહેરમાં બન્યો હતો,

પણ વાદળાંનો ઘેરાવો આખા ગુજરાત ઉપર હતો ! જમીન ઉજ્જડ લાગતી હતી ! અને આસમાન જાણે રડી ઉઠ્યું હોય, તેમ આછા આછા છાંટા કોઇ કોઈ ઠેકાણે પડતા હતા !

જનાબ બાવામીયાં સાહેબ, વલી અલ્લાહ હોવાની ખાતરી આ પ્રમાણે જમીન અને આસમાને પણ આપી હતી ! તા૦ ૧૩મી નવેમ્બરથી તા૦ ૧૪મી નવેમ્બર અને તેની આગળ પાછળ બબ્બે દિવસ આસમાન વાદળાંથી ઘેરાઇ પૃથ્વી ભયામણી લાગતી હતી ! આસમાન રડી ઉઠ્યું હતું ! આછા આછા છાંટા પડતા હતા ! જનાબ બાવામીયાં સાહેબ વલી અલ્લાહ હોવાની આ બે દલીલો એવી તો રોશન છે કે આખા ગુજરાતમાં અનેક લોકોએ નજરે જોઈ ખાતરી કરી છે ! આ દિવસોનાં વાદળાંનો ઘનઘોર ગમગીન દેખાવ, તથા આસમાનનું રડવું, એ ગુજરાતના અનેક માણસોએ નજરે દીઠેલું હતું.

કેટલાક ભાઇઓનું આ તરફ ધ્યાન નહિં હોય પણ એકલબારા ઉર્સ શરીફમાં ચાલુ સાલે લગભગ ત્રીસથી ચાલીસ હજાર માણસોનો જમાવ થયો હતો જેમાં સંખ્યાબંધ માંડવા અને ગાડાં આવ્યાં હતાં. આ સર્વે ભાઇઓને આસમાનથી પડતા છાંટા જોઈ ત્રાસતી પડી હતી કે વખતે જો છાંટા વધુ પ્રમાણમાં થશે, તો માલ અસબાબ ભીંજાઈ જશે. બીન ઋતુના આ છાંટા અને વાદળાંનો ઘનઘોર વરસાદનાં ચિહ્ન ન હતાં, પણ અલ્લાહના ખાસ બંદા બાવા ફરીદુદ-દીન શકરગંજ ચીસ્તી (ર૦ અ૦)ની પાક ઔલાદના ચિરાગ જનાબ બાવામીયાં સાહેબના પરદે થયાના અફસોસમાં રડતા આસમાનનાં આંસુ છાંટાના રૂપમાં ટપકતાં હતાં ! આ વાત ખરેખર સત્ય છે. મહાન પેગંબરે ખુદા (સ૦ અ૦ વ૦) સાહેબ ફર્માવે છેઃ-

જ્યારે નેક બંદો ગુઝરી જાય છે, ત્યારે આસમાનના બને દરવાઝા રડી ઉઠે છે. આ હદીસ શરીફનો સાક્ષાત્કાર તા૦ ૧૨મી નવેમ્બરથી તા૦ ૧૫મી નવેમ્બર સુધી થયો હતો.

વળી અલ્લાહના ખાસ બંદા ઉઠી જાય છે ત્યારે જમીન પણ રડી ઉઠે છે. જનાબ બાવામીયાં સાહેબ પરદે થયા, તે અરસામાં જમીન ઉજ્જડ માલુમ પડતી હતી ! ધરતી ખાવા ધાતી હતી ! મહાન પેગંબરે ખુદા (સ૦ અ૦ વ૦) સાહેબની હદીસ હઝરત અબ્બાસ (ર૦ અ૦)થી છે કે—કોઈ નેક બંદો ગુઝરી જાય છે, ત્યારે જમીન ચાલીસ દિવસ સુધી રડયા કરે છે. વળી એક હદીસમાં એમ પણ આવ્યું છે કે અલ્લાહના ખાસ બંદા દુન્યાથી ઉઠી જાય છે ત્યારે તેમની કબર ઉપર ખુદાની રેહમત ટપકે છે.

આ બધું જોતાં જનાબ બાવામીયાં સાહેબ વલી હોવાની સાબીતી મળી આવે છે. હઝરત ઈબ્રાહિમ અદહમ, (ર૦ અ૦) હઝરત બાવા ફરીદ શકરગંજ, (ર૦ અ૦) અને હઝરત કાયમુદીન ચીશ્તી (ર૦ અ૦) સાહેબથી લઇ આજ સુધીમાં આ ખાનદાનમાં અનેક અવલીઆ અલ્લાહ થઇ ગયા છે, જેથી આ ખાનદાનના જનાબ બાવામીયાં સાહેબ પણ વલી અલ્લાહજ છે. હઝરત ઈબ્રાહિમ અદહમ (ર૦ અ૦) સાહેબે ફકીરી ધારણ કીધી હતી. અને આ ફકીરીનો ગુણ આજ સુધી આ ખાનદાનમાં ટકી રહ્યો છે, તો તે ગુણની બરકતથી આ ખાનદાનમાં કયામત સુધી વિલાયત ચાલુ રહેશે, અને સચ્ચા ઓલીયા થશે.

જે માને એકનો એક પુત્ર હોય, અને તેની જીંદગી ઉપર લાંબી લાંબી આશાઓ બાંધી હોય, તે પુત્ર અચાનક પરદેશમાં

દુન્યાથી ઉડી જાય, તેની માના દિલ ઉપર કેવો કારી ઘા લાગે, તેનું બયાન કરવું અશક્ય છે! બિમારીમાં પુત્રની ચાકરી કરવાનો મને લ્હાવો મળયો હોત તો સારૂં થાત! છેલ્લી વખતે પુત્રનું મ્હોં મારા ખોળામાં હોત તો સારૂં થાત! વગેરે વગેરે બાબતો યાદ કરી જનાબ બાવામીયાં સાહેબનાં અમ્મા સાહેબ વલોપાત કરે એ સ્વભાવિક છે! ખુદા તેમને સબર આપે!

કડી શહેરમાં, તલાવ આગળ સરકારી ઇસ્પીતાળ પાસે, બાલા પીરના રોઝા વાળી જગામાં જનાબ બાવામીયાં સાહેબની દફન ક્રિયા કરવામાં આવી. આ જગા ઘણી સારી છે. જતા આવતા ભાઇઓને ફાતેહા પઢવાની સુગમતા પડે તેવો ધોરી રસ્તો આવવાથી હજારો માણસોની આવજા થાય તેવો મોકો છે, જેથી આ ઇલ્મના રસ્તામાં શહીદ થએલા પીરની દરગાહની ઝયારત કરી, અનાયાસે દરેક જણ સવાબ હાંસીલ કરે, તેવી અનુકુળ સવડતા વાળું આ સ્થળ છે.

તાજેતર પોતાની બહેનના દિલને પૂરતો દિલાસો અપાય, તેવા સંજોગો નથી, છતાં યોગ્ય દિલાસો આપી, નામદાર પીરો મુર્શીદ મોટામીયાં સાહેબ દાદા કાયમુદીન (૨૦ અ૦) ના ઉર્સ શરીફમાં હાજરી આપવા એકલબારા તરફ વિદાય થાય છે.

એકલબારે હજારો લોકોની મેદની ભરાઈ ચૂકી છે! ડેરે ડેર માંડવા તંબુ અને ગાડાનો ઘીચોઘીચ જમાવ થઇ રહ્યો છે! કોઇ મૌલુદ પઢે છે, તો કોઇ ભજન કરે છે! તો કોઇ અવલેઆ અલ્લાહના ગુણગાન કરે છે! પણ આ વાત કોઇ જાણતું નથી! તો પણ દરે-

કના દિલમાં એ ચટક લાગેલી છે, કે બાવા મોટામીયાં સાહેબ ક્યાં ગયા ! એકલબારે પધારી અચાનક ક્યાં ગયા ! રાત્રિના બરાબર ચાર વાગે સંદલની રાત્રિએ, અચાનક દરગાહના કમ્પાઉન્ડમાં સુસવાટા મારતી મોટર સપાટાબંધ ધસી આવે છે! હું આંસુ ભરી નજરે રાહ રાહ જોઇ રહ્યો હતો, કે બાવા સાહેબ હમણાં આવશે, હમણાં આવશે! મોડી રાત્રે મોટર આવતાં તેના અવાજ સામે દોડી ગયો ! દૂરથી નામદાર પીરો મુર્શીદની કુલાહ શરીફ (ટોપી) જોઇ ! હરખ ભર્યો કદમ બોસી કરવા દોડી ગયો ! મારી સાથે ભાઇ "પ્રેમાંધ પણ" જાગતા હતા ! અમારા હૃદયમાં બાવા સાહેબનો તાર હતો અને ઝબાન ઉપર બાવા સાહેબની યાદ હતી! નામદાર પીરો મુર્શીદની મુલાકાતથી પાવન થઇ જનાબ બાવામીયાં સાહેબના સમાચાર પૂછવા મારી જીભ તઇયાર થઇ, તેટલામાં તો બીજા ભાઇએ સૈયદ ફૈઝ હુસેનને તે પ્રશ્ન કરી દીધો ! જવાબ મળ્યો કે "બાવામીયાં મઝામાં છે !" ખરેખર જનાબ સૈયદ ફૈઝ હુશેનનું કહેવું સત્ય હતું! અલ્લાહપાક પણ કહે છે "લા ખવફુન અલયહીમ વલ્લાહુમ યહઝનુન" અર્થાત ઓલીયાને કોઇ જાતનો ડર કે ગમ નથી ! [મઝામાં છે] ! તેવી સ્થીતીમાં બાવામીયાં પણ છે !

બીજે દિવસે સવારથી ઉર્સમાં ભાગ લેનારાની સંખ્યા વધવા લાગી. ત્રીસ ચાલીસ હજાર માણસોનો જમાવ થયો. નામદાર પીરો મુર્શીદ દરેકને હસ્તે ચહેરે મળતા હતા, અને આશિષનો વર્ષાદ વરસાવતા હતા ! કડીમાં જનાબ બાવામીયાં સાહેબના પરદે થયાની વાત ખુલ્લી કરે, તો ઉર્સના હજારો માણસના દિલ ઉપર રંજ પેદા થાય !

આનંદમાં ડુબતી દુન્યા અફસોસમાં ગરકાવ થઇ જાય ! નેકીનાં કામમાં અંતરાય આવી જાય ! ગરીબ દુકાનદારો અને મજુરોની રોજી ચાલી જાય ! જેથી પોતાનો રંજ નામદાર પીરો મુર્શીદ ઝાહેર ન કર્યો ! અંતરના ઉભરા અંતરમાં સમાવી દીધા ! અને અલ્લાહ રસુલના હુકમની તાબેદારી કરવામાં મ્હોં ઉપર અફસોસની કરચલી સરખી પણ પડવા ન દીધી !

રાબેતા મુજબ સાંજે પાંચ વાગે દાદા કાયમુદીન ચીશ્તી (ર૦અ૦)ની દર્ગાહ શરીફમાં સંદલની ક્રિયા પૂર્ણ કીધી ! સાંજરે મુંબાઇ વાસીઓ તરફથી મૌલુદની મજલીસ પૂર દમામથી થઇ ! ઠેરે ઠેર ભજન મંડળીઓ સત્સંગમાં મશગુલ બની ! દર્ગાહ શરીફમાં ખત્મેકુર્આન થવા લાગ્યાં ! નામદાર પીરો મુર્શીદ દરેક સ્થળે ફરતા અને સેવકોને આશિષ આપી તેમના ઉત્સાહમાં વધારો કરતા હતા ! આખી રાત આવા સત્સંગમાં પૂરી કીધી ! સંદલનો બીજો દિવસ ત્રિરાગી–ઉર્સનો હતો. તે દિવસ પણ ઘણા આનંદથી નેકીઓ લૂટવામાં વીતાવ્યો ! વડોદરા પ્રાંતના પોલીસ સુપ્રીટેન્ડેન્ટ, તથા આમોદના ના૦ નવાબ સાહેબના મોટા કુંવર તથા ભાયાતો, તથા વીરપોરના ઠાકોર છત્રસિંહજી તથા વાસણના ઠાકોર જસવંતસિંહ તથા બીજા કેટલાક અમલદારો અને શ્રીમંતો ઉર્સમાં ભાગ લેવા આવી પડયા હતા.

આ બધા ભાઇઓ સાથે નામદાર પીરો મુર્શીદ આનંદી સ્વભાવે મળતા હતા, તે જોઈ નામદાર પીરો મુર્શીદના અંતર ઉપર થએલા આઘાતનો કોઇને ભાગ્યે જ વહેમ જતો ! ધન્ય છે આ ધીરજને ! અને આ જીગરને !

બીજે દિવસે કડી, વીરમગામના લોકો ઉર્સમાં સામીલ થવા આવી પહોંચ્યા ! તેમની માર્ફતે જનાબ બાવામીયાં સાહેબ પરદે થયાના સમાચાર ચૂપકે ચૂપકે ફેલાવા લાગ્યા ! લોકો અફસોસ કરવા લાગ્યા અને ઘણાખરા લોકો ઉર્સ શરીફનો દિવસ પૂરો થતાં રવાના થવા લાગ્યા ! જે દિવસ કડીમાં જનાબ બાવામીયાં સાહેબની ત્રીજીયાની ઝયારત હતી તે દીવસે નામદાર પીરો મુર્શીદ મોટામીયાં સાહેબ પણ એકલબારામાં ઝયારત લઇ મસ્જીદમાં પધાર્યા ત્યારે જનાબ બાવામીયાં સાહેબ પરદે થયાની વાત ખુલી થઈ ! લોકોના અફસોસનો પાર રહ્યો નહિ ! આ વખતે નામદાર પીરો મુર્શીદ મોટામીયાં સાહેબના દિલમાં ઉભરો આવતાં આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં ! ! દાબી રાખેલા દીલના ઉભરા ઉભરાઇ ગયા ! !

નામદાર પીરો મુર્શીદની આંખમાં આંસુ લાવનાર હાલમાં કઇ સત્તા છે ? એક પણ નહિ. હકુમત, દોલત, અને મોત એ માણસના દીલ ઉપર અસર કરી આંખમાં આંસુ લાવી શકે છે, છતાં આજે દુન્યાની કોઇ હકુમત હઝરત પીરો મુર્શીદ મોટામીયાં સાહેબની આંખમાં આંસુ લાવી શકે તેમ નથી ! દુન્યાના પાંચમા ભાગ ઉપર સત્તા ધરાવતી બ્રિટિશ હકુમત પીરો મુર્શીદને સારી માનપાનની નજરે જુએ છે ! વળી ગાયકવાડ સરકાર જેવું પહેલા નંબરનું દેશી રાજ્ય, પણ પીરો મુર્શીદને મહાત્મા માની પોતાના મહેમાનપદે સ્વિકારે છે. આ જોતાં દુન્યાની કોઇ હકુમત પીરો મુર્શીદના દિલને ઓછું લગાડી શકે તેમ નથી.

હવે રહી દૌલતની સત્તા. લક્ષાધિપતિ અને મોટા મોટા સૌદાગરો, પીરો મુર્શીદની કદમ બોસી કરવામાં અભિમાન સમજે

છે ! બલ્કે એ પીરો મુર્શીદનો પડચો બોલ ઉપાડી લેવા મોટા મોટા શ્રીમંતો હાજર રહે છે ! જેથી દૌલતનો દમામ મારા પીરો મુર્શીદનો મન પર અસર કરી શકે નહીં.

હવે રહ્યું મોત ! અરે ! મોત એ તો અલ્લાહના આશકો માટે પ્રેમીના મેલાપનો પુલ છે ! જન્નતની સીડી છે ! મોત એ તો નામદાર પીરો મુર્શીદના મનમાં એક ફરજ સમાન છે ! હઝરત ઇબ્રાહિમ (અ૦ સ૦) સાહેબની રૂહ કબજ કરવા મલેકુલ મોત આવે છે, ત્યારે પોતે કહેવા લાગ્યા કે હે મલેકુલમોત ! શું કોઈ દોસ્ત, પોતાના દોસ્તની રૂહ કબજ કરાવતો હશે ! મલેકુલમોતે અલ્લાહ-પાકની હુઝુરમાં હઝરત ઇબ્રાહિમ (અ૦ સ૦)ની વાત રજુ કરી, તો અલ્લાહ પાકે ફર્માવ્યું કે તેમને જઇ કહો કે દોસ્તની પાસે આવવામાં દોસ્ત આનાકાની કરી શકે ? આ સાંભળી હઝરત ઇબ્રા-હિમ (અ૦ સ૦) સાહેબે ફર્માવ્યું કે બસ ! મારી રૂહ હાલ ઘડી કબજ કરો !

આ વાત લાવવાનું કારણ એજ કે અલ્લાહના આશકો મોતથી ડરતા નથી, જેથી હઝરત પીરો મુર્શીદની આંખમાં આસુ લાવવાને મોત જેવી વસ્તુ.પણ કારણભૂત નહોતી! આમ હોવા છતાં એક સત્તા હાલને સમયે પીરો મુર્શીદની આંખમાં પાણી લાવે છે ! ! એ સત્તા કઈ ? એ કોઇ સત્તા નથી, હકુમત નથી. દૌલત નથી, ડર નથી, પણ પ્રેમનો ઉભરો છે ! ભાણેજની મહોબ્બત અને બહેનનો વલોપાત, આ બે સંજોગો એવા ઉભા થયા છે, કે પીરો મુર્શીદના દિલમાં ઉભરો ભરાઇ આવે છે !

ખરેખર, આ સંજોગો ઘણા કઠણ છે. નામદાર પીરે મુર્શીદનાં એકનાં એક બહેનના દીકરા અને માત્ર એકના એક ભાણેજ, આવી રીતે અચાનક દુન્યાથી અકાળે ઉઠી જતાં, માણસ જાતના સ્વભાવ અનુસાર જીવ ઉંચો થાય, એ બનવા જોગ છે, છતાં નામદાર પીરો મુર્શીદની ધીરજને ધન્ય છે! કાળજું કઠણ રાખી ફર્માવતા હતા કે આ તો એક કસોટી થઇ રહી છે! અલ્લાહપાક પોતાના ફરમાન "વલ નબ્લો વન્ના કુમ બે શયઈમ્પ મેનલ ખોફ વલ જુએ વ નેક્સીમ્મ મેનલ અમ્વાલે વલ અન્ફોસે વ સ્સમરાતે વ બશ્શેરી સ્સાબેરીન. (સિપારા રૂકુઅ ૩)

અર્થાત:—અલ્લાહપાક ફર્માવે છે કે "અમો તમારી કસોટી કરીએ છીએ, (કઈ ચીજથી ?) ડર, ભુખ, માલની કમી, તમારા જાન અને તમારાં ફળથી. [કસોટી કરીએ છીએ]. જેઓ સબર કરે છે, તેમને મુબારક બાદી (ધટે) છે.

નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબ ફર્માવે છે કે કદાચ ઉપલા ઇલાહીના ફર્માનનો ઉપર અમલ થતો હોય, મારા ભાણેજનું અકાળ પરદે થવું અને તે પણ ઉર્સ શરીફની તદ્દન નજીકના સમયમાં! શું પાંચ દશ દિવસ આગળ પાછળ આ બનાવ ખુદાપાક નહોતો કરી શકતો ? બેશક તે સર્વ શક્તિમાન છે. તે તેમ કરી શકત, પરંતુ આમાં આપણી કસોટી હોય કે આવા મુશ્કીલ વખતે આપણે ઉર્સની ક્રિયા અદા કરી મોહબ્બતે ઈલાહી સંપાદન કરવા સબર કરીએ છીએ કે કેમ! અલ્લ હપાકના બશ્શેરી સ્સાબેરીન...એટલે "સબર રાખનારાઓને ખુશ ખબરી છે" તેના ઉપર વિશ્વાસ રાખી દીલનો ઘા આપણે બહાર લાવવાનો નથી. અલ્લાહપાકનું ફરમાન છે કે અલ લઝીના

એજા અસાબત્હુમ મોસીબતુન કાલુ ઇન્ના લિલ્લાહે વ ઇન્ના એલ-યહે રાજે ઉન. (સિપારા ૨ રૂકુઅ ૩) એટલે કે "જ્યારે તમને મુસીબત પહોંચે ત્યારે અમો અલ્લાહ વાસ્તે છીએ અને અલ્લાહ તરફ જનારા છીએ એવું કહો."

વળી અલ્લાહપાકનું ફરમાન છે કે:—કુલ ઇન્ કાન આબાઓ કુમ વ અબ્નાઓ કુમ વ અઝવાજો કુમ અશીરતો કુમ વ અમ્વાલો નિક્તરફતોમૂહા વ તેજા રતુન તખ્શવના કસાદહા વ મસાકેનો તર્દવનહા અહબ્બા એલયકુમ મેનલ્લાહે વ રસુલેહી વ જેહાદીન ફી સબીલેહી ફ તરબ્બસુ હત્તા યાતે અલ્લાહો બે અમ્રેહ. (સિપારા ૧૦.)

આ આયત શરીફમાં અલ્લાહપાક પોતાના હબીબને ફરમાવે છે કે તમો લોકોને કહી દો કે જો તમારા બાપ તમારી ઓલાદ, તમારી ઓરતો, અને તમે મેળવેલો માલ તથા તમારો વેપાર કે જેમાં નુકસાન થવાનો તમને ડર છે, તે અને તમે પસંદ કરેલાં તમારાં મકાન વગેરે, જો અલ્લાહનાં રસ્તામાં જીહાદ કરવા કરતાં તમને વધારે પ્યારાં હોય તો અલ્લાહના તે હુકમની રાહ જોતા બેસી રહો, કે (જેથી કરી) તમો અઝાબમાં સપડાઓ.

આ આયતની મતલબ એ છે કે મા બાપ, દાદા, દાદી, પુત્ર, પૌત્રી, નવાસો, નવાસી, ઓરત અને આખું કુટુંબ કે જેને આપણે દુન્યા કહીએ છીએ, તે બધા કરતાં અલ્લાહ અને તેના રસુલ ઉપર વધારે પ્રેમ રાખવો જોઇએ. જ્યારે આવું કરીએ, ત્યારેજ પુરા ઇમાનદાર ગણાઇએ. જો આમાંની કોઇ એક પણ ચીજને અલ્લાહ અને તેના રસુલથી વધારે કે બરાબર ગણીએ તો

આપણી કમનસીબી સમજવી. અલ્લાહ રસુલના મુકાબલામાં આ સર્વ વસ્તુને તુચ્છ ગણવી જોઇએ એ એનો અર્થ છે.

નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબે, ભાણેજનો કારી ઘા, તાજેતર થયો હતો, છતાં પોતાની નેકીની ફરજ અદા કરવામાં જરાએ આંચકો ખાધો નથી, તેમજ દીલનો રંજ બહાર પાડી, ઉર્સમાં ભાગ લેનાર હજારોની સંખ્યાબંધ મખલુકના રંગમાં ભંગ પાડયો નથી. કોઇ કહેશે કે ભાણેજ માટે આટલું બધું શું! પણ જાણકાર જાણે છે કે નામદાર પીરો મુર્શીદને આ ભાણેજ પોતાના પુત્રથી પણ અધિક હતા. બહેનના સુખનો આધાર માત્ર આ ભાણેજ ઉપર હતો. પુત્રથી અધિક ભાણેજ હોવાની સાબીતી માત્ર એટલેથી જ બસ છે કે અલીગઢથી ભાણેજની બીમારીનો તાર આવતાં છ વરસના પોતાના બાળક બાવા ફરીદ મુંબઇથી સુરત કેવી રીતે પહોંચશે તેનો વિચાર ન રાખતાં નાના બાળક બાવા ફરીદને બીજા માણસો સાથે રડતા સુરત પહોંચતા કરી દીધા! એ પુત્ર પ્રેમ અને ભાણેજ પ્રેમનો મુકાબલો કરાવનાર અજોડ દલીલ નથી?

સબર અને નેકીની આ પ્રમાણે પાબદી બતાવી નામદાર પીરો મુર્શીદે ઉર્સમાં હાજર રહેલા ત્રીસથી ચાલીસ હજાર માણસોને સબર અને નેકીમાં આ પ્રમાણે ચીવટ રખાય છે તે જાતે કરી દેખાડયું છે. ઉર્સ જેવી બાબતમાં આટલી ચીવટ રખાય, તો અલ્લાહ પાકે ફર્ઝ કરેલી બાબતોમાં કેટલી બધી કાળજી રાખવી જોઇએ, તેનું પણ શિક્ષણ આપી બતાવ્યું છે.

આપણે તો જરા હાથ પગ દુઃખે તો નમાઝ જેવી ફર્ઝ થએલી બાબતો પણ બાજુ ઉપર મુકીએ છીએ તો બીજી નેકીની તો વાતજ શી !

જનાબ બાવામીયાં સાહેબ, ઇલ્મ હાંસીલ કરવા પરદેશ ગયા હતા. પરદેશ કમાણી કમાવા ગયા ન હતા. માંગરોલ જેવી મહાન ગાદીના પીરના ભાણેજ, અને વળી સારા સાધનવાળા હોવાથી ઘેર બેઠાં આનંદથી જીંદગી ગુજારતી હોત તો તેમને માટે વાંધા જેવું ન હતું, પણ મહાન પેગંબરે ખુદા (સ૦ અ૦ વ૦)ની હદીસ કે... ...તલબુલઇલ્મો ફરીદતુન અલા કુલ્લે મુસ્લેમીન વ મુસ્લેમાત... ...સર્વ મુસલમાન સ્ત્રી પુરૂષો ઉપર ઇલ્મની તલબ રાખવી ફર્ઝ છે, એ હદીસ ઉપર અમલ કરવા માબાપને છોડી વતનથી એક હજાર માઇલ દુર ઇલ્મ શીખવા ગયા હતા.

ધન્ય છે, આ ઇલ્મની તૃષ્ણાને ! ! ઇલ્મની તલબ રાખવાની જુદી જુદી પધ્ધતિઓ હોય છે; પણ જનાબ બાવામીયાં સાહેબની પધ્ધતિ તો અનોખીજ છે ! આ પધ્ધતિ તો આજેજ દીઠી ! કોઇ ઇલ્મ હાંસીલ કરી, ઘોડે કે મોટર ગાડીએ ચઢી ઘેર આવે છે, તો આ નાનકડા પીર જનાબ બાવામીયાં સાહેબ, ઇલ્મ હાંસીલ કરી લોકોને ખભે ચઢી પોતાને ઘેર આવે છે ! ! કોઈ દશ, વીસ કે પચીસ રૂપીઆની ટીકીટ લઇ રેલ્વે મુસાફર બની ઘેર આવે છે, તો આ નાનકડા પીર સાડી ત્રણુસો રૂપીઆની ટિકિટ કપાવી, આખેરતના મુસાફર બની પોતાની જન્મભુમિને સદાને માટે દેહ અર્પણ કરે છે ! ! કોઇ તો રેલ્વેમાં પાંચ પચીસ મિત્રો સાથે

આનંદ કરતા ઘેર આવે છે, તો આ નાનકડા પીર એક ડબ્બામાં માત્ર એકલા સુતા સુતા ઘેર આવે છે ! ! ધન્ય છે આ ઇલ્મની તૃષ્ણાને ! અને શાબાશ છે, આ ઇલ્મ દોસ્ત શહીદને !

શેખ સઆદી (ર૦અ૦) સાહેબ ફરમાવે છે કે:—

પયે ઇલ્મ ચું શમ્અ બાયદ ગુદાખ્ત
કે બે ઇલ્મ ન તવાનદ ખુદારા શનાખ્ત.

એટલે કે જેમ મોમબત્તી ઓગળે છે, તેમ ઇલ્મ માટે ઓગળવું જોઇએ. વગર ઇલ્મનો માણુસ ખુદાને ઓળખી શકતો નથી. હઝરત શેખ સઆદી (ર૦ અ૦) સાહેબના કહેવા મુજબ, જનાબ બાવામીયાં સાહેબ ઇલ્મ ખાતર ઓગળી ગયા છે ! તંદુરસ્ત હતા ત્યારે એમનું ગુલાબી બદન માશા અલ્લાહ હતું. અને ઇલ્મ હાસીલ કરી ખાંધે ચઢી ઘેર આવ્યા, ત્યારે એવા ઓગળી ગયા હતા કે ઉપર ટપકે જોનાર જલદી કહી ન શકે કે આ કોણ ! ઇલ્મ હાંસીલ કરી, જનાબ બાવામીયાં સાહેબે ખુદાને ઓળખ્યો, ત્યારે ખુદામાં મળી ગયા ! અને પોતાની પાછળ નેક નામ મૂકી ચાલ્યા ગયા !

એક બુઝુર્ગનો કોલ છે કે:—અખુલ્ઇલ્મે હયઉન ખાલેદુન બઆદ મવતેહી-વ અવ્સાલહુ તહતત્તરાબે રમીમૂ........એટલે કે "ઇલ્મવાળા મોત પછી, પણ હંમેશા જીવતા છે, જો કે તેમનું શરીર તો જમીનમાં છુપાયું હોય છે." વળી કુરઆને પાકમાં અલ્લાહ તઆલા ફર્માવે છે કે:—ઇન્ના અવલેયા અલ્લાહે લા યમૂતુના, એટલે "ઓલીયા મરતા નથી." આ બધી દલીલો જોતાં, જનાબ બાવા-

મીયાં સાહેબ, (નવ્વરલ્લાહો મરકદહૂ) ગુજરી ગયા નથી, પરંતુ દુન્યાથી પર્દે થયા છે !

અલ્લાહપાક ઇલ્મવાળાનો દરજ્જો ઘણોજ બુલંદ કરે છે. દાદા આદમને માટીમાંથી પેદા કર્યા છે, અને ફિરસ્તાઓને નૂરમાંથી પેદા કર્યા છે. છતાં અલ્લાહપાકે ફિરસ્તાઓને હુકમ કર્યો; કે આદમને સિજદો કરો ! આવો હુકમ કેમ કર્યો ! સિજદો, તો માત્ર અલ્લાહ-પાકની ઝાતને જ માટે છે, છતાં આદમને સિજદો કરવા અલ્લાહપાકે કેમ ફર્માવ્યું ? કારણ એજ કે અલ્લાહપાકે આદમને ઇલ્મ શીખવ્યો હતો. દુન્યાની વસ્તુના નામ અલ્લાહપાકે આદમને શીખવ્યા હતાં. અને તે ફિરસ્તાઓને આવડતું ન હતું. અલ્લાહપાક ફર્માવે છે કે વ અલ્લમ આદમલ્અસ્માઅ કુલ્લહા. (સિપારા ૧. રૂકુઅ ૩.) એટલે કે "અમે આદમને સર્વ નામ શિખવ્યાં. પછી અલ્લાહપાકે ફિરસ્તા-ઓને કહ્યું કે:—

અંબેઊની બે અસ્માએ હાઓલાએ ઇન્કુન્તુમ સાદેકુન. (સિપા-રા ૧. રૂકુઅ ૩.) એટલે કે જો તમો સાચા હોવ, તો આ સર્વના નામ બતાવો. ફિરસ્તાઓએ કહ્યું કે લા ઇલ્મ લના (સિપારા ૧ રૂ. ૩) એટલે કે અમને ખબર નથી. પછી અલ્લાહપાકે લિલ્લમલાએક તિસ્જોદુ લે આદમ. (સિપારા ૧. રૂ. ૩) એટલે આદમને સિજદો કરવા ફિરસ્તાઓને હુકમ કીધો." આ બધું જોતાં માલૂમ પડે છે કે આદમનો દરજ્જો અલ્લાહપાકે વધાર્યો. અને તે એટલા જ માટે કે વસ્તુઓના નામ અલ્લાહપાકે તેમને શીખવ્યાં હતાં. સિજદા માટે ફક્ત અલ્લાહની ઝાત જ લાયક છે, છતાં ઇલ્મની બરકતથી હઝરત આદમ સિજદા માટે લાયક ગણાયા. આ ઉપરથી ખુલ્લું જણાય

આવે છે કે જનાબ બાવામીયાં સાહેબ (નવ્વરલ્લાહો મરકદહુ) ઈલ્મ શીખવા ખાતર દુન્યામાં હતા ન હતા થઇ ગયા, તો અલ્લાહપાકે તેમનો દરજ્જો કેટલો બધો વધર્યો તે દાદા આદમ (અ૦ સ૦) ની ઉપરની હિકાયત ઉપરથી જણાઇ આવશે.

વળી અલ્લાહપાક ફર્માવે છે કેઃ—યર્ફઇલ્લાહ લ્લઝીના આમનૂ મીન્કુમ વલ્લઝીના ઉતુલ્ઇલ્મે દર્જાત. (સિપારા ૨૮. રૂ. ૨)...... ...એટલે "તમારામાં જે ઇમાનવાળા છે, અને ઇલ્મવાળા છે તેમના દરજ્જા અમો વધારીએ છીએ." વળી અલ્લાહપાક ફર્માવે છે કેઃ—વલ્લઝીના જાહદુ ફીના લે નહ દે યન્નહૂમ સોબોલના (સિપારા ૨૧. રૂ.૩)........એટલે "જેઓ અમારા રસ્તામાં કોશીશ કરે, તેમને અમો અમારા રસ્તાની હિદાયત કરીએ છીએ."

આ બધાં ઇલાહી ફરમાન જોતાં, ઇલ્મના રસ્તામાં શહીદ થનાર જનાબ બાવામીયાં સાહેબ (નવ્વરલ્લાહો મરકદહુ)ને અલ્લાહપાક, તેમનો દરજ્જો બુલંદ કરવાનો વાયદો આપી ચુકયો છે. વળી અલ્લાહના રસ્તામાં કોશીશ કરનારને હિદાયત કરવાને ખુદાએ વચન આપ્યું છે, જેથી જનાબ બાવામીયાં સાહેબ, અલ્લાહના સાચા વલી થયા છે, એ વાત ખરેખર ઉઘાડી જણાય છે.

કેટલાક ભાઇઓ જનાબ બાવામીયાં સાહેબ ગુજરી ગયા છે એમ કહે છે, પણ તેઓએ જાણવું જોઇએ કે અલ્લાહપાક તો ફરમાવે છે કે ઇન્ના અવ્લેયા અલ્લાહે લા યમૂતૂના......એટલે બેશક, અલ્લાહના વલી મરતા નથી. આ ઉપરથી જનાબ બાવામીયાં સાહેબ ગુજરી ગયા છે એમ ન બોલવું, પણ જનાબ

બાવામીયાં સાહેબ વલી થયા છે એમ બોલવું જોઇએ. એ તો હઝરત બાવા ફરીદ (૨૦ અ૦)ની પાક ઓલાદ છે. અને હઝરત બાવા ફરીદ (૨૦ અ૦)ની પાક ઓલાદનો મર્તબો, અલ્લાહના નજીક કેટલો છે, તે તો જે જાણે છે તેજ જાણે છે. બાવા ફરીદનું નામ લેતાં હજારો મુશ્કેલીઓ ખુદાપાક દુર કરે છે, તો તેના રસ્તા ઉપર ફકીરી ધારણ કરનાર તથા ઇલ્મના રસ્તામાં શહીદ થનાર બાવા ફરીદ (૨૦ અ૦)ની પાક ઓલાદના મરતબાનો કેટલો મહિમા છે તે વિચારવાનું છે.

હઝરત અમીર મોઆવિયાહ (૨૦ અ૦) જ્યારે દુન્યાથી ઉઠવા લાગ્યા, ત્યારે પોતાનાં સ્નેહિઓને કહેવા લાગ્યા કે મને મારા કોઇ અમલ ઉપર ભરોંસો નથી. જો મને ફાયદો થાય તો હું જે વસ્તુઓ બતાવું છું તેથીજ ફાયદો થશે. હઝરત મોહમ્મદ (સ૦ અ૦) સાહેબે મને એક પહેરણ આપ્યું છે તે પહેરણ મને આખર વખતે પહેરાવજો ! વળી આપ (સ૦ અ૦ વ૦) સાહેબ એક વખત હજામત કરાવતા હતા, ત્યારે મેં હઝરત (સ૦ અ૦ વ૦)ના મુબારક બાલ અને નખ વીણી લઇ એક શીશીમાં ભર્યા છે, તેમાંથી થોડાક મારી આંખમાં, થોડાક મારા મ્હોંમાં, અને થોડાક મારી નાકમાં મુકજો. જો મને ફાયદો થાય તો આ વસ્તુઓથીજ થશે !

જ્યારે હઝરત અમીર મોઆવીયાહ (૨૦ અ૦) જેવા મોટા સહાબી આવો અકીદો ધરાવે, તો તેજ પેગંબરે ખુદા (સ૦ અ૦)ની આલ, તેમનાં સગાંવહાલામાંથી ઉતરી આવેલ હઝરત બાવા ફરીદુદ્દીન

શકરગંજ (રે૦ અ૦)ની પાક ઓલાદના નામની બરકતનું તો પુછવાનુંજ શું ?

ઇલ્મ એ પરહેજગારીનો વસીલો, તેમજ લિબાસ છે, જેને માટે ખુદાપાક ફરમાવે છે કે વલેબાસુત તકવા ઝાલેકા ખયરા. એટલે "પરહેજગારીનો લિબાસ આ સૌથી સારો છે." હઝરત બાવા ફરીદ શકરગંજ (રે૦ અ૦)ના ખાનદાનમાં ઇલ્મ રૂપી પરહેજગારીનો લિબાસ, શરૂથી આજ દીન સુધી ચાલ્યો આવ્યો છે. આ ખાનદાનમાં ઝાહેરી અને બાતેની ઇલ્મ બંને મોજુદ હોય છે. મોટા મોટા સુફી અને આલીમો આ ખાનદાનમાં જગજાહેર થઇ ચુક્યા છે. હઝરત ઇબ્રાહીમ અદહમ (રે૦ હ૦), હઝરત ઇમામ મુજદીદ અલ્ફ સાની, (રે૦ હ૦), હઝરત અલી હીજ્વેરી દાતાગંજ બક્ષ (રેહ૦), હઝરત ફરીદુદ્દીન શકરગંજ (રે૦ હ૦) વગેરે ફરીદીઆ ખાનદાનમાં એવા તો બુઝુર્ગો થઇ ચૂક્યા છે કે જેમની ખ્યાતીનો ડંકો ચોખુટ ધરતીપર આજદીન સુધી ગાજી રહ્યો છે.

નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબના વડા સાહબઝાદા જનાબ મૌલાના નિઝામુદ્દીન સાહેબ અંગ્રેજીનું સારૂં જ્ઞાન મેળવ્યા બાદ દીલ્લી જઇ મોલવીની પદ્વી મેળવી ચુક્યા છે. વળી તેઓ બીજો ઇલ્મ પણ સાધારણ મોલવીઓ કરતાં સારો જાણે છે. આ બધા ઉપરથી માલુમ પડે છે કે ઇલ્મ એ ફરીદી ખાનદાનનો ખાસ શણગાર છે. નામદાર પીરો મુર્શીદના એકના એક ભાણેજ જનાબ બાવામીયાં ઇલ્મ હાંસીલ કરવા એક હઝાર માઇલને અંતરે ચાલ્યા ગયા એમાં તેમના ખાનદાનની ઇલ્મ પ્રત્યેની

ઘણા જણાઈ આવે છે. જો કોઇ સાધારણ જાગીરદાર કે શેઠીઆને એકનો એકજ છોકરો હોય તો ઇલ્મ માટે ઘર બહાર કાઢે નહિ, પણ આ ખાનદાન ધનલોભી નથી. તેની નજર સામે તો મહાન પયગંબર (સ૦ અ૦ વ૦)ની હદીસ 'ખયરૂલ અબાએ મન અદ્દબ મક. એટલે સારામાં સારો બાપ તે છે કે જે તાલીમ અપાવે એ હદીસ પ્રમાણે જનાબ બાવામીયાં સાહેબના મા બાપે એકના એક ફરજંદ હોવાનું, લાંબી મુસાફરી હોવાનું, સાજા તાજા રહેવાનું, એ કોઇ પણ કારણ તરફ જોયું નથી. એમણે તો પોતાના ખાનદાનના નિયમ તરફ ધ્યાન આપ્યું છે. હવે જનાબ બાવામીયાં સાહેબ તરફ આપણે જોઇશું કે તે એક અવલીયા અલ્લાહના ખાનદાન-માંથી છે અને જાતે પણ વલી છે. એક હદીસ શરીફમાં આવ્યું છે કે ઇલમની તલબમાં મરનારની કબર અલ્લાહપાક નુરથી ભરી દે છે. વળી બીજી એક હદીસમાં આવ્યું છે કે ઇલ્મવાળાની કબરમાં ઇલ્મની એક શિકલ અલ્લાહપાક બનાવે છે જે હમેશાં તેની સાથે કયામત સુધી આનંદમાં વખત ગુજારે છે. આ બધી હદીસો જોતાં જનાબ બાવામીયાં (નવ્વરલ્લાહો મરકદહૂ) સાહેબને આખેરતમાં કેટલો આનંદ છે તે જણાઇ આવે છે. ખરેખર એ સાચુંજ છે. એ અલ્લાહ રસુલનો કલામ છે, એમાં જરા શંકા લેવા જેવું હોયજ નહિં.

મારા વ્હાલા ભાઇઓ! જનાબ બાવામીયાં સાહેબના જીવન ઉપરથી તમે શું શીખશો? આપણામાં જેઓ મા બાપ તરીકેનો દરજ્જો ધરાવતા હોય તેમણે જનાબ બાવામીયાં સાહેબના માબા-પનુ અનુકરણ કરવાનું છે. પણ આપણી હાલત તો જુદી જ છે. થોડું

ઘણું લખતાં પઢતાં શીખ્યા કે ઓલાદને ઘર ધંધામાં લગાડી દઇએ છીએ. વળી કેટલાક તો ઘરને આંગણે નિશાળ કે મદરેસામાં ફકત ઉસ્તાદના માર ખાતર બાળકને મોકલતા નથી. જો આ બાબતમાં તેઓ બાળક સાથે હેત હોવાનું સમજતા હોય તો તે ગંભીર ભૂલ છે. મોટી વયે આવું હેત બાળકના હકમાં ઝેર રૂપ નીવડે છે. જે ભાઇઓ ફરીદીયા ખાનદાન સાથે સબંધ ધરાવતા હોય તેમને તો જનાબ બાવામીયાં સાહેબે ઇલ્મ ખાતર આખેરત પસંદ કરવાની સચોટ દલીલ આપી છે. હવે આથી વિશેષ કેવો દાખલો જોઇએ. જો તમને જનાબ બાવામીયાં સાહેબ સાથે પ્રેમ હોય તો તમો તથા તમારાં બાળકો જીવની સટોસટ ઇલ્મ મેળવો! પીરઝાદા જનાબ બાવામીયાંનો દાખલો નજર સામે રાખો! પીર વધારે શું કરે! તેઓ પોતાનો કે પોતાના ફરઝંદોનો જાન આપી તમને દલીલ રજુ કરે! હવે તમારે બીજો કેવો દાખલો જોઇએ!

વ્હાલા વાંચકો! જનાબ બાવામીયાં સાહેબ જન્નતમાં પોતાના વડીલો સાથે આનંદમાં છે. તેઓ માટે તો કયારનોએ હુકમ થઇ ચૂકયો છે કે 'નવમાં ક નવમતીલ ઉરૂસ'. એટલે "દુલ્હાની માફક સુઇ જાવ!" નાના પીર જનાબ બાવામીયાં સાહેબ પોતાના વડીલો સાથે હોવાની અનેક હદીસો આવેલી છે જે પૈકી ઉમ્મે બશરની હદીસ ઉપરથી સાફ માલમ પડે છે કે અલ્લાહના નેક બંદાઓ દુન્યાથી પરદે થયા બાદ પોતાના જે વડીલો પરદે થયા છે તેમની સાથે હળી મળીને રહે છે. જનાબ બાવામીયાં આપણી પાસેથી ગયા પણ પોતાના મહાન વડીલોને જઇ ભેટયા છે. હઝરત ઇબ્રાહીમ અદહમ (રેહ૦), હઝરત બાવા ફરીદ (રહે૦), દાદા કાયમુદ્દીન ચિશ્તી (રહે૦), વગેરે

મહાન વડીલોને ભેટતાં જનાબ બાવામીયાં સાહેબને કેટલો આનંદ થતો હશે ! આ મહાન પુરૂષોને આપણે નજરે દીઠા નથી, તેમના બયાન કિતાબોમાં જોયાં છે. દુન્યામાં તેમનો ઘડી ભરનો મેલાપ સેંકડો વરસની સાચી ઇબાદત કરતાં પણ વધુ હોવાનું કિતાબોમાં વાંચ્યું છે. આવા મહાન વડીલોને છોડી જનાબ બાવામીયાં સાહેબ આપણી તરફ શેના જુએ ! યા ખુદાવંદે કરીમ ! જનાબ બાવામીયાં સાહેબ જે વડીલોના મેલાપમાં મશગુલ છે તેમનો મેલાપ અમને પણ થાય તેવો પ્રસંગ જલદી નસીબ કર !

કોઇ પૂછશે કે જનાબ બાવામીયાં સાહેબ શું કરે છે, તો અમો મોહન પયગંબર (સ૦ અ૦ વ૦) સાહેબના ફરમાનો કહી સંભળાવીશું કે જનાબ બાવામીયાં સાહેબ એક તખ્ત ઉપર બેઠા છે. સામે કુર્આન છે જે પઢે છે, પાસે એક લીલો છમ બાગ છે. જેઓ તેમની કબર પાસે મળવા જાય છે તેમનાથી ખૂશ થાય છે. તેમને ઓળખે છે. તેમની સલામનો જવાબ આપે છે.

હવે જો આપણને તેમની સાથે સાચો પ્રેમ હોય તો તેઓ માટે રડવું કકળવું ન જોઇએ, પણ એવાં કામ કરવાં જોઇએ કે જેને લીધે આપણને સવાબ મળતો રહે. હઝરત સઆદ (રહે૦) નાં અમ્મા સાહેબ દુન્યાથી પરદે થયાં તો હઝરત સઆદ (રહે૦) એક કુવો ખોદાવ્યો. આ ખરો સવાબ છે અને મરનાર સાથે પ્રેમની આ સાચી યાદી છે.

વહાલા વાંચકો ! જો તમને બાવામીયાં યાદ આવતા હોય તો તેમના જીવન ઉપરથી દાખલો લઈ ઇલ્મ માટે જાન તોડ મહેનત કરો ! જો સવાબ લેવાની નીયત હોય, તેઓ સાહેબને મળવું હોય, તો

ઓછામાં ઓછું એટલું કરો કે તેમના મઝાર ઉપર જઇ ફાતેહા પઢો અને તેમના વસીલો મેળવો. જો એથીએ વધુ પ્યાર હોય તો ખતમે કુરાન પઢાવો, નાઝ કરો, અને જો એથીએ તમને વધુ યાદી હોય તો જરૂર પડતા ઠેકાણે કુવો ખોદાવી તેમના બુઝુર્ગોની દરગાહોમાં આવતા લોકોને પાણી પુરૂં પાડવામાં બનની મદદ કરો, અથવા કોઇ બીજી નેક યાદગાર તેમના નામથી કાયમ કરી લોકોને ફાયદો પહોંચે તેવો હમેશનો સવાબ જારી કરો.

પીર મોટામીયાં સાહેબની અલીગઢ ખાતે થએલી પધરામણી.

માંગરોલની ગાદીવાળા ના૦ મૌલાના પીર મોટામીયાં સાહેબ છેલ્લા મુંબઇ પધાર્યા તે દરમ્યાન તેમને પોતાના ભાણેજ પીરજાદા બાવામીયાંની બીમારીનો અલીગઢથી તાર મળવાથી તેઓ મુંબાઇથી એકદમ બારોબાર અલીગઢ ગયા હતા. અલીગઢ યુનીવરસીટીના લોકોને ના૦ પીર સાહેબ પધારવાના છે એવી તારથી ખબર પડવાથી ઘણા વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ સ્ટેશન ઉપર હાજર રહી પીર સાહેબનું સ્વાગત કર્યું હતું. પ્રથમ પીર સાહેબને યુનીવરસીટીની ઇસ્પીતાલમાં જ્યાં બાવામીયાં હતા ત્યાં લઇ જવામાં આવ્યા હતા. ત્યાં યુનીવરસીટીના સિવિલ સર્જન ડા૦ અતાઉલ્લાહ બટ એમ. ડી.એ પીર સાહેબની મુલાકાત લઇ તેમને બીમારીની હકીકત સમજાવી હતી. તે પછી પીર સાહેબને મીન્ટો સર્કલમાં તેમના ઉતારાવાળા

મુકામે લઇ જવામાં આવ્યા હતા. પીર સાહેબની લોકોને ખબર પડવાથી ઘણા લોકો અવારનવાર તેમને મળવા આવતા હતા. બીજે દીવસે સવારે પીર સાહેબ ઇરિપીતાલમાં હતા ત્યારે યુનીવરસીટીના વાઇસ ચાન્સેલર નવાબ રાસ મસુદ એમ. એ. એલએલ. ડી. બેરીસ્ટર એમણે પીરજાદા બાવામીયાંની તબીયત જોવા આવી પીર સાહેબની મુલાકાત લીધી હતી, અને બીજે દીવસે સવારે પોતાના બંગલે તેડી બે કલાક વાતચીત કરી હતી. બાવામીયાંની તબીયત તે વખતે જરા સુધારા ઉપર હોવાથી યુનીવરસીટી કોલેજના પ્રોફેસર મી૦ મહંમદ ઉઝેર એમ. એસ. સી. એમણે પીર સાહેબને પોતાના ત્યાં જમવાનું આમંત્રણ કર્યું હતું જે ઉપરથી પીર સાહેબ રાતના તેમના બંગલે પધાર્યા હતા. બીજે દીવસે ધી યંગ ગુજરાતી એસોસીએશનના મેમ્બરો તરફથી પીર સાહેબના માનમાં એક મેળાવડો ન્યુ સર્કલમાં કરવામાં આવ્યો હતો, જ્યાં પીર સાહેબને પધરાવી ઘણા પુષ્પહારથી તેમનો સત્કાર કરવામાં આવ્યો હતો અને, એસોસીએશનના પ્રમુખ તથા સેક્રેટરીએ પીર સાહેબની સમાજ સેવાની ઘણી તારીફ કરી હતી. તે પછી પીર સાહેબે જાહેર કેળવણી ઉપરથી આત્મજ્ઞાન તરફ કેવી રીતે જવાય છે અને તેની કેમ જરૂર છે વાગેરે ઉપર લગભગ બે કલાક ઉપદેશ કર્યો હતો જેની લોકો ઉપર ઘણી ઉંડી અસર થઇ હતી. બીજા ગુજરાતના વિદ્યાર્થીઓએ પણ પીર સાહેબને પોત પોતાની હોસ્ટેલમાં બોલાવી ચાપાણી કર્યાં હતાં. પીર સાહેબ અલીગઢ ચાર દીવસ રહયા હતા તે દરમ્યાન યુનીવરસીટીના લોકોએ પીર સાહે-

બની ઘણી સારી બરદાસ રાખી હતી. એકલબારાનો ઉરસ તદનજ નજીક આવી લાગ્યો હતો, તેમજ બાવામીયાંની તબીયત તે વખતે સુધારા ઉપર હતી તેથી વધારે રોકાવાનું બની શક્યું નહીં. યુનીવરસીટીના લોકોએ તમામ વિદ્યાર્થીઓને ભેગા કરી એક મોટો મેળાવડો કરી પીર સાહેબનો ઉપદેશ સંભળાવવાની ઇચ્છા રાખી હતી પણ ઉપલા કારણે વખત મળી શક્યો નહીં. નીકળતી વખતે પણ ઘણા લોકો પીર સાહેબને પહોંચાડવા સ્ટેશન ઉપર આવ્યા હતા અને કેટલાક તો દીલ્હી સુધી સાથે આવ્યા હતા. મીન્ટો સરકલના સુપરિન્ટેન્ડેન્ટ પ્રોફેસર મોહંમદ બટ એમ. એ. આખો વખત પીર સાહેબની સાથે રહ્યા હતા અને સારી સેવા કરી હતી.

(સયાજી વિજય.)

પીરજાદા બાવામીયાંનું અવસાન.

કડીમાં બે દીવસ મુસલમાનોની હડતાલ.

માંગરોલની ગાદીવાળા નામદાર મોલાના પીર મોટામીયાં સાહેબના ભાણેજ અને પીર હુસેનમીયાં સાહેબના એકના એક દીકરા પીરજાદા બાવામીયાં જે અલીગઢની મુસ્લીમ યુનીવર્સિટીમાં પ્રીવીયસમાં શીખતા હતા, તે ટાઇફોઇડ તાવની બીમારીમાં ગઇ તા. ૧૩ નવેંબરે અલીગઢમાં ગુજરી જવાના માઠા સમાર તારથી ફરી વળતાં કડી, માંગરોલ, એકલબારા, સુરત, વીરમગામ, વિગેરે ઠેકાણે ઘણી દીલગીરી ફેલાઇ હતી. તેઓ એક ગાદીપતિ ધર્મગુરૂના કુટુંબના હોવાથી તેમજ ઘણા લોકપ્રીય હોવાથી અલીગઢમાં આખી યુનીવર્સિટીના

હતામાં એ ખબર વીજળી વેગે ફેલાઈ ગઇ હતી, જેના પરીણામે પાંચ હજાર વિદ્યાર્થીઓએ તેમના જનાઝાની નમાઝમાં ભાગ લીધો હતો. એકદમ તેમના શબને કડી મોકલવા તજવીજ કરી હતી. પચાસ માણસો શબની સાથે ટ્રેનમાં દીલ્હી આવ્યા હતા અને પાંચ માણસો શબ કડી લઇ આવ્યા હતા. તેમના શબની સાથે પીર મોટામીયાં સાહેબના વડા દીકરા પીરજાદા નીજામુદ્દીનમીયાં પણ અલીગઢથી સાથે હતા. શબનો ડબ્બો તા૦ ૧૫ મીએ બપોરે બાર વાગે કલોલ સ્ટેશને આવી પહોંચ્યો હતો જ્યાંથી શબને મોટરબસમાં કડી લઇ જવા તજવીજ રાખી હતી. પીર મોટામીયાં સાહેબ પણ તેજ દીવસે બપોરે એકલબારાથી કડી આવી પહોંચ્યા હતા. કડીમાં તમામ મુસલમાનોએ બે દીવસથી હડતાલ પાડી હતી. શબ આવી પહોંચતાં હજારો માણસો ભેગા થઇ ગયા હતા અને તેમના ઘેર લઇ જઇ ત્યાંથી જનાઝો કહાડવામાં આવ્યો હતો. જનાઝા સાથે એટલા બધા માણસો હતા કે ચાલવાને જગા પણ મળતી નહોતી. તેમણે મેટ્રીક સુધી કડીમાં શિક્ષણ લીધેલું હોવાથી કડીના જુવાન હીંદુ ભાઇઓમાં પણ તેઓ ઘણા પ્રીય થઇ પડયા હતા, જેથી હીંદુ ભાઇઓમાં પણ તેટલીજ દીલગીરી હતી. કડીની કોઈ પણ મસ્જીદમાં સમાઈ શકે તેથી પણ લોકોની સંખ્યા વિશેષ હોવાથી તેમની જનાઝાની નમાઝ સરકારી હસ્પીતાલ પાસે બાલાપીરની જગા પાસેના ખુલ્લા વિશાળ મેદાનમાં થઈ હતી, અને ત્યાં બાલાપીરવાળી જગામાં તેમને દફન કરવામાં આવ્યા હતા. મરહુમે અઢાર વરસની ઉંમરે મુંબાઈ યુનીવરસીટીની

મેટ્રીકની પરિક્ષા ગયા વરસેજ પસાર કરી હતી, એટલે હાલ તેમની ઉમર માત્ર ઓગણીસ વરસની હતી. આ સાલજ તેઓ અલીગઢ અભ્યાસ માટે ગયા હતા, અને ત્યાં ઘણાજ લોકપ્રીય થઇ પડયા હતા, તેમની બીમારીની ખબર સાંભળી પીર મોટામીયાં સાહેબ મુંબાઇથી બારોબાર અલીગઢ ગયા હતા પણ તબીયત સુધારા પર આવેલી જણાયાથી તેઓ એકલબારાના ઉરસ માટે પાછા ફર્યા હતા. અને પીર સાહેબના વડા દીકરા તથા તેમના બીજા બે માણુસો તેમની સારવાર માટે અલીગઢ રહયા હતા. અલીગઢના મોટા ડાક્ટરોએ દરેક પ્રકારની સારવાર કરવામાં બાકી રાખી નહોતી, પણ વીધીના લેખ આગળ કાંઇ ચાલ્યું નહી. માલીક તેમના આત્માને શાંતી આપો. માંગરોલના હીંદુ મુસલમાનોએ તેમનું સ્મારક કરવા તજવીજ કરી છે. અલીગઢ અને કડીમાં પણ તેવી તજવીજ થવા વકી છે. (સયાજી વિજય.)

એકલબારાનો મેળો.

ચાલીસ હજાર માણુસોનો જમાવ.

પીર મોટામીયાં સાહેબની કાળજી ભરી દેખરેખ.

માંગરોલની ગાદીના પીરોના વડીલ પીર દાદા કાયમદીન બાવા સાહેબનો વાર્ષિક ઉરસ-મેળો કારતક સુદ પુનમને રોજ જબરી ધામધુમથી પાદરા તાલુકાના એકલબારા ગામે રાબેતા પ્રમાણે ઉજવાયો હતો અને ચાર દીવસ ચાલ્યો હતો. જેમાં ભાગ લેવાને ઘણા દુરદુરના લોકો ઉતરી પડયા હતા. આ વર્ષે લોકોની ઘણી ધમાલ હતી.

પાદરા સ્ટેશનથી એકલબારા સુધી ઘણી મોટરો ભાડે ફરતી હતી. વેપારીઓની દુકાનો અને લોકોના માંડવા પણ મોટા પ્રમાણમાં હતા. લગભગ બેથી અઢી હજાર ગાડાં બબ્બે માઇલના વિસ્તારમાં છુટયા હતાં અને મનુષ્યોનો સાગર ઉલટયો હોય એમ દેખાતું હતું. માંગરોળની ગાદીવાળા ના૦ મૌલાના પીર મોટામીયાં સાહેબ જેમના હસ્તક આ દરગાહનો તમામ કારભાર છે તે પણ આગલા દીવસે આવી પહોંચ્યા હતા, અને તેમણે તમામ લોકો માટે જોઇતી સવડ કરી હતી. તમામ લોકો તથા ગાડાંના બળદ તથા ઘોડાઓ માટે જગા તથા પાણીની ઉમદા ગોઠવણ તેમણે રાખી હતી. તંબુઓની પણ ગોઠવણ સારા પ્રમાણમાં હતી. હીંદુ ભાઇઓ માટે પણ તેવીજ તજવીજ હતી. ખતમે કુરાન, વાએઝ, મોલુદ શરીફ વિગેરેના જલસા ઘણા હર્ષભેરમાથી થતા હતા. ભજન મંડળીઓ પણ તેટલીજ હતી. ઘણા ગામના ઠાકોરોએ પણ ભાગ લીધો હતો.* આ જગા હિંદુ મુસલિમ એકસંપીનું એક મોટું મથક ગણાતી હોવાથી ત્યાં કોઈ પણ પ્રકારનો ભેદભાવ જણાતો નહોતો. પીર મોટામીયાં સાહેબ જાતે ખેતે ફરી લોકોની સવડ સાચવતા હતા. એ જગામાં જુગાર તથા દારૂ વિગેરેની સખત મનાઈ હોવાથી કોઇ પણ જાતનું ત્યાં જરા પણ તોફાન જણાતું નહોતું. તમામ લોકો પોતપોતાના ખ્યાલ પ્રમાણે નેકીમાં લાગેલા હતા. આ વરસે લગભગ ચાલીસ હજાર માણસોનો જમાવ થયાની અટકળ કરવામાં આવતી હતી, છતાં બધું શાંતીથી પસાર થયું હતું. વેપાર સારો ચાલ્યો હતો અને

---

* આવા વખતે પીર સાહેબે એકલબારામાં હાજર થવુંજ જોઇએ.

રેલ્વેને પણ સારો નફો થયો હતો. છેલ્લા દીવસે પીર મોટામીયાં સાહેબના ભાણેજ પીરજાદા બાવામીયાંના અવસાનની લોકોને ખબર પડતાં લોકોમાં દીલગીરી ફેલાઇ હતી, અને ફાતેહા દેવાના પછી લોકો વિદાય થયા હતા. પાદરાથી એકલબારા સુધી સડક થવાની ખાસ જરૂર હોવાથી પ્રાંત પંચાયતે તે બાબત ખાસ લક્ષમાં લેવા જેવી છે.

(સયાજી વિજય.)

અલીગઢ મુસલિમ યુનીવરસીટીના પ્રોફેસર મોહંમદ ઉઝૅર સાહેબનો પત્ર.

અલીગઢ મુસલિમ યુનીવરસીટીના પ્રોફેસર મી૦ મોહંમદ ઉઝૅર સાહેબ એમ૦ એસ૦ સી૦ જેઓ સાયન્સના પ્રોફેસર છે તેમણે મૌલાના પીર મોટામીયાં સાહેબ ઉપર આ પ્રમાણે દીલગીરીનો પત્ર અંગ્રેજીમાં મોકલ્યો હતો.

દીલ્લી દરવાજા
અલીગઢ.
તા૦ ૧૫-૧૧-૨૫.

જનાબ પીર મોટામીયાં સાહેબ,

આપના ભાણેજ બાવામીયાંનાં દુઃખદ અને અકાળ અવસાન માટે મને ભારે રંજ થયો છે અને એ દીલગીરીમાંજ હું આ પત્ર

લખું છું. ખુદા મરહુમના આત્માને પરમશાંતી આપો![૧]

મારા તરફથી મરહુમના માતુશ્રીને દીલાસો આપશો એવી મારી વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(સહી) મોહંમદ ઉઝૅર.

અલીગઢ મુસ્લીમ યુનીવર્સીટીના પ્રોફેસર બટ સાહેબનો પત્ર.

અલીગઢ યુનીવર્સીટીના પ્રોફેસર મી. મોહંમદ અબદુલ્લાહ બટ સાહેબ એમ. એ. જેઓ મેથેમેટીકસ (ગણીતશાસ્ત્ર) ના પ્રોફેસર અને મીન્ટો સર્કલ વોર્ડના સુપ્રીટેન્ડેન્ટ છે તેમણે નીચે પ્રમાણે પત્ર

---

૧ પીરઝાદા બાવામીયાં તા૦ ૬-૯-૧૯૧૧ના રોજ માંગરોલમાં જન્મ્યા હતા અને તા૦ ૧૩-૧૧-૧૯૨૯ ના રોજ અલીગઢમાં ગુજરી ગયા હતા. તેમને કડીમાં લાવી તા૦ ૧૫-૧૧-૨૯ ના રોજ સાંજના ચાર વાગે સરકારી ઇસ્પીતાલ પાસે બાલાપીરવાળી જગામાં દફન કર્યાં હતા. એ જગા પીર મોટામોયાં સાહેબના નામે ચાલે છે. બાવામીયાંના અવસાનની સવિસ્તર હકીકત તા૦ ૨૧-૧૨-૨૯ના મુંબાઇ સમાચારમાં પહેલા પાને ઘણી લંબાણથી છપાઇ હતી. તેમજ બોમ્બે ક્રોનીકલના તા. ૧૦-૧૨-૨૯ના અંકમાં (ડાક એડીશનમાં) ૭ મા પાને અંગ્રેજીમાં પણ છપાઇ હતી.

અંગ્રેજીમાં તા. ૧૯-૧૧-૨૯ના રોજે મૌલાના પીર મોટામીયાં સાહેબ ઉપર મરહુમ પીરઝાદા બાવામીયાં સાહેબના અકાળ અવસાનની દીલગીરીનો મોકલ્યો હતો.

મુસ્લીમ યુનીવર્સીટી. અલીગઢ.

તા. ૧૯-૧૧-૨૯

પુજ્ય પીર સાહેબ.

આપના ભાણેજ બાવામીયાંના દુઃખદાયક અને અકાળ અવસાનના પ્રસંગે આપના દુઃખમાં ભાગ લેવા હું આ પત્ર ઘણા દુઃખી અંતઃકરણથી લખું છું. તેમને માટે દરેક પ્રકારની વૈદકીય તજવીજ કરવામાં આવી હતી અને તે ઉપરાંત દુવા કરવાનું કામ પણ ચાલુ હતું, પણ જે ખુદાને મંજુર હતું તે મિથ્યા થઇ શક્યું નહી.

આ દીલગીરી ભરેલા સ્વર્ગવાસથી બધાને ભારે દીલગીરી થઇ છે અને અલીગઢમાં તો દરેક જણને ઘણું લાગ્યું છે. ખુદાએ તેમની જીંદગી લાંબી કીધી હોતતો ઘણું સારૂં થાત.

આપનું અલીગઢ ખાતે ઘણું થોડું રહેવાનું થયું તેથી આપના સમાગમનો વધું લાભ મળી શક્યો નહીં જેને માટે દીલગીર છું. જો કદાચ બીજી વખત પધારવાનો પ્રસંગ લાવો તો મોટી મહેરબાની. આપની કુશળતાના સમાચાર વખતો વખત જણાવતા રહેશો તો મોટી મહેરબાની થશે.

આપનો તાબેદાર.

(સહી) મોહંમદ અબ્દુલ્લાહ બટ.

અલીગઢ મુસ્લીમ યુનીવરસીટી ધી યંગ ગુજરાતી એસોસીએશન તરફથી મરહુમ પીરઝાદા બાવામીયાં સાહેબના અવસાન માટેનો દિલાસા પત્ર.

ધી યંગ ગુજરાતી એસોસીએશન

મુસ્લીમ યુનીવર્સીટી

અલીગઢ.

તા૦ ૨૨, નવેમ્બર ૧૯૨૯.

મહેરબાન માનવંતા મૌલાના પીર મોટામીયાં સાહેબ,

સલામ બાદ અરજ છે કે "ધી યંગ ગુજરાતી એસોસીએશન" ની મીટીંગ મી. મહમદ હફીઝ ગોલન્દાઝના પ્રમુખપણા હેઠળ મળી હતી જેમાં સર્વ કાર્ય વાહકોએ તેમજ મેમ્બરોએ હાજરી આપી હતી. અને નીચેના ઠરાવો પસાર કર્યા હતા.

(૧) આ મીટીંગ અત્રે ભણતા પીરજાદા બાવામીયાં હુસેનમીયાં ના શોકજનક અને અકાળ મરણ માટે દીલગીરી બતાવે છે. ખુદા એમના આત્માને શાંતી અને જન્નત બક્ષે. (આમીન.)

(૨) આ મીટીંગ, મરહુમ પીરજાદા બાવામીયાં હુસેનમીયાંના દુઃખી કુટુંબ તરફ દીલગીરી જાહેર કરે છે. એ કુટુંબને ખુદા ધીરજ અને શાંતી આપે. આમીન."

(૩) આ મીટીંગ, મી. નારાયણરાવ શીતોળે, મી. અલીભાઇ એ. દેશાઇ, મી. મહમદ હરીઝ ગોલન્દાઝ એમણે મરહુમના શબને કડી લઇ જવા કરેલી સેવા માટે ધનવાદ આપે છે.

જે બાદ મીટીંગે આ ઠરાવોની નકલ મરહુમના કુટુંબ પર અને ગુજરાતના માનીતા છાપાઓમાં મોકલવા પ્રમુખને સત્તા આપી હતી.[૧]

લી. દુઆગો.

મહમદ મુસાજી લીંબાડા

ઓફીશીએટીંગ સેક્રેટરી.

અલીગઢ ઇન્ટરમીજીએટ કોલેજ મેગઝીન પત્રના ઉપતંત્રીનો પત્ર.

જનાબ કીબ્લા પીર મોટામીયાં સાહેબ,

લી૦ તાબેદાર અલીભાઇના સલામ બાદ લખવાનું કે આપ બુઝુર્ગોની દુઆથી હું હાલ ખુશી આનંદમાં છું. બાદ લખવાનું કે અમોએ અહીંયાં મરહુમ પીરઝાદા બાવામીયાં સાહેબનું મેમોરિયલ (યાદગીરી) ફંડ એકઠું કરવા માંડ્યું છે. બાવામીયાં સાહેબની હકીકત અમારા મેગઝીન (માસીક)માં છાપવી છે, તો અમારા પ્રોફે-

---

૧ આ હકીકત " દીન " પેપરના તા૦ ૨–૧૨–૧૯૩૦ ના અંકમાં ૧૨ મા પાને છપાઇ હતી. બીજા પેપરોમાં પણ છપાઇ હતી.

સર મી૦ અબદુર રશીદની એવી ઇચ્છા છે કે મરહુમનો ફોટો પણ મેગઝીનમાં આપવો. માટે જો આપની પાસે તેમનો ફોટો હોય તો તે મોકલી આપવા મહેરબાની કરશો.*

૬ મીન્ટો. ડી. આપની દુઆનો ઉમેદવાર

અલીગઢ સેવક

તા૦ ૨૮-૧૧-૨૯ (સહી) **અલીભાઇ એ. દેસાઇ.**

મુંબઈ ધારાસભાના મેમ્બર મી૦ હુસેનઅલી રેહમતુલ્લાહનો પત્ર.

૨૨ પેડર રોડ

જનાબ પીર મોટામીયાં સાહેબ. મુંબઇ.

તા. ૨-૧૨-૨૯.

આપના ભાણેજના દુઃખદાયક અને અકાળ અવસાનનું જાણી ઘણો દીલગીર છું. આપના ઉપર આવી પડેલા આ દુઃખ માટે મારી

---

* અલીગઢમાં ધી યંગ ગુજરાતી એસોસિએશને મરહુમ પીરઝાદા બાવામીયાંનું સ્મારક (પીરઝાદા બાવામીયાં મેમોરિઅલ) કાયમ કરવા તજવીજ કરી છે) અને એ કામ ચાલુ થયું છે વિગેરે હકીકત "બોમ્બે ક્રોનીકલ"ના તા૦ ૨૧-૧૨-૧૯૨૯ના અંકમાં ૮ મા પાને (ડાક એડીશનમાં) અંગ્રેજીમાં છપાઇ છે.

દીલસોજી છે. ખુદા મરહુમના આત્માને શાંતિ અને આપને સહનશક્તિ આપે.[1]

આપનો તાબેદાર

(સહી) હુસેનઅલી એમ. રહેમતુલ્લા.

માંગરોલમાં હીંદુ મુસલમાનોની જંગી સભા.

માંગરોલ ગામના હીંદુ મુસલમાનોની એક સભા દરગાહ શરીફના ચોકમાં તા૦ ૧૫-૧૧-૨૫ ના રોજ વયોવૃદ્ધ પટેલ હાજી સાલેજી અસમાલજીના પ્રમુખપણા નીચે મળી હતી જેમાં મી૦ વ્રજલાલ સુંદરલાલ, મી૦ લક્ષ્મીશંકર દીવાકર પંડ્યા, મી૦ ગુલામ હુસેન સાલેજી, મી૦ ઇબ્રાહીમ મુસેજી ઉમર વિગેરેએ વિવેચનો કરી નીચે પ્રમાણે સર્વાનુમતે ઠરાવ કર્યો હતો.

ઠરાવ

માંગરોલના પીરજાદા હુસેનમીયાં સાહેબના એકના એક પુત્ર પીરજાદા બાવામીયાં સાહેબ ભર જુવાન વયે ગુજર્યાના માઠા સમાચાર આજરોજ મળવાથી હમો માંગરોલ ગામના હીંદુ મુસલમાન બધા ઘણાં જ દીલગીર થયા છીએ, અને મરહુમ બાવામીયાંના અવસાનથી પીર હુસેનમીયાં સાહેબ તથા મૌલાના પીર મોટામીયાં સાહેબ અને તેમના કુટુંબને સખત આઘાત થઇ ભારે દુઃખ થયું છે એ

---

૧ આ ઉપરાંત બીજા પણ સેંકડો દિલાસાના પત્રો પીર મોટામીયાં સાહેબ ઉપર આવ્યા છે, જે બધા આ ચોપડીમાં માઇ શકે પણ નહીં.

દુઃખમાં અમો ખરા અંતઃકરણ પૂર્વક ભાગ લઇએ છીએ. અને ખુદા ને વિનંતી કરીએ છીએ કે પીરજાદા હુસેતમીયાં સાહેબ અને મૌલાના પીર મોટામીયાં સાહેબને અને સમગ્ર કુટુંબને આ દુઃખ સહન કરવા શકિત આપો અને મરહુમના આત્માને શાંતી આપો.

તે પછી પીરજાદા બાવામીયાં સાહેબનું સ્મારક કાયમ કરવા માટે દરખાસ્ત મુકાઇ હતી જેને સંપુર્ણ ટેકો મળતાં સભામાં જ રૂ. ૨૦૦) ની રકમ ભરાઇ હતી અને ફંડ ચાલુ રાખવામાં આવ્યું હતું. ×

એકલબારામાં ફાતેહા માટે મુસલમાનોની જંગી સભા.

મરહુમ પીરઝાદા બાવામીયાંના અકાળ અવસાનની ઉરસના બીજે દીવસે ખબર પડતાં એકલબારામાં તા૦ ૧૭-૧૧-૨૯ના રોજ સાંજના દાદા કાયમદીન બાવા સાહેબની દરગાહ શરીફની મોટી મસ્જીદમાં મુસલમાનોની ગંજાવર મીટીંગ મરહુમના ફાતેહા દેવાડવા માટે મળી હતી જેમાં ફાતેહા દેવાડયા બાદ મુન્શી ઉમરજી મહંમદભાઇએ ઉભા થઈ હૃદય દ્રાવક શબ્દોમાં મરહુમના સદગુણોનું] સારી રીતે વિવેચન કર્યું હતું તે વખતે સભામાં રડારોડ થઇ રહી હતી. લાંબા વિવેચન પછી મરહુમના પવિત્ર આત્માને પરમ શાંતી મળે એવી દુવા ગુજારવામાં આવી હતી. વળી તેજ રાતના મસ્જીદમાં કુરાન શરીફનો ખતમ પઢાવી મરહુમની રૂહને સવાબ પહોંચાડવામાં આવ્યો હતો અને શીરની વહેંચવામાં આવી હતી.

× આ સભાની ઉપલી હકીકત સયાજી વિજયના તા. ૨૧ નવેમ્બર ૧૯૨૯ ના અંકમાં પણ નવમાં પાને બહાર પડી હતી.

એકલબારામાં હીંદુ મુસલમાનોની બીજી સભા.

પીરઝાદા બાવામીયાં સાહેબના અકાળ સ્વર્ગવાસ માટે શોક પ્રદર્શિત કરવા અને તેમના કુટુંબને દીલાસાપત્ર મોકલવા હીંદુ મુસલમાનોની એક જંગી સભા એકલબારાના ઠાકોરશ્રી રામસીંગજી સાહેબના દરબારગઢમાં ઠાકોર સાહેબના પ્રમુખપણા નીચે તા૦ ૫-૧૨-૨૯ના રોજ મળી હતી જે વખતે હીંદુ મુસલમાનોના વિવેચનો થયા બાદ મરહુમના નિર્દોષ આત્માને પરમ શાંતી મળો એવી પ્રાર્થના કરવામાં આવી હતી અને મરહુમના કુટુંબને દિલાસાપત્ર મોકલવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

કાનમ જીલ્લાના ઘાંચી ભાઇઓની સભા.

કાનમ જીલ્લામાં વસતા કડીવાળા ઘાંચી જ્ઞાતીના ભાઇઓની એક સભા તા૦ ૬-૧૨-૨૯ના રોજ એકલબારાની દરગાહ શરીફની મસ્જીદમાં જુમ્માની નમાઝ બાદ ભંડારી ઉમરભાઇ જીવાભાઇના પ્રમુખપણા નીચે ભરવામાં આવી હતી જેમાં મરહુમ પીરઝાદા બાવામીયાંના ઉંચા ગુણોની તારીફ કરવામાં આવી હતી. અને આવા એક ઉગતા ઉછરતા છોડવાના એકાએક કરમાઇ જવા માટે ભારે શોકની લાગણી પ્રદર્શિત કરવામાં આવી હતી. અને મરહુમના આત્માની શાંતી માટે દુવા ચાહી તેમના કુટુંબને દિલાસો આપવા એક ડેપ્યુટેશન મોકલવાનો અને અલીગઢમાં ધી યંગ ગુજરાતી એસોસીએશનના મરહુમની યાદગીરી કાયમ કરવાના ઠરાવને સર્વાનુમતે ટેકો આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

બેતાલીસ ગામના સુન્ની વહોરા જમાતનો ઠરાવ.

જા. નંબર   કોસમડી.

૨૪૫૫   તા. ૧૩-૧૨-૧૯૨૯ જુમા

બિરાદાને ઈસ્લામ !

નેક નામ માંગરોલની ગાદીવાળા ના૦ મૌલાના પીર મોટામીયાં સાહેબના એકના એક ભાણેજ અલીગઢ મુસ્લીમ યુનીવર્સિટીની કોલેજમાં ઝેરી તાવની બિમારી લાગુ પડતાં તા. ૧૩-૧૧-૨૯ ને રોજ અચાનક ખુદાની રેહમતે પહોંચ્યા છે તે બાબતમાં આજની મજલીસ ઘણી દીલગીર થાય છે. ખુદા મરહુમને ગરીકે રહેમત કરે તથા મરહુમના કુટુંબને ખુદા સબર આપે. નામદાર મૌલાના પીર મોટામીયાં સાહેબની ચીસ્તીયા ગાદી સાથે આપણી સુન્ની વહોરા જમાતનો સબંધ લાંબી મુદતનો છે જેથી આજની મજલીસમાં નામદાર પીર મોટામીયાં સાહેબ તરફ દીલાસા પત્ર મોકલવા ઠરાવ મુકવામાં આવે છે તો આશા છે કે સઉ ભાઈઓ તે કબુલ કરશે. અને દીલાસા પત્ર ના. પીર મોટામીયાં સાહેબ ઉપર જમાતના સેક્રેટરી સાહેબ લખી મોકલશે.

ઉપલી દરખાસ્ત મંજુર.

પટેલ મહંમદ મુસેજી હાંસલોદ. ગામ વરેડીના.
મહંમદ સુલેમાન તગારી. ગામ હથુરણ
અહમદ ઇબ્રાહીમ, ગામ કોસમડી.
સુલેમાનજી મહંમદ ડાહયા. ગામ વરેઠી

પટેલ આદમજી ભાઇપટેલ. ગામ ઉમરવાડા.
હાજી ઇસમાઇલ હાજી ઇબ્રાહીમ લાખી. ગામ પાનોલી.
ઇબ્રાહીમ મહંમદ સોરાત. ગામ પાનોલી.
આદમજી સલેમાનજી કોલીઆ. ગામ હથુરણ.
કાસમ મહુમદ પટેલ. ગામ સાયણ
ઇબરાહીમ ઇસમાલ દાવજી. ગામ કોસંબા.
મમુજી મુસેજી બાબર. ગામ રવીદરા.
સુલેમાન દાવુદ. ગામ ડઢાલ.
આદમ ઇસપ સેદાત. ગામ ભાદી.
પટેલ સુલેમાનજી આદમજી. ગામ કોસાડી.
મી. મોહંમદ ઇસમાઇલ લાછાણીઆ. ગામ કોસમડી.

(બેતાલીસ ગામોના વહોરા સુન્નત જમાતના સેક્રેટરી.)

જમાઅત તરફથી દિલાસા પત્ર.

નામદાર માંગરોળની ગાદીવાળા
મોલાના પીર મોટામીયાં સાહેબ.

આદાબો સલામ. દીગર આપ નામદારના ભાણેજ પીરઝાદા બાવામીયાં સાહેબ અલીગઢ કોલેજમાં ગુજરી ગયા તે બાબત હમો બેતાલીસ ગામના સુન્ની વહોરા પટેલ જમાત તરફથી દીલગીરી

જાહેર કરતાં ખુદા પાસે દુઆ માગીએ છીએ કે મરહુમને ગરીકે રેહમત કરે અને આપને સબર અતા કરે ! આમીન ! !

લી૰ પટેલ અસમાલજી અભરામજી દમ્મુ

પ્રમુખ.

મુ૰ દીવા. તાલુકે અંકલેશ્વર.

અમદાવાદ નિઝામીયા જમાઅતનો ઠરાવ.

જમાઅતે નિઝામીયા એહમદાબાદના પ્રમુખ મોલવી અલીમીયાં સાહેબ લખે છે કેઃ—માંગરોલની ગાદીવાળા મૌલાના પીર મોટામીયાં સાહેબના ભાણેજ અને પીર હુસેનમીયાં સાહેબના એકના એક પુત્ર પીરઝાદા બાવામીયાં સાહેબ મુંબાઇ યુનીવરસીટીની મેટ્રીકની પરિક્ષા પસાર કરી ઉંચી કેળવણી લેવા અલીગઢ ગયા હતા ત્યાં ઝેરી તાવની બીમારીથી તા૰ ૧૩–૧૧–૨૯ના રોજ ખુદાની રહેમતે પહોંચ્યા છે. આ માઠા બનાવમાં અમો નિઝામીયા જમાઅતે અહમદાવાદ તરફથી અંતઃકરણપૂર્વક ભાગ લઇએ છીએ અને દુઆ ગુજારીએ છીએ કે ખુદા મરહુમને ગરીકે રેહમત કરે અને તેમના માતપિતા તથા સંબંધીઓ અને પીર મોટામીયાં સાહેબને સબ્રે જમીલ અતા ફરમાવે !

(**દીન—પેપર** તા૰ ૨૩–૧૨–૨૯.)

છોટા ઉદેપુર જીલ્લાના મુરીદોનો ઠરાવ.

માંગરોલની ગાદીવાળા પીર મોટામીયાં સાહેબના ભાણેજ અને પીર હુસેનમીયાં સાહેબના એકના એક પુત્ર પીરજાદા બાવામીયાં અલીગઢ કોલેજમાં ઉંચી કેળવણી લેવા ગયા હતા ત્યાં ખુદાપાકની રહેમતે પહોંચ્યાના માઠા સમાચાર મળવાથી અત્રેના તેમના મુરીદો અને ચાહકોમાં ભારે ગમગીની ફેલાઇ હતી. મરહુમની રૂહના સવાબ માટે અત્રેની જુમા મસ્જીદમાં કાજી સૈયદ પીર સાહેબ અમીરમીયાં, મોલવી અબદુર રહેમાન સાહેબ, અને અલી એહમદ બહાદરઅલી સાહેબ તરફથી મીજલસ કરવામાં આવી હતી અને કુરાન શરીફનો ખતમ પઢાવવામાં આવ્યો હતો. તેવી જ રીતે બાનુઓ તરફથી પણ મીજલસ કરવામાં આવી હતી અને પીર મોટામીયાં સાહેબ તથા પીર હુસેનમીયાં સાહેબને સબર અને મરહુમની મગફેરત માટે દુઆ માંગવામાં આવી હતી. આવીજ મજલીસો કરબે તેજગઢ, જેતપુર, જબુગામ, વગેરે ગામોમાં પણ કરરામાં આવી હતી અને દુઆઓ ગુજારવામાં આવી હતી.

(દીન. તા. ૧૩-૧-૩૦)

પાલનપુર જીલ્લાના નાગોરી જમાતનો ઠરાવ

આલી જનાબ નામદાર પીર મોટામીયાં સાહેબ.

પાલનપુરની નાગોરી જમાતની માનપુર્વક સલામ સાથે વિનંતી કે હઝરત હુસેનમીયાંના દીકરા ભરજુવાન ઉમરે અલીગઢમાં ગુજરી ગયાના દીલભેદક સમાચાર જાણી આખી જમાતને બેહદ દીલગીરી થઇ છે. ખુદા આગળ દુઆ કરીએ છીએ કે મરહુમને ખુદા જન્નત

અતા ફરમાવે અને પાછળ રહેલાઓને સબર ઇનાયત કરે ! એ રસ્તે કોઇનો કાંઇ ઉપાય નથી માટે સબર કરવાની છે. વધારે શું લખીએ ?

તા. ૧૫ માહે રજબ } લી. નાગોરી લાડુજી કરીમ મોહંમદ
હી. સ. ૧૩૪૮ } તથા પાલનપુરના તમામ મુરીદો.

ભરૂચની મોહંમદી લાયબ્રેરીનો ઠરાવ અને દિલાસા પત્ર.

ભરૂચ. ધી મોહંમદી લાયબ્રેરી.
તા. ૧૨-૧૨-૨૯.

મહેરબાન આલી જનાબ પીર મોટામીયાં સાહેબ.

સલામ સાથે વિનંતી કે પીર હુસેનમીયાં સાહેબના એકના એક દીકરા અને આપના ભાણેજ પીરજાદા બાવામીયાં સાહેબના અલીગઢ ખાતે ભરજુવાન ઉમરે થએલા ખેદજનક અવસાન માટે ભરૂચ સુડાફ્લીઆની ધી મોહંમદી લાયબ્રેરીના મેમ્બરો દીલગીરી જાહેર કરે છે, અને ખુદાથી દુઆ ગુજારે છે કે મરહુમને ખુદાવંદે કરીમ બહેસ્ત નસીબ કરે તેમ આપ સાહેબને સબ્ર જમીલ અતા કરે ! આમીન. ×

લી. આપનો તાબેદાર
ફતેહ મોહંમદ મુન્શી સેક્રેટરી.

× આવા સંકડો દીલાસા પત્રો જુદે જુદે ઠેકાણેથી આવ્યા છે. આમાં તો ફક્ત થોડા વાનગી દાખલજ આપ્યા છે

પીરજાદા આવામીયાંની યાદગીરી કાયમ કરવાનો ઠરાવ.

માંગરોલની ગાદીવાળા ના. મૌલાના પીર મોટામીયાં સાહેબના ભાણેજ અને પીર હુસેનમીયાં સાહેબના દીકરા અલીગઢ ખાતે ગુજરી ગયા તેથી અલીગઢ યંગ ગુજરાતી એસોસીએશને તેમની યાદગીરી કાયમ કરવા ઠરાવ કીધો છે અને એને માટે કોશીશ શરૂ કરી છે. મરહુમના અકાળ અવસાન-માટે શોક જાહેર કરવા તેમજ તેમના કુટુંબને દીલાસા પત્રો મોક-લવા ઘણા ઠેકાણે સભાઓ ભરાઇ છે અને હજુ પણ એ કામ જારી છે. અલીગઢ વાળા વિદ્યાર્થીઓ ઠેઠ દીલ્હી સુધી તેમના શબ સાથે આવ્યા હતા. અને કેટલાક તો ઠેઠ કડી સુધી આવ્યા હતા કે જ્યાં તેમની લાશ દફન કરવામાં આવી હતી. અલીગઢમાં મરહુમ એવા લોકપ્રીય થઇ પડયા હતા કે પાંચ હજાર વિદ્યાર્થીઓએ તેમના જના-ઝામાં ભાગ લીધો હતો. માંગરોલની ગાદી નીચે મુરીદોની ઘણી મોટી સંખ્યા છે તે તમામની દીલસોજી મરહુમ તરફ ખેંચાઇ છે. માંગરોલમાં પણ મરહુમની યાદગીરી કાયમ કરવાનો ઠરાવ થયો છે.[1]

(મુંબાઇ સમાચાર તા. ૧૦-૨-૨૯.)

---

૧. આ હકીકત સાંજ, હીંદુસ્તાન, દીન, આફતાબે ઇસ્લામ, ગુજરાત મિત્ર વિગેરે પેપરોમાં પણ બહાર પડી છે. બોમ્બે ક્રોનીકલના તા. ૨૧-૧૨-૨૯ ના ડાક અંકમાં આઠમાં પાને પણ આ હકીકત અંગ્રેજીમાં છપાઇ છે. ઉરસ એ પણ એક જાતની યાદગીરી છે.

મી. મલેક આજમખાનનો પત્ર.
બાવામીયાં સાહેબના વતનીઓની ખરી ફરજ.

મી૦ મલેક આજમખાન ડોસભાઇ બી૦ એ૦ જેઓ કડીના વતની છે અને જેઓ હાલ દીલ્લીમાં એમ૦ એ૦ની પરિક્ષા માટે અભ્યાસ કરે છે તેઓ પીરઝાદા બાવામીયાંની બીમારી વખતે અલીગઢ તેમની સારવાર કરવા ગયા હતા, અને બાવામીયાં ગુજર્યા ત્યાં સુધી તેમની પાસે હતા, અને તેમની લાશ કડી લાવવામાં પણ સાથે હતા. તેઓ કડીથી પાછા દીલ્લી ગયા ત્યાંથી તેમણે એક કાગળ લખેલો છે તે અહીં આપવામાં આવે છે. તેમાં તેઓ બાવામીયાં સાહેબના એક ખરા વતની તરીકે કેવી લાગણી ધરાવે છે અને ખરા વતનીની બાવામીયા માટે શું ફરજ છે તે જણાઇ આવે છે. આશા છે કે તેમના વતનીઓ આ કાગળ ઉપર જરૂર ધ્યાન આપશે. આવા હેતુથીજ આ કાગળ અહીં આપવામાં આવે છે. તે નીચે પ્રમાણે છે.

ખીલાફત ઓફીસ, દીલ્હી. તા. ૪–૧૨–૨૯.

હુ. પી. દ. રે. મઉિલાના પીર મોટામીયાં સાહેબ,

સય્યદ સાહેબ તરફથી મને એક કાગળ નીઝામુદીનમીયાંએ કડીમાં આપ્યો હતો પણ મને બીલકુલ ફુરસદ ન હોવાથી વાંચી શકાયો ન હોતો..

(કાગળનો પાછલો ભાગ)

બાદ બાવામીયાં (ર૦ અ૦) મારા ખાસ દોસ્ત હતા, મારા વતની હતા, મારા મઝહબી ભાઇ હતા. મેં જે કાંઇ ખીદમત કરી

છે તે કાંઈ નથી. એ એક મારી ફરજ હતી, મારો હક હતો. તે ફરજ અથવા હકમાંથી સોમા ભાગની પણ મારાથી ખીદમત થઇ શકી નથી. હજુ તો તે મરહુમની ખીદમત કરવાની બાકી છે. હું અલીગઢ તેમની પાસે ગયો હતો તે આપના લીધે ગયો ન હોતો, હુસેનમીયાં સાહેબને લીધે પણ ગયો ન હોતો, પણ ફક્ત તે મરહુમ સાથે મને દીલી મોહબત હતી તેથીજ ગયો હતો. આપે કડીમાં મને કહ્યું હતું કે "તમે ઘણું સારૂં કામ કર્યું છે. હું તમારા કામથી ઘણો ખુશ છું." તે વખતે હું કાંઇ પણ જવાબ આપી શકતો ન હોતો, કારણકે તેનો જવાબ આપવાની મારા દિલમાં તાકત ન હતી. દીલ ભરાઇ આવતું હતું. જબાન બંધ થઈ જતી હતી. કડીમાં બાર તેર દિવસ રહેવાથી મને તે મરહુમની યાદ વધારે સતાવતી ન હતી; કારણ કે હર વખત કામકાજમાં મશગુલ રહેતો હતો, તેમજ સ્નેહીઓ હર વખત મળવા આવવા હતા તેથી દીલને કાંઇક આરામ મળતો હતો. જ્યારથી દીલ્લી આવ્યો છું ત્યારથી તે મરહુમ (રે૦ અ૦)ની યાદ મને ઘણી સતાવે છે! હર વખત તેમની તસવીર આંખોની સામે ઉભેલી નજર આવે છે! તેમની સ્નેહથી ભરેલી મીઠી મીઠી વાતો હર વખત હદથી વધારે યાદ આવે છે; દીલને ભેદી નાંખે છે, આંખોમાંથી ઝરણો વહેવડાવે છે! વાંચવા બેસું છું તોપણ તેજ હાલત! ચોપડી ચોપડીની જગ્યાએ રહે છે, પણ તેમની સુરત આંખોમાં રમે છે અને ચોપડીના પાના ઉપર અશ્રુધારા વહે છે! મને ઘણો જ ગભરાટ પેદા થાય છે! તે ખીલાફત ઓફીસ કે જ્યાં રાત દિવસ મારા સિવાય કોઇ પણ રહેતું નથી—તે ઓફીસ કે જ્યાં તે મરહુમ (રે૦ અ૦) પહેલી જ વખતે (જ્યારે કડીથી આવ્યા ત્યારે) દીલ્હીમાં મુકામ

કર્યો હતો, તે ઓરીસ આજે મને બીલકુલ વેરાન તથા ભયાનક માલમ પડે છે! તેજ મરહુમ (રે૦ અ૦) પહેલી પાક હસ્તી હતી કે જે ખીલાફત ઓરીસમાં મારી સાથે આટલા દીવસ રહીને મારા ખાલી દીલમાં ઘર કરીને રહી હતી! આજે મારા દીલમાં તે ઘર કરનાર હસ્તીને શોધું છું પણ જડતી નથી! ફકત તેની સુરત હર વખત નજરે પડે છે, દીલને દુઃખાવે છે! બીલકુલ આરામ નથી! હજુ તે મરહુમની ખીદમત બજાવવાની મારી જે ફરજ છે તે ઘણી બાકી છે! આપ પણ જાણો છો કે હુ વિદ્યાર્થી છું. એક મીનીટની પણ ફુરસદ નથી. મારી જાતી ખ્વાહેશ એ છે કે તે મરહુમની તુરબત ઉપર એક પાકો રોઝો થવો જોઇએ, હર વખત એક જબર દસ્ત ઉરસ ભરાવવો જોઇએ. તથા તેમના નામનું એક જબર દસ્ત મેમો-રીઅલ ફંડ ઉભું થવું જોઇએ. આ મારી ઇચ્છાઓ પુરી કરી આપ-વાને આપે મદદ કરવી જોઇએ, જ્યારે મારો અભ્યાસ પુરો થઇ જશે ત્યારે હું દીલથી મહેનત કરીશ, પણ હમણા તો મારો ઘણો અભ્યાસ બાકી છે. દીલથી દુઆ કરો કે ખુદા તઆલા મને તેના નેક બંદાઓમાંથી એક બનાવે! તથા ઇમાનની સાથે ઉઠાવે!! આમીન!!

જલદીમાં કાગળ લખ્યો છે. ભુલચુક માફ કરશો.

લી. ખાકસાર મુરીદ

મલેક આજમખાન.

સેંકડો દિલાસા પત્રો.

પીરઝાદા બાવામીયાં સાહેબના અકાળ અવસાન માટે દીલગીરી બતાવનારા અને દીલાસો આપનારા સેંકડો કાગળો પીર મોટામીયાં સાહેબ ઉપર આવ્યા છે તે દરેકને દાખલ કરવામાં આવે તો તેનુંજ એક મોટું પુસ્તક થઇ જાય. હિંદુભાઇઓ અને પારસીભાઇઓના પણ તેટલાજ કાગળો આવ્યા છે જે બતાવે છે કે માંગરોલની ગાદી તરફ લોકાનો બેહદ પ્રેમ છે. આવા દીલાસા પત્રો બેશક સારી અસર પેદા કરે છે અને તેથી દુઃખી કુટુંબને જરૂર દિલાસો મળે છે, અને તેના દુઃખમાં કમી થાય છે. મુંબઇ ઇલાકામાં કોઇ જીલ્લો એવો નહી હોય કે જયાંથી આવા પત્રો આવ્યા નહોય. બલ્કે આફ્રીકા, યુરપ, મોરીસ, મીસર, બરમા વિગેરેથી પણ આવ્યા છે. તે ઉપરાંત ખાનદેશ જીલ્લો, થાણા જીલ્લો, સુરત જીલ્લો, ભરૂચ જીલ્લો, અમદાવાદ જીલ્લો દેશી રાજ્યો વિગેરેના ઘણા ખરા ગામોના તો ઘણા કાળજો પીર સાહેબ ઉપર આવ્યા છે. આ બધુ એજ બતાવે છે કે માંગરોલની ગાદી તરફ લોકોનો ભારે ચાહ છે.

પીર મોટામીયાં સાહેબ બધાનો ઉપકાર માને છે.

મારા નેક ભાઇઓ!

મારા ભાણેજ પીરઝાદા બાવામીયાં તદન ઉગરતી ઉમરે આ દુનિયાથી ઉઠી ગયા તેની દીલગીરીમાં ભાગ લઇ આપ ભાઇઓએ

જે દિલાસાપત્રો મોકલ્યા છે અને જે લાગણી બતાવી છે તેને માટે હું સઉ ભાઇઓનો ઉપકાર માનું છું. બાવામીયાંની બીમારી અને મોત વખતે ભાઇઓએ જે લાગણી દરેક રીતે બતાવી છે તેનું વર્ણન કરવા મને શબ્દો જડતા નથી! આમાં મારી જીભ કે કલમ કામ કરી શકે નહીં. એ તો મારી છાતી ચીરીને જોવામાં આવે તોજ માલમ પડે!

બાવામીયાં ગુજરી ગયા છે! અને આપણે પણ એક દીવસ ગુજરવાનું છે! ખુદાનો એજ કાયદો છે તો આપણે તે પાક કિરતારની મરજીને આધિન થવાનું છે! એ જે કરે તે ખરૂં! એમાં કોઇનો ચારો નથી! મોટા મોટા પયગમ્બરો અને ઓલીયાઓ ઉડી ગયા છે તો પછી આપણી શું ગુંજાશ! એ ખુદાની કુદરત છે! તે ચાહે તે કરે છે! એમાં દમ મારવાની જગા નથી! સબર સિવાય બીજો ઉપાય નથી! અને સબર એજ બહેતર છે! અમે પણ તેની મરજીને આધીન છીએ!

મારી ઉપર એટલા બધા દિલાસાના કાગળો આવેલા છે કે તે દરેકનો જુદો જુદો જવાબ આપવો એ આવા સંજોગોમાં ઘણું મુશકેલ છે, તેથી આ જાહેર પત્રથી સઉ ભાઇઓનો એક સામટો ઉપકાર માનું છું. અને ખુદા આગળ દોઆ કરૂં છું કે તે માલીક આપને તેનો નેક બદલો આપે! અને આપનું કલ્યાણ કરે!! આમીન!!!

મુ૦ માંગરોલ. } દોઆગો લી૦ **મોટામીયાં.**

મોત એક અજબ વસ્તુ છે !

પીર મોટામીયાં સાહેબ એ વિશે શું કહે છે.

એક દિવસનો સમાજોગ છે. એકલબારાંનો ઉર્સ શરીફ વીતી ગયો છે. નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબનો મુકામ હજુ દર્ગા શરીફમાંજ છે. પીરઝાદા બાવામીયાં સાહેબ દુન્યાથી પર્દે થયાનો ડાઘ હજુ તાજોજ છે. હજારો માણસની દરરોજ આવજા ચાલુ છે. દરેકના મ્હોંમાંથી અફસોસના પડઘા નીકળતાજ રહે છે. આ વાત એટલે સુધી ગઇ છે કે દિવસની દરેકે દરેક ઘડી અફસોસ અને ગમગીનીમાં વીતી રહી છે. એકલબારાના દરબારગઢમાં મુર્હુમ પીરઝાદા બાવામીયાં સાહેબનો શોક દર્શાવવા એકલબારાના ઠાકોર સાહેબના પ્રમુખ પદે ગંજાવર સભા ભરાઇ ચુકી છે. ઠેરેઠેરથી નામદાર પીરો મુર્શીદ મોટામીયાં સાહેબ ઉપર દિલાસા પત્રો આવી રહ્યા છે. આવી અણધારી આફતમાં નામદાર પીરો મુર્શીદે પોતાને મળતા દીલાસા પત્રોનો ઉપકાર માની બધાની રૂબરૂ મોત વીશે એવો તો ઉમદા ઉપદેશ આપ્યો છે કે જેના શબ્દે શબ્દથી મોતની સાચી હકીકત પરખાઇ આવે છે.

મોત માટે કોઇમાં મતભેદ નથી.

નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબે ફર્માવ્યું કેઃ—આ દુન્યાની દરેક વાતમાં મતભેદ છે. ધર્મની બાબતમાં પણ

ઘણાં મતભેદ છે. કોઇ નબીઓને માને છે તો કોઇ અવતારને માને છે, કોઈ મરણ પછી બીજા જન્મને માને છે તો કોઈ તેવા પુર્નજન્મને માનતું નથી. કોઇ કુર્આનને અલ્લાહની કિતાબ તરીકે માને છે, તો કોઈ વેદને ઈશ્વરી પુસ્તક માને છે. કોઇ નિરંજન નિરાકાર ખુદાને પુજ્ય માને છે તો કોઇ ઝાડ, પહાડ, આગ, સૂરજને પુજ્ય માને છે. કોઇ તકદીરને માને છે, તો કોઈ તદબીરને માને છે. આવા મત-ભેદ દુન્યામાં ઘણા છે અને તે પરાપૂર્વથી ચાલ્યા આવે છે, છતાં મોત એક એવી વસ્તુ છે કે તેમાં કોઇને જરા પણ મતભેદ નથી. જે પેદા થયો તે એક દીવસ મરવાનો છે એવું સર્વ કોઈ જાણે છે. કહ્યું છે કે:—

જે જન્મ્યો આ જગતમાં તે નીશ્ચે જાનાર
જુઓ મહેલ ઉંચા ચણ્યા કોઇ દીન પડનાર !

મોત એ ખરો ઉપદેશક છે.

નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબે ફર્માવ્યું કે આ દુન્યામાં ઉપદેશકો તો ઘણા છે પણ મોત જેવો કોઇ બીજો સચોટ ઉપદેશક નથી. ઉપદેશક શું કામ કરે છે ? લોકોને ખુદાનો ડર બતાવી, માલીકની ઈબાદત–બંદગી તરફ વાળે છે. મોત પણ લોકોને ખુદાનો ડર બતાવે છે. શહેરમાં, ગામમાં, મહોલ્લામાં કે સગામાં એમ કોઇ પણ જગ્યાએ મોત જોવાનો વખત દરેકે દરેકને આવ્યો હશે. આ દેખાવથી માણસ એવું ડરી જાય છે કે તેના મનમાં જેટલો વખત

આ યાદિ તાજી રહે છે ત્યાં સુધી માલિક તરફ તેનું મન દોરાયલું રહે છે. આ કારણથી મોતને ઉપદેશક કહી શકાય છે. ઉપદેશક જો લોકોને શીખામણ આપે પણ પોતે તે ઉપર અમલ ન કરે તો તેવા ઉપદેશકની કાંઇ છાપ પડતી નથી. જેવી કહેણી તેવી રહેણીવાળા સાચા ઉપદેશકો ઘણા થોડાજ મળે છે, અને કદાચ મળી આવે તો પાંચ પચ્ચીસની લાલચ રાખનારા મળે છે જેથી જ્યાં મફત કામ બનતું હોય ત્યાં આવા ઉપદેશકોનો કોઇ ભાવ પુછે નહિ. મોત એ સઉનો ખરો ઉપદેશક છે. ઘરડા. જુવાન, બાળક, બિમાર, તંદુરસ્ત, ફકીર, અમીર, આલીમ, જાહીલ, દેખતો, આંધળો, દરેકને ઘેર વગર પૈસે મોત ઉપદેશ કરવા જાય છે. વળી એ એવો તો સચોટ ઉપદેશક છે કે જો આદમ જાત હમેશાં મોતનો વિચાર રાખે અને અમલ કરે તો કદિ પાપમાં પડે નહિ. આ કારણથી હઝરત સૈયદના ઉમર ફારૂક આઝમ (૨૦ અ૦) સાહેબે પોતાના ચલણી નાણાના સીક્કા ઉપર મોતની હદીસ કોતરાવી હતી કે "કફા બીલ મવતે વાએઝન," એટલે કે મોતરૂપી ઉપદેશ બસ છે.

સમજ સમજ મન માનવી, મોત તણો ભય રાખ,
કાળ વિષે કર કાળજી, થવું મરીને ખાખ!

મહાન પયગંબર (સ૦ અ૦) સાહેબ ફરમાવે છે કે "**કફા બિલ મવતે વાએઝંવ વબિલ યકીને ગેનન,**" મતલબકે મોતનો ઉપદેશ બસ છે અને યકીન એ મોટી માલદારી-પુંજી છે. આ હદીસ શરીફમાં યકીનને મોટી માલદારી-પુંજી બતાવી છે. દરેક કામનો છેડો યકીન પ્રમાણે આવે છે. જ્યાં સુધી યકીન મજબુત ન

થાય ત્યાં સુધી અફસોસ રહે છે. યકીન મજબુત થયા પછી કોઈ જાતનો અફસોસ રહેતો નથી. અવલેયા અલ્લાહ આવા યકીનવાળા હોય છે. જેથી તેમને મોતનો કાંઇ ડર રહેતો નથી. તેમને વિશે તેથીજ અલ્લાહપાક ફરમાવે છે કે " અલા ઇન્ના અવલેયા અલ્લાહે લા ખવ ફુન અલયહીમ વલાહુમ યહઝનુન અલ લઝીના કાનુ યત્ તકુન, " એટલે કે ખબરદાર થાઓ. કે અલ્લાહના દોસ્તોને કંઈ ડર નથી, તેમજ તેમને કાંઇ ઉદાસી નથી. જેઓ ઇમાન લાવ્યા અને જેમણે પરહેઝગારી ધારણ કરી તે અવલેયા છે. અને હમેશાં તે ખુદાથી ડરતા રહયા છે:—

ફિરે નગારા કાલકા, ક્ષણભર છાના નાહી
કોઇ આજ કોઇ કાલ કોઇ ઘડી પલકકી માંહી.
ઘડી પલકકી માંહી, સમજલે મનવા મેરા,
ધરા રહે ધનમાલ, જંગલમેં હોગા ડેરા.
કહત દીન દરવેશ, જગતસે જીત મઝારા
ક્ષણભર છાના નાહિં, કાલકા ફીરે નગારા.

મોતના ખ્યાલથી જંજાળ છુટી જાય છે.

નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબે ફરમાવ્યું કે અલ્લાહ સિવાયની સર્વ વસ્તુઓથી છોડાવનાર માત્ર મોત છે. દુન્યાને છોડવા લોકો સાધુ, સંન્યાસી, જોગી, જતી બની જાય છે, છતાં દુન્યા છૂટતી નથી. પણ મોત એવી વસ્તુ છે કે જેના સબબથી

બાપ બેટાથી, મા પુત્રથી, ભાઇ ભાઇથી, ઓરત ખાવિંદથી, શિષ્ય ગુરૂથી જુદો પડી માલીક તરફ વિદાય થાય છે. હદીસ શરીફમાં છે કેઃ—**કુલ્લો નસબીં'વ વ સબબ મુન્કતેઉન ઇલ્લા નસબી વ સબબી** એટલે સર્વ સગપણનો સંબંધ તૂટી જશે, ફક્ત મારો તૂટનાર નથી. આ સંબંધ રસુલુલ્લાહ (સ૦ અ૦ વ૦)નો છે અને તે માત્ર અલ્લાહ માટેજ કાયમ કીધો છે. હવે વિચારો કે મોત એ કેવા પ્રકારનું સાધન છે કે જેના વડે માલીક સાથે મેળાપ થાય છે.

યેહ અકામત હમેં પયગામે સફર દેતી હે,
ઝીંદગી મોતકે આનેકી ખબર દેતી હે!

મોતના ખ્યાલથી આખેરતની મહોબ્બત પેદા થાય છે.

નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબે ફર્માવ્યું કે કોઇને મરતો દેખી માણસ ઉંડો વિચાર કરે કે મારે પણ એક દિવસ મરવાનું છે અને તે સમય હવે નજીક છે, ત્યારે તેનું દિલ સંસાર ઉપરથી ઉઠી જાય અને આખેરત તરફ ચોંટે. આ લાગણી પેદા થયા પછી સંસારનાં ગમે તેવાં સુખ મળી આવે છતાં માણસ કદિ ગફલતમાં મશગુલ થાય નહીં. તેના ચીતમાં મોતની ચટક અને આખેરતની ફટક ઘર કરી જાય. કહ્યું છે કેઃ—

કીત્ને મુફ્લીસ હો ગયે, કીત્ને તવંગર હો ગયે,
ખાકમેં જબ મીલ ગયે, દોનું બરાબર હો ગયે!

હઝરત અનસ (ર૦ અ૦) સાહેબથી રિવાયત છે કેઃ—
"કફા બીલ મવતે મોઝહુદેન ફિદ્દુન્યા મોરગૂબન ફિલ આખેરતે." એટલે મોત વડે દુન્યામાં પરહેઝગારી પેદા થાય છે અને મોતજ આખેરત તરફ દિલ ફેરવે છે. ભાઇઓ ! જે વસ્તુથી આખેરતનો પ્રેમ પેદા થાય તે કેવી અજોડ વસ્તુ ગણાય ! ! આ કારણથીજ અલ્લાહવાળા મોતને આફત સમજતા નથી, પણ આવકારદાયક ગણે છે.

સમઝે બાઝીચએ હસ્તીકો જો હેં નકશે ફના
ખેલ લડકુંકા સમઝતે હેં, વો મરજાને કો.

ખરા ખોટાની પરખ મોતથી થાય છે.

નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબે ફર્માવ્યું કે આદમ જાત ઘુમંડ રાખે છે કે માલીકનો ખરો ભક્ત હું જ છું. આવું દરેકે દરેક માણસ ઘણે ભાગે ધારે છે, પણ જ્યારે કસોટીમાંથી પસાર થાય ત્યારે જ ખરા ખોટાની પરખ થાય. હઝરત રસુલુલ્લાહ (સ૦ અ૦ વ૦) સાહેબ ફર્માવે છે કે **"કાલલ્લાહો તઆલા એઝા અહબ્બા અબ્દી લેકાઇ અહબબતો લેકાઅહુ વ એઝા કરેહ લેકાઇ કરીહતો લેકાએહુ."**

એટલે અલ્લાહપાક ફરમાવે છે કે જ્યારે મારો બંદો મને મળવાનું પસંદ કરે છે તો હું પણ તેને મળવાનું પસંદ કરૂં છું. અને જ્યારે તે મને મળવા અણગમો જાહેર કરે છે ત્યારે હું પણ તેને મળવા અણગમો કરૂં છું. આ ફરમાનમાં મોત સંબંધી સુચના

કરવામાં આવી છે, અને જણાવ્યું છે કે જે બંદો—સખસ મોતથી બેજાર થાય, તે માલીકનો ખરો ભકત ગણાય નહિ. બલકે બંદા તરીકેના તેના ખોટા આડંબરની પરખ થઇ જાય.

જીવતાં જશ નહિં, જશ વિના નહિં જીવંત,
જશ લઇને જે ગયા, તે રવિ પહેલાં ઉગંત.

નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબે ફર્માવ્યું કે સંસારનો નિયમ છે કે કોઇ પ્રેમીને મળવું હોય તો એકાંત જગા શોધવી પડે છે. બીજા કોઇની હાજરી કે તેનું બોલવું ચાલવું પણ ગમતું નથી. માત્ર પોતાના પ્રેમી સિવાય બીજાની હાજરી કાંટા જેવી લાગે છે. આ તો સંસારના સાધારણ માણસની મુલાકાત સંબંધી વાત છે, પણ જ્યારે મહાન માલિક સાથે મુલાકાત કરવી હોય તો ઉપર જણાવ્યા કરતાં પણ વધુ એકાંત વાસ શોધવો પડે. વળી મહાન માલિકની અદબ જળવાય તેવો ખ્યાલ રાખવો પડે. મહાન માલિક સાથે આવી ખરા દિલની મુલાકાત કરતાં બીજી વસ્તુ વચમાં અંતરાય ન લાવે તેવો પરદો કરવાની પણ જરૂર છે. મહાન માલિકની ઝાત **"નુરસ્સ માવાતે વલઅર્દ"** છે. એટલે તે આસમાન ઝમીનનું નૂર છે. આવા પ્રતાપી નૂરને શરીરની ઇંદ્રિયો આંખ, કાન, હાથ વગેરે ઓળખી શકે નહિ, માટે તે ઇંદ્રિયોનો પણ પર્દો છે. નૂરની મુલાકાત તો રૂહ કરી શકે તે કારણથી મોત વખતે શરીરની ઇંદ્રિયોનો પણ પર્દો કરવામાં આવે છે. એટલે કે તે નિર્જીવ બનાવવામાં આવે છે. ભાઇઓ ! મોતમાં આવી ફીલસુફી સમાએલી છે એનો વિચાર કરવો જોઇએ !

જગત પડયું મુખ કાળને, કેડા મૅાર જનાર,
ઘંટીને થાળે પડયા, દાણા લોટ થનાર !

મોતનાં યાદીથી દીલ જીવતું થાય છે.

નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબે ફર્માવ્યું કેઃ– મોતની યાદિ ઘણી કરો, તેથી મુર્દા દિલ જીવતું થાય છે. મહાન પેગંબર (સ૦ અ૦) સાહેબ ફર્માવે છે કે "**અકસેરો ઝિકરલમવતે ફમા મીન અબ્દીન અકસર ઝિકરહૂ ઇલ્લા અહયલ્લાહો કલબાહુ વ હુવ્વત અલયહીલ મવત**" એટલે કે મોતની યાદિ ઘણી કરો. કારણ કે જે બંદો મોતને ઘણું યાદ કરે છે તેનું દિલ અલ્લાહપાક જીવતું કરે છે, અને તેના ઉપર મોત આસાન–સરળ થાય છે.

ભાઇઓ ! દિલ એવી વસ્તુ છે કે જેના ફિસાદ–બગડવાથી આખું શરીર બગડી જાય છે અને જેના સુધારાથી આખું શરીર સુધરે છે. જો દિલ જીવતું હોય તો માણસનું જીવન જીવતું સમજવું અને જો દિલ મુર્દા હોય તો જીવન મુર્દા–મરેલું સમજવું.

ઝીંદગી ઝીંદા દિલીકા નામ હૈ
મુર્દા દિલ ખાક જીયા કરતે હૈં !

મુર્દા દિલના માણસ માટે અલ્લાહપાક ફરમાવે છે કેઃ–"અમ્વાતુન ગયરો અહયા ઇંવ વમા યશ ઓરૂન અય્યાના યુબઅસુન". (સિપારા ૧૪. સુરએનહલ, રૂકુઅ ૨.)

એટલે કે તે મરેલા છે જીવતા નથી. એમને એ પણ ખબર નથી કે મર્યા બાદ જીવતું થવું છે કે નહિં ? અને જીવતા થશે તો કયારે ? (મોતની યાદિથી એ જીંદગી હાંસીલ થાય છે.)

ભાઇઓ ! આ ફરમાનો જોતાં તો જીવન સુખમાં ગાળવા માટે મોતની યાદિ તાજી રાખવી જોઇએ, અને મોત માટે હમેશાં એવો ખ્યાલ રાખવો જોઇએ કેઃ—

લાઇ હયાત આયે, કઝા લે ચલી ચલે !
અપની ખુશી ન આયે, ન અપની ખુશી ચલે !
દુન્યાને કીસકા રાહે ફનાસેં દીયા હે સાથ
તુમ ભી ચલે ચલો સુંહી, જબ તક ચલી ચલે !

મોતની તૈયારી હમેશાં રહેવી જોઇએ.

નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબે ફર્માવ્યું કે, હદીસોમાં ઘણી તાકીદ સાથે ફર્માવ્યું છે કે મોત માટે સવેળા તૈયાર થઇ રહેવું તથા મોત બાદ જે કામ લાગે તેવો સામાન તૈયાર કરવો. એક હદીસમાં આવ્યું છે કે **યા ઇખ્વાની લે મીસ્લે હાઝલ યવમ ફઆઇદ્દુ**—એટલે હે ભાઇઓ ! આ (મોત)ના દિવસ માટે તૈયારી કરી લો. વળી એક હદીસ શરીફમાં આવ્યું છે કે **ઇસ્તઇદ્દુ લીલ્મવતે કબ્લ નોઝુલીલ્મવૂતે** એટલે કે મોત આવતા પહેલાં મોતની તૈયારી કરી લો.

નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબે ફર્માવ્યું કે મરવા માટે તૈયારી કરી લો એનો અર્થ શો ? આ બાબતનો ખુલાસો બીજી એક હદીસમાં આવ્યો છે કે "મૂતુ કબ્લ અન્ત-મૂતુ" એટલે કે મરવા પહેલાં મરી જાવ.

ખાક શવ પેશ અઝીં કે ખાક શવી.

એટલે કે તું ધુળમાં મળી જાય તે પહેલાં ધુળ થઈ જા. આનું નામ મરવાની તૈયારી કહેવાય છે, જેનો ખુલાસો દાદા કાયમૂદીન ચીસ્તી (ર૦ અ૦) સાહેબે નુરે રોશનમાં જણાવ્યો છે. હાલ તો જાણે મરવુંજ ન હોય, તેમ આપણે અક્કડ ફક્કડ થઈ ફરીએ છીએ, પણ મોતનો વિચાર સરખાએ લાવતા નથી. જો માણસ જાણી લે કે:—

જેની ચાલે ધરતી ધ્રુજે, આભ ઉંડળમાં ભરતા,
જેની ફુંકે પર્વત ફાટે, તે નર દીઠા મરતા !

મોત કોને અપ્રિય લાગે છે ?

નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબે ફર્માવ્યું કે દરેકને મોત બુરૂં લાગે છે, મોત પાસે જવું ગમતું નથી. બલ્કે બીજાનું મોત પણ તેને બુરૂં લાગે છે. આનું શું કારણ ? કારણ માત્ર એજ કે બધું છોડવું પડે છે અને અહીંથી ગયા બાદ તેની શી હાલત થશે તે ફિકરમાં અહીંથી જવું પસંદ પડતું નથી, પણ જ્યારે ત્યારે એક

દિવસ જવાનું તો છેજ ! મોત પછી કરણીનો જરૂર બદલો મળશે, ગુન્હાની સજા થશે વગેરે બાબતો યાદ આવતાં માણસ જાત કંપી ઉઠે છે. જે સખસ માલીકનો પ્રેમ જીતવા દુન્યામાં કોશીશ કરતો હોય, તેને આવી ચિંતા રહેતીજ નથી. તે તો મોતને એક ખરા પૂલ સમાન સમજે છે કે જેના વડે સાચા માલિકની મુલાકાત કરી શકાય છે. આવા વીરલા પુરુષો ખુશીથી મોતને ભેટે છે અને દુન્યાની જાળમાં ફસાએલાઓને મોત અપ્રિત લાગે છે પણ તેથી શું વળવાનું ? કહ્યું છે કેઃ—

> અચ્છે દીન પીછે ગયે, હરસે કીયા ન હેત,
>
> અબ પછતાયે કયા બને જબ ચીડીયાં ચુગગઇ ખેત !

ઇમાનદારની પ્રિય વસ્તુ મોત ગણાય છે.

નામદાર પીરો મુર્શીદ મૌલાના મોટામીયાં સાહેબે ફર્માવ્યું કે મોત એ ઇમાનદારની વહાલી વસ્તુ હોવી જોઇએ. સાચા મુસલમાનની ઓળખ એજ છે કે તે મોતથી કદિ ડરતો ન હોય. મહાન પેગંબર (સ૦ અ૦ વ૦) સાહેબ ફર્માવે છે કે—"અલમવ્તો રૈહાનતુલમુઅમીન" એટલે કે ઇમાનદાર બંદાની ખુશબો મોત છે. જેમ આદમઝાત ખુશબોથી ખુશ થાય છે અને તેને શોધી શોધીને સુંઘે છે તેમ ઇમાનદાર માટે પણ મોત આવીજ સુગંધીદાર—પ્રીય વસ્તુ છે.

હઝરત રસુલુલ્લાહ (સ૦ અ૦ વ૦) સાહેબ ફર્માવે છે કે **ઇન્ હકીકત વસીયતી ફલા યકુનન્ના શયઉન અહબ્બ એલયક મેનલ્‌મવ્તે** એટલે કે જો તમો મારી વસીયત યાદ રાખો તો તેમારે માટે મોતથી કોઈ વસ્તુ વધુ પ્રિય ન હોવી જોઇએ. એક સહાબીએ પ્રશ્ન કર્યો કે **યા રસુલલ્લાહે માલી લા ઓહીબ્બુ મવત,** એટલે કે યા રસુલલ્લાહ ! મને શું થઇ ગયું છે કે મોત મને સારૂં લાગતું નથી ? આપ (સ૦ અ૦ વ૦) સાહેબે ફર્માવ્યું કે તારી પાસે કાંઇ માલ છે ? (જો હોય તો) તેને આગળથી રવાના કરી દે, કારણ કે આદમી જ્યાં પોતાનો માલ હોય ત્યાં રહેવાનું પસંદ કરે છે. જો માલને આગળથી રવાના કરી દે તો પોતાને અહીંઆં રહેવું પસંદ પડે નહિ. તેને હમેશાં પોતાના માલ સાથે રહેવાનું પસંદ પડે છે. જો માલ પાછળ રહી જાય તો પોતે પણ તેની સાથે રહેવાને પસંદ કરશે.

માલ દોલતને કોણ સાથે લઈ ગયું છે ? જુઓ કઃ—

ચમનકે તખ્ત પર જીસદમ શહે ગુલકા તજમ્મુલ થા
હઝારૂં બુલબુલોંકી ફોજથી એક શોર થા ગુલ થા
જબ આયે દિન ખીઝાંકે કુછ ન થા જુઝ ખારે ગુલ્શનમેં
બતાતા બાગબાં રોરો, યહાં ગુંચા, યહાં ગુલ થા !

નામદાર પીરો મુર્શીદ મૌલાના મોઝામીયાં સાહેબે મોત સંબંધી ઉપદેશ પુરો કરતાં ફર્માવ્યું કે ખુદા કહે છે કે **ઇન્નલ્લાહા મ અસ્સાબેરીન** બેશક—અલ્લાહ સબરવાળાઓની સાથે છે. તો તે

ઇલાહી ફર્માનને તાબે થવું જોઇએ, અને આ વાયદામાં કેટલો ભેદ સમાએલો છે તે જોવું જોઇએ. એક શેઠ સાહુકાર આપણને કોઇ જાતનો વાયદો કરે તો આપણે તેના વાયદા ઉપર આનંદ માનીએ છીએ તો પછી આ તો મહાન માલિકનો વાયદો છે. તેના ઉપર તો પાકો ભરોંસો રાખવો જોઇએ અને સબુરીનાં ફળ મીઠાં છે તેનો સાક્ષાત્કાર કરવો જોઇએ. માલિક આપણને હીંમત અને ધીરજ આપે વધુ શું કહું ?

આયા હે જો યહાં વહાં જાનેકે વાસ્તે
રહેતા હે કોન દુન્યાં બસાનેકે વાસ્તે !

આએ હેં જો દુનિયાંમેં, વો સબ કુચ કરેંગેઃ
ઇસ જીનેકા અંજામ યેહી હે કે મરેંગે !

સમાપ્ત.

એકલબારાવાળા પીર શાહ કાયમુદ્દીન બાવા સાહેબની
અનુપમ કિતાબ

નુરે રોશન.

તસવ્વુફ-બ્રહ્મજ્ઞાન અને સલુકનો એક અખુટ ખજાનો.

હિંદુ મુસ્લિમ જોડાણની એક ઉમદા સાંકળ.
ખુદાને ઓળખવાનું એક ઉત્તમ સાધન.

માંગરોલની ગાદીવાળા પીરઝાદાઓના એક મહાન વડીલ પીર શાહ કાયમુદ્દીન બાવા સાહેબની કીતાબ **"નુરે રોશન"** જે રૂહાનીયતનો ખજાનો અને ખુદાઈ જ્ઞાનનો ભંડાર છે તેમાં જ્ઞાનની ઉંડી વાતો અને છુપા ભેદોનો સંગ્રહ છે. તે પીર સાહેબના મુરીદો ઘણીજ સાચવણથી રાખતા હતા અને કોઈને પણ આપતા નહોતા. હાલ તે કિતાબ મેળવી તેની ઉપર શરેહ લખી ગુજરાતીમાં બહાર પાડી છે. હિંદુ અને મુસલમાન બંનેને વાંચવા લાયક છે. ખાસ કરી હમે રૂહાનીના તરસ્યાઓ માટે તો આબેહયાતની ગરજ સારે છે. આ બત્રીસ પાનાનું દળદાર પુસ્તક છે. ગ્લેઝ કાગળ સોનેરી નામ સાથના પાકા પુંઠાની કીંમત ત્રણ રૂપીઆ. પોસ્ટેજ જુદું. નીચેને સરનામે લખો.

એડીટર—"ઝુલ્ફિકાર." હરીપુરા—સુરત.

ચાલુ જમાનાનો ભયંકર રોગ.

આ જમાનામાં કમજોર મગજ, કમજોર છાતી, કમજોર પાચન શકતી તથા કમજોર નસોવાળા ફીકાફચ માણસો સોએ પંચાણું ટકા જોવામાં આવે છે તેનું શુ કારણ છે તે જાણવું હોય અને તેમાંથી મુકત થવું હોય તો અમને આજને આજ એક પોસ્ટ કાર્ડ નીચલે સરનામે લખો એટલે અમે

હાલે-દિલ

નામની ચોપડી **તદન મફત** મોકલી આપીશું. સુસ્તી, ઉદાસી કિકાસ, ઝીણો તાવ, ખાંસી, હાંફણ, વાયુ, સાંધાઓમાં દરદ, ખરાબ સ્વપ્નાં, ધાતુનો બિગાડ, બળતરા, ઢીલાપણું, ગભરામણ, અમુંઝણ, બેચેની, ધ્રાસ્તી, ધડકણ, અંધારા, ચક્કર, મુરછા, છાતી બેસી થઈ જવી, હાથ પગ પાણી પાણી થઈ જવા, જીવ ઉંડો જતા રહેવો, વિગેરે જેવું કાંઈ પણ જણાય તો જરૂર આજને આજ અમને એક પોસ્ટ કાર્ડ લખી આ પુસ્તક મફત મંગાવી તે ભયંકર રોગથી વાકેફ થાઓ અને રાહત મેળવો. આવું પુસ્તક ગુજરાતીમાં આજ સુધી એકે બહાર પડયું નથી.

તદન મફત

લી૦ મેનેજર શ્રી નુતન ગુજરાત ફાર્મસી.

ઠે૦ હરીપુરા, મુ૦ સુરત.